
# સંવાદ



## શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

ઉધના-મગદલ્લા રોડ, સુરત

શૈક્ષણિક વર્ષ : 2017-18

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.
તાપી, પૂર્ણા, સરિત નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારે માસ રસાળ.
સરળ પ્રકૃતિના સૌ લોકો આનન્દી, અભિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગુકચ્છ મશહુર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય - ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નીશદિન કલકલ કરતી.
સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
રાનીપરજ ને કાળીપરજના ભાગીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં, ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.
અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટ્યું ગરવું ગુર્જરી-ગીત,
મુનશીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.
સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાનને અનંતની એ છે ઉજ્જવલ ઉદગાતા.
એનાં ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરવીશું સિદ્ધિની જયમાલા.
વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

**- શ્રી ભગવતીકુમાર શર્મા**

યુનિવર્સિટી ગીત સાંભળવા
માટે QR Code સ્કેન કરો.

# સંવાદ

# વાર્ષિક મુખપત્ર

## શૈક્ષણિક વર્ષ : 2017-2018

### પરામર્શક

ડૉ. આર. બી. પટેલ
એસો. પ્રોફેસર અને અધ્યક્ષ

### સંપાદક મંડળ

ડૉ. અમિતકુમાર આર. માલી
આસિસ્ટન્ટ પ્રોફેસર

| | |
|---|---|
| વળવી અમૃતભાઈ વસંતભાઈ | પ્રશિક્ષણાર્થી સેમેસ્ટર - IV |
| વ્યાસ ખ્યાતિબેન દિનેશભાઈ | પ્રશિક્ષણાર્થી સેમેસ્ટર- IV |
| પટેલ કલ્પેશભાઈ ઠાકોરભાઈ | પ્રશિક્ષણાર્થી સેમેસ્ટર - II |

### શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના-મગદલ્લા રોડ,
સુરત.-395007
education.vnsgu@yahoo.com
Phone : 0261 - 2203093 / 94

Re-Aceredited by NAAC with 'A' Grade

**VNSGU** VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

*Dr. Shivendra Gupta*
*Vice Chancellor*



## શુ ભે ચ્છા સં દે શ

શૈક્ષણિક સંસ્થાનું મુખપત્ર એ તેની પ્રવૃત્તિઓને ઉજાગર કરે છે. યુનિવર્સિટીનો શિક્ષણ વિભાગ 'સંવાદ' વાર્ષિક મુખપત્ર પ્રકાશિત કરવા જઈ રહયું છે તે જાણીને મને ખૂબ આનંદ થયો. ગત વર્ષથી 'સંવાદ' મુખપત્રને સંપૂર્ણપણે ઈ–મેગેઝીન સ્વરૂપે પ્રકાશિત કરવાની પરંપરા ચાલુ કરી છે તે આ વર્ષે પણ ચાલુ રાખી છે જે આધુનિક યુગને અનુરુપ સરાહનીય તેમજ અભિનંદનને પાત્ર છે.

'સંવાદ' ના માધ્યમથી શિક્ષણ વિભાગની શૈક્ષણિક–સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, તાલીમાર્થીઓ અને અધ્યાપકોની શૈક્ષણિક–સંશોધન સંબંધિત સિધ્ધિઓ તથા સર્જન સમાજ સમક્ષ પ્રસ્તુત થાય એ બાબત ઘણી જ મહત્વપૂર્ણ છે.

રાષ્ટ્ર નિર્માણમાં યોગ્ય ભૂમિકા ભજવી શકે તેવા સંનિષ્ઠ અધ્યાપકો, આચાર્યો, સંશોધકો અને શિક્ષકો રાષ્ટ્રને પ્રાપ્ત થાય તેવું ગુણવત્તાસભર શિક્ષણ તાલીમાર્થીઓને શિક્ષણ વિભાગ ધ્વારા પ્રદાન થાય છે તે આધુનિક યુગની તાતી જરૂરિયાત છે. અને આ જવાબદારી શિક્ષણ વિદ્યાશાખા સુપેરે પાર પાડે છે.

શિક્ષણ વિભાગનું વાર્ષિક મુખપત્ર 'સંવાદ' (ઈ–મેગેઝીન) તેના હેતુઓને સફળ કરે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

સ્થળ: સુરત
તા.૨૮–૦૩–૨૦૧૮

(ડૉ. શિવેન્દ્ર ગુપ્તા)
કુલપતિ

પ્રતિ,
ડૉ. આર. બી. પટેલ
વિભાગીય વડાશ્રી,
શિક્ષણ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

Udhna-Magdalla Road, SURAT - 395 007 (Gujarat) India Tel : +91-261-2227942
Fax : +91-261-2223078, E-mail : vc@vnsgu.ac.in, URL : www.vnsgu.ac.in

Re-Accredited by NAAC with 'A' Grade

**VNSGU** VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT



*Dr. Bhaskar M. Rawal*
*Pro-Vice-Chancellor*

## શુભેચ્છા સંદેશ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંચાલિત શિક્ષણ વિભાગ અનુસ્નાતક કક્ષાના તાલીમી શિક્ષકો તૈયાર કરે છે. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં તેનું વિશેષ યોગદાન છે. શિક્ષણ વિભાગમાં અધ્યાપકોનો પૂરો સ્ટાફ છે અને તે એમ.એડ્.ની સાથે એમ.ફીલ. અને પીએચ.ડી.ના અભ્યાસક્રમો ચલાવે છે. શિક્ષણ વિભાગ સંપૂર્ણ ભૌતિક સુવિધાયુકત છે. કમ્પ્યુટર લેબ અને સમૃધ્ધ લાયબ્રેરી છે. શિક્ષણ વિભાગના કાર્યનો પ્રારંભ રોજ મંગલ પ્રાર્થનાથી થાય છે. આ શિક્ષણ વિભાગ સંલગ્ન એક દાતા દ્વારા વિશાળ પ્રાર્થના હોલ છે, જે શિક્ષણની સાથે સંસ્કારપૂર્તિ કરે છે.

શિક્ષણ વિભાગમાં પ્રતિ વર્ષ સારા કાર્યક્રમો થાય છે. શિક્ષકોને પૂરતી તાલીમ મળે છે અને શિક્ષક તરીકે તાલીમાર્થીનું ઘડતર થાય છે. આ અનુસ્નાતક વિભાગ તેનું વાર્ષિક મુખપત્ર **'સંવાદ'** પ્રકાશિત કરી રહ્યું છે તેને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

26/03/18
(બી. એમ. રાવલ)
ઉપ કુલપતિ

ક્રમાંકઃપીવીસી/308/૨૦૧૮
તા. ૨૬–૩–૨૦૧૮

**પ્રતિઃ**

વડાશ્રી,
શિક્ષણ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત–૭.

Udhna-Magdalla Road, SURAT - 395 007 (Gujarat) India Tel : +91-261-2227406

# સંપાદકીય

શિક્ષણ વિભાગનું વર્ષ-2017-2018નું વાર્ષિક મુખપત્ર 'સંવાદ' આપની સમક્ષ મૂકતાં હર્ષ અનુભવીએ છીએ. સતત બીજા વર્ષે 'સંવાદ'ને ઈ-ફોર્મેટમાં રજૂ કરવાનો આનંદ સવિશેષ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો શિક્ષણ વિભાગ શિક્ષક પ્રશિક્ષણની તાલીમ આપતો અનુસ્નાતક કક્ષાનો વિભાગ છે. આ વિભાગ દ્વારા ભાવિ અધ્યાપકો, આચાર્યો, શિક્ષકો તથા શિક્ષણક્ષેત્રનાં સંશોધકોનું ઘડતર થાય છે. આ વિભાગમાં વ્યાવસાયિક તાલીમની સાથે સાથે સંસ્કાર સિંચન તથા સર્વાંગીણ વિકાસની તકો પણ પ્રશિક્ષણાર્થીઓને પ્રાપ્ત થાય છે. શિક્ષણની પ્રક્રિયામાં સહભાગી એવા વિભાગના પ્રશિક્ષણાર્થીઓ તથા અધ્યાપકોની સ્વરચિત તેમજ સંકલિત કૃતિઓનો સમાવેશ 'સંવાદ'માં થયો છે. 'સંવાદ'ના પ્રસ્તુત અંકમાં શિક્ષણ ક્ષેત્રે ઉપયોગી વેબસાઈટનો QR Code આપેલો છે. જેને મોબાઈલ દ્વારા સ્કેન કરી જે તે વેબસાઈટનો ઉપયોગ અધ્યાપકો, પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષણમાં રસ લેનાર કરી શકશે.

આ વાર્ષિક મુખપત્રને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આદરણીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના શુભેચ્છા સંદેશાઓએ વધુ ગૌરવવંતુ બનાવે છે. વિભાગના અધ્યક્ષશ્રી, અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીમિત્રોના સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. સંવાદના મુખપૃષ્ઠ માટે સુંદર ચિત્ર દોરી આપનાર પ્રશિક્ષણાર્થી પટેલ શેફાલી તેમજ 'સંવાદ' સર્જનની પ્રક્રિયામાં સતત સાથે રહેલા પ્રાધ્યાપક ડૉ. ભાવેશ મોદીનો અને ભાષાશુદ્ધિ કરી આપનાર શ્રી કિશોરભાઈ કાયસ્થનો આભાર.

- સંપાદકો

**ઈ-ફોર્મેટિંગ :** ડૉ. અમિતકુમાર આર. માલી, શ્રી અમૃત વળવી, શ્રી મિતેશ પટેલ, શ્રી હેમંત રાઠોડ.

**નોંધ :** આ અંકમાં છપાયેલ વિચારો/લેખ કે સર્જન જે તે લેખક/સર્જકને આધીન હોઈ સંપાદક મંડળ કે સંસ્થા તે માટે જવાબદાર નથી.

# વિભાગીય સુવાસ

શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ 2017-18નું વાર્ષિક મુખપત્ર સંવાદ સતત બીજા વર્ષે ઈ-ફોર્મેટમાં પ્રકાશિત કરતાં આનંદ અને ગૌરવ અનુભવું છું. NAAC દ્વારા A ગ્રેડ પ્રાપ્ત આપણી યુનિવર્સિટીના આ વિભાગનું કાર્યદર્શન નીચે પ્રમાણે છે.

- NCTE Regulation-2014 મુજબ એમ. એડ્. પ્રોગ્રામ માટે દ્વિવર્ષીય માળખાને અનુરૂપ ચાર સેમેસ્ટર માટે સેમેસ્ટર દીઠ સમાન ક્રેડીટ અને સમાન ગુણનો તેમજ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કાર્યના ઉમદા સમન્વયયુક્ત અભ્યાસક્રમ.
- યુનિવર્સિટી સહયોગથી વહીવટી, ટેકનિકલી તેમજ શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકથી માનવ સંસાધનમાં વૃદ્ધિ.
- દ્વિવર્ષીય એમ. એડ્. પ્રોગ્રામથી દેશભરમાં પ્રવેશની અછત વચ્ચે વિભાગમાં અભ્યાસ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા.
- એમ. એડ્.ના અભ્યાસ સાથે એક વિદ્યાર્થિની તથા ગત વર્ષના બે વિદ્યાર્થીઓએ GSET પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી. તેમજ ટીચીંગ આસિસ્ટન્ટ સારિકાબેન ચૌહાણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.
- એમ. એડ્. અભ્યાસક્રમ અંતર્ગત સેમિનાર, સામાજિક કાર્ય, યોગ, પ્રત્યાયન કૌશલ્ય, ICT, લાઈબ્રેરી વર્ક, રિસર્ચ પેપર વર્કશોપ, ચિંતનાત્મક લેખન, ઈન્ટર્નશિપ, તજજ્ઞીય પ્રવચનો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતોત્સવ, શૈક્ષણિક પ્રવાસના આયોજન દ્વારા સઘન તાલીમ.
- સંપૂર્ણ ભવન Wi-Fi સજ્જ, ઈન્ટરનેટ સુવિધા સાથે કોમ્પ્યુટર લેબ, સમૃદ્ધ લાયબ્રેરી.
- એમ. એડ્.ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક કક્ષાના સેમિનાર અને કોન્ફરન્સમાં ભાગ લઈ પેપર પ્રેઝન્ટેશન કર્યા.
- શિક્ષણના વિવિધ ક્ષેત્રો તથા આંતરવિદ્યાશાળાકીય સંશોધનના કાર્ય દરેક વિદ્યાર્થી કરે છે. જેના અંતે લઘુશોધ નિબંધ પ્રસ્તુત થાય છે.
- વિભાગના અધ્યાપકો દ્વારા વિવિધ સેમિનાર, કોન્ફરન્સમાં પેપર પ્રેઝન્ટેશન, પુસ્તકો પ્રકાશ તેમજ શિક્ષણના ક્ષેત્રમાં તજજ્ઞીય સેવાઓ.

સંવાદથી વિભાગીય સુવાસ ચારેય દિશામાં ફેલાશે એવી મને શ્રદ્ધા છે.

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
એસો. પ્રોફેસર અને અધ્યક્ષ
શિક્ષણ વિભાગ

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## શિક્ષણ વિભાગ પરિવાર

**ડૉ. રાજેન્દ્ર બી. પટેલ**
**એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ**

### અધ્યાપક વૃંદ

ડૉ. કીર્તિ ડી. માટલીવાલા
ડૉ. પ્રીતિબેન એમ. ચૌધરી
ડૉ. અમિતકુમાર આર. માલી
ડૉ. ભાવેશ એમ. મોદી
ડૉ. સારીકા આર. ચૌહાણ

### કર્મચારી ગણ

કુ. ભૂમિકાબેન એન. વાઘેલા (જુનિયર ક્લાર્ક)
શ્રી પ્રતિક બી. પટેલ (લેબ આસિસ્ટન્ટ)
શ્રી વિનય બી. ઉમરીગર (લાઈબ્રેરી આસિસ્ટન્ટ)
શ્રી દેવાનંદ એસ. શાહ (સેવક)
શ્રી તુષાર કે. પટેલ (સેવક)

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1 | સદ્ગુણોનું વાવેતર | ડૉ. રાજેન્દ્ર બી. પટેલ | 1 |
| 2 | Save Environment by Indian Spiritual Traditions | Dr.Kirti Matliwala | 2 |
| 3 | Socio-Emotional Problems of the Individuals with Special Educational Needs | Dr. Priti Chaudhari | 4 |
| 4 | MOOCમાં મેળવો સફળતા | ડૉ. અમિતકુમાર આર. માલી | 7 |
| 5 | શિક્ષક-પ્રશિક્ષણ ઝંખે છે, નૂતન અધ્યયન-અધ્યાપન વિચાર : ICT | ડૉ. ભાવેશ એમ. મોદી | 9 |
| 6 | Self-awareness: a key to success | Dr. Sarika Chauhan | 12 |
| 7 | હું શિક્ષક, શિક્ષક થાઉ તો ઘણું | પટેલ ભૂમિકા એમ. | 13 |
| 8 | શિક્ષણ મારો ધર્મ - શિક્ષણ મારો અધિકાર | પટેલ પ્રિયંકા બી. | 13 |
| 9 | સ્વરચિત - મુકતક, હાઈકુ | ટેલર મયુર આર. | 14 |
| 10 | આજનો મહારોગ - ઉતાવળ | વસાવા નીલમબેન આર. | 15 |
| 11 | શિક્ષણની સાર્થકતા | કડીવાલા મુનીશા એ. | 16 |
| 12 | દોસ્તી | ચૌધરી ધર્મેશ આર. | 19 |
| 13 | ખબર ન હતી | સુર્વે રજની જી. | 19 |
| 14 | જવાબદારી ક્યાં...? | પટેલ દિપનાબેન ડી. | 19 |
| 15 | સમાજ શિક્ષણનું મહત્ત્વ | ચૌહાણ દમયંતિબેન બી. | 19 |
| 16 | માનવીની જિંદગી | ઠાકોર ક્રિષ્ના એન. | 20 |
| 17 | બી.એડ્. કોલેજમાં ઈન્ટર્નશીપ : એક અદ્‌ભુત અનુભવ | વળવી અમૃત વી. | 21 |
| 18 | એક ક્ષણ | દેશમુખ હર્ષદા આર. | 22 |
| 19 | માતૃભાષામાં શિક્ષણ | રાઠોડ શીતલબેન એમ. | 23 |
| 20 | આજનો શિક્ષક | સુરતી અમિત બી. | 23 |
| 21 | ફુગાવો : સરળ સમજૂતી | ધકાણ આરતીબેન પી. | 24 |
| 22 | સોશિયલ નેટવર્કિંગ આધુનિક આશીર્વાદ | રાઠોડ હેમંતભાઈ એન. | 24 |
| 23 | પુસ્તકો- માનવીના સાચા મિત્રો | પટેલ માર્ગીબેન આર. | 25 |
| 24 | માંગું છું | ભંડારી નીકી બી. | 27 |
| 25 | ચિત્ર | પટેલ શેફાલી બી. | 27 |
| 26 | માતાની મમતા | મૈસુરિયા દિવ્યાંગીની એમ. | 27 |
| 27 | પશ્ચિમી શિક્ષણ અને સમાજનું અનુકરણ | પટેલ મિતેષકુમાર એચ. | 28 |
| 28 | પર્સનાલિટી ડેવલપમેન્ટમાં વિચારમંથન | વ્યાસ ખ્યાતિબેન ડી. | 29 |
| 29 | ચિત્ર | પટેલ શેફાલી બી. | 30 |
| 30 | શિક્ષકે વિકસાવવા જેવી કળા-વાંચન ટેવ | ગામીત રીપકાબેન કે. | 31 |
| 31 | મૂલ્ય શિક્ષણ : ૨૧મી સદીની વધતી જતી માંગ | પટેલ ખુશ્બુ ડી. | 31 |
| 32 | પુસ્તકાલય એટલે શું ? | પટેલ ધર્મેન્દ્ર પી. | 32 |

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 33 | પતંગિયું | ચૌધરી સમિતા કે. | 33 |
| 34 | उम्मीदें | पाडवी अनुराधा ए. | 33 |
| 35 | યોગ | પટેલ કલ્પેશભાઈ ટી. | 33 |
| 36 | એક નજર | ગામીત અનિતાબેન બી. | 35 |
| 37 | મારા મનની વાત | પટેલ જીજ્ઞાશાબેન કે. | 35 |
| 38 | ચિત્ર | પટેલ શેફાલી બી. | 36 |
| 39 | For Teachers | શાહ પીનાબેન યુ. | 36 |
| 40 | તુમ્હે માંગેંગે ખુદા સે | શેખ તઝીનાબાનુ એમ. | 36 |
| 41 | મને વિકસવા દો ! | પટેલ કલ્પનાબેન આર. | 37 |
| 42 | પ્રેમ... | સોનટક્કે પ્રિયંકા વાય. | 37 |
| 43 | महिला साक्षरता | राइ रूचि ए. | 38 |
| 44 | રત્નકણિકા | પટેલ રવિના એફ. | 40 |
| 45 | આજનું શિક્ષણ | ખાલીફા સાલેહાબાનુ એ. | 40 |
| 46 | અભિમાન | ગામીત પ્રીતિબેન આર. | 41 |
| 47 | બચપન | પટેલ કરિશ્મા એ. | 41 |
| 48 | વાદળનો રંગ | પટેલ સ્નેહલ એ. | 41 |
| 49 | માત-પિતા | પટેલ પૂર્ણિમાબેન આર. | 42 |
| 50 | મઝા જિંદગી છે હસો ને હસાવો | પટેલ શ્વેતા એન. | 42 |
| 51 | યુવાન અને યુવાની | પટેલ ઉર્વી બી. | 43 |
| 52 | ચિત્ર | પટેલ શેફાલી બી. | 44 |
| 53 | શૈક્ષણિક વર્ષ- 2017-18માં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ | | 45 |
| 54 | શિક્ષણ વિભાગનો પરિવાર | | 50 |
| 55 | શિક્ષણ વિભાગનું ગૌરવ | | 51 |
| 56 | વિભાગીય સહઅભ્યાસક પ્રવૃત્તિઓની જવાબદારીની વહેંચણી | | 52 |
| 57 | શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી પ્રમુખ પ્રવૃત્તિઓ | | 53 |
| 58 | શિક્ષણ માટે ઉપયોગી ડિજિટલ સ્ત્રોતોનાં QR Code | | 54 |
| 59 | પ્રશિક્ષણાર્થીઓની માહિતી-2017-18 | | 57 |

# સદ્‌ગુણોનું વાવેતર

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
એસો. પ્રોફેસર અને અધ્યક્ષ

"મનુષ્ય સામાજિક પ્રાણી છે"-એવું એરિસ્ટોટલ કહે છે કારણ તે સમાજમાં રહીને જીવન જીવે છે. સામાજિક ધારાધોરણો દ્વારા તેના આચાર વર્તનો ઘડાય છે. મનુષ્યની સહજતા એ છે કે એ ક્યાંક પણ હોય ગુચવણો ધરાવે છે તેમજ ઊભી કરે છે. જીવનનો મોટો ભાગ બીજાના ગુણદોષો જોવામાં વિતાવે છે. ગુણો કરતાં વિશેષ બીજાના દુર્ગુણોમાં રસ વધારે રાખે છે જેની સાથે પોતાને જોવાનું ચૂકી જાય છે. સ્વદર્શનનો ખ્યાલ તેને બિલકુલ રહેતો નથી. અહીં તારીખ ૨૯ એપ્રિલ ૨૦૧૮ના 'દિવ્ય ભાસ્કર'ની રસરંગ પૂર્તિના પાના નંબર ૮ પર પ્રસિધ્ધ બોધકથાને સાભાર રજૂ કરવા મારી જાતને રોકી શકતો નથી.

એક ગુરુ પોતાના એક શિષ્યની સેવાભાવનાથી ખૂબ ખુશ હતા. પેલા શિષ્યનો અભ્યાસ પૂર્ણ થતાં વિદાય આપતી વખતે ગુરુએ આશીર્વાદની સાથે એક દર્પણ ભેટમાં આપ્યું. આ દર્પણની વિશેષતા એ હતી કે તેમાં વ્યક્તિના મનના ભાવ જોવા મળતા.

શિષ્ય દર્પણની ભેટ મળતાં ખુશ થયો. તેણે પોતાના મિત્રો અને સંબંધીઓની સામે દર્પણ રાખીને તેમની પરીક્ષા કરી. શિષ્યને બધામાં કોઈ ને કોઈ દુર્ગુણ જોવા મળ્યો. તેણે પોતાનાં માતા-પિતા સામે પણ દર્પણ ધરીને પરીક્ષા લીધી. તેમનામાં પણ દુર્ગુણો જોવા મળ્યા. તે બહુ દુ:ખી થયો અને પાછો ગુરુકૂળ ગયો. તેણે ગુરુજીને જઈને કહ્યું કે આ દર્પણથી મને જોવા મળ્યું કે બધાના મનમાં કંઈક ને કંઈક ખરાબી જોવા મળે જ છે. ત્યારે ગુરુએ દર્પણ શિષ્યની સામે ધરી દીધું. શિષ્યે દર્પણમાં જોયું કે તેના મનમાં અહંકાર, ક્રોધ જેવી ખરાબીઓ હતી. શિષ્ય ટાઢો પડી ગયો. ગુરુએ તેને સમજાવ્યું કે આ દર્પણ મેં તને તારી પોતાની ખરાબી કે દુર્ગુણ જોવા માટે આપ્યું હતું, અન્યોની નહીં. તેં જેટલો સમય બીજાની ખરાબીઓ જોવામાં વેડફ્યો એટલો સમય ખુદને સુધારવામાં વિતાવ્યો હોત તો અત્યાર સુધીમાં તારું વ્યક્તિત્ત્વ બદલાઈ ગયું હોત.

બોધકથા સ્પષ્ટ કરે છે કે મનુષ્ય પોતાના વર્તન વ્યવહારના સ્વદર્શનની રૂચિ રાખે તો લગભગ પોતાનું વ્યક્તિત્ત્વ બદલી નાખવા સમર્થ બની જાય છે. મનુષ્ય હંમેશા પોતાના જીવનમાં સદ્‌ગુણોનું વાવેતર કરી સહ વ્યક્તિ તરીકેનું સફળ પ્રાપ્ત કરે.

# SAVE ENVIRONMENT BY INDIAN SPIRITUAL TRADITIONS

Dr.Kirti Matliwala
Associate Professor

**Introduction**

There is a need of the people to have the right attitude towards the environment. We are facing major obstructions to save the environment. We know that climate change, greenhouse effect, and global warming are regarded as the most debated environment issue of all times. This century is the warmest in the history of the world. There are abundant gases in the atmosphere such as methane ($CH_4$), Sulphur hexafluoride ($SF_4$), and Carbon dioxide ($CO_2$). Due to these gases greenhouse effect occurs. This effect is referred to as the heating up of the atmosphere by the infrared radiation captured by the atmosphere. We are in a situation where we have to think about the environment. Schopenhauer (1851) describes religion as the most effective weapon against humanities' ignorance. Can religion be useful to solve the problem? The question is what role has religion played or what contribution has religion made to save the environment.

**Questions to Think**

When we think about spiritual tradition and environment some questions do arise in our mind such as:

- Are we considered ourselves superior to other living being based on how we treat the environment?
- Do we believe that the environment should be protected?
- Is spiritual belief helpful to cultivate awareness to save the environment?
- How can religion be integrated with the environment?

All the religions have traditionally expressed some ethical concern for the environment. They proposed some ethical responsibilities on the human being. Through Religion we can understand the religious value of the Earth and religious obligations to care for it. Greed and destructiveness are condemned. Restraint and protection are affirmed by religious traditions. Nowadays traditional religious attitudes toward nature have largely disappeared in modern societies. We should think again about significance of religion to save the environment. Indians follow some spiritual traditions based on Hinduism so to protect our environment we should understand those traditions.

**Indian spiritual tradition based on Hinduism**

We should understand spiritual tradition of Hinduism first. Hinduism is very concerned with the relationship between humanity and the environment. It teaches that resources in the world become scarce because we use them for their own ends. We should use the resources unselfishly in order to maintain the natural balance. Bhagavad Gita says that the gods will give you the food of your desire. Who so enjoys their gift, yet gives nothing, is a thief, no more any less.

According to the Hinduism trees should be treated with great respect because it is the most important type of plant life and, like all living things, it has an atman (soul). If there are trees with leaves, flowers and fruit within a village, that place is worthy of our respect. Hinduism commands us as following.

1. Rig Veda (6:48:17) says "Do not cut trees because they remove pollution."
2. Yajur Veda (5:43) appeals "Do not disturb the sky and do not pollute the atmosphere."
3. Atharva Veda (12:1:27) says "We invoke all supporting Earth on which trees, lords of forests, stand ever firm."
4. According to Virat Parrva (5.45-46) "Don't destroy forest with tigers and don't make forest devoid of tigers. Forests can't be saved without tigers and tigers can't live without forests because forests protect tigers and tigers protect forests."
5. According to ShantiParva "It brings great sin if fire is not offered purifying material ( havan); if trees are cut down on auspicious days , if human waste , spit and cough etc. are dropped in water."
6. Atharva Veda Bhumi Sukta says "The Earth is our mother and we are all her children"

By following these commands India has lived on, in spite of hundreds of years of persecution, in spite of nearly a thousand years of foreign rule and foreign oppression. India still lives and holds onto the treasure house of religion and spirituality.

**Important spiritual teachings on the environment in Hinduism**

**1. Pancha Mahabhutas create our body and it is interconnected with the cosmos.**

Pancha Mahabhutas means five great elements space, air, fire, water and earth. They constitute the environment are all derived from prakriti. Each of these elements has its own life and form. Together they are interconnected and interdependent. Hinduism recognizes that the human body is composed of and related to these five elements, nature and the environment are not outside our body, not alien or hostile to us. They are an inseparable part of our existence, and they constitute our very bodies.

**2. To protect the environment is part of our Dharma.**

Dharma has been translated into English as duty, virtue, and cosmic order. In Hinduism, protecting the environment is important expression of dharma. Religion, ecology and ethics are not separate arenas of life but they are part of our dharma to treat creation with respect.

**3. Our environmental actions affect our karma.**

Karma holds that each of our actions creates consequences which are good or bad. If our behavior is moral it creates good karma. According to our behavior we built our karma, we have free choice, even though we may have harmed the environment in the past, we can choose to protect the environment in the future, replacing environmentally destructive karmic patterns with good ones.

**4. The earth is our mother and deserves our devotion and protection.**

We get benefit from the earth so we should offer gratitude and protection in response. We should touch the floor before getting out of bed every morning and ask our mother "earth" to forgive us for trampling on her body. We have to make clean and beautiful our earth.

**5. Asceticism represents a path to liberation and is good for the earth.**

Hinduism teaches asceticism means restraint in consumption and simplicity in living. It represents a pathway toward liberation, which treats the earth with respect. A well-known Hindu teaching -- *Tain tyakten bhunjitha* -- has been translated, "Take what you need for your sustenance without a sense of entitlement or ownership."

**Conclusion**

Hinduism demonstrates an ecological awareness and great respect for the natural world. It is replete with spiritual references to mother earth. The Atharva Veda, devoted to praises of mother earth contains 63 verses embodying the sentiments of Hindu visionaries regarding the dependence of humans on mother earth. The Hindu vision of dharma involves the idea that human beings must accept certain limitations on their desires so that the natural order can be preserved. It prescribes a devout and frugal lifestyle that has inspired and may be expected to continue to inspire ecologically supportive lives in which wasteful consumption is eliminated. We emphasis on the spiritual dimension, which is lacking in our modern approaches and attitudes to all issues connected with environment. Our present environmental crisis is in essence a spiritual crisis, so to solve the present problems we should think and remove spiritual crisis.

**References**

Essays, UK. (November 2013). Can Religion Contribute To Protection Of Natural Environment Religion Essay. Retrieved from https://www.ukessays.com/essays/religion/can-religion-contribute-to-protection-of-natural-environment-religion-essay.php?cref=1 on 20 April 2018

Jain,P (2011) 10 Hindu Environmental Teachings. Retrieved from http://www.huffingtonpost.in/entry/10-hindu-environmental-te_b_846245 on 22 April 2018

Saxena , R. ( 2013) hiduism, christiniaty and islam: all say- save environment. Retrieved from https://rakeshsaxena54.wordpress.com/2013/09/18/hiduism-christiniaty-and-islam-all-say-save-environment/ on 26 April 2018

Schopenhauer (1851) The Maxist theory of Religion Retrieved from http://www.marxists.org/reference/subject/philosophy/works/ge/schopenh.htm on 8 May 2018

Tripurari, B.V.( 1995) Ancient Wisdom for Modern Ignorance. USA: Mandala Publishing

# Socio-Emotional Problems of the Individuals with Special Educational Needs

Dr. Priti Chaudhari
Associate Professor

**Abstract**

In a country like ours, the systems and convenience are generally designed to meet the needs of the normal persons only. Our telephones, transport, banking systems and even elevators are not designed to be used by the people with physical problems independently. Whereas in the developed countries, the systems have been designed keeping in mind the needs of the individuals with Special Educational Needs (SEN). For example, the lifts in public places in advanced countries have switches that are marked with Braille for the convenience of the people having visual impairment. The public buses have steps which can be lowered so that even persons on wheel chair can enter. There are special telephones available for individuals with hearing problems. Thus, the system not designed according to the needs of the individuals with SEN cause difficulties when they use these systems. This makes daily living of these people more strenuous. They encounter anxiety, fear, isolation and trauma caused by their problems or society or by both. A person's with SENs, role, status and behaviour in society is very much influenced by interpersonal behaviour, impression formation, liking etc. shown by other members of the society. The sympathetic responses, the negative or hostile reactions or indifferences in behaviour shown by others influence the attitude of handicapped persons towards the society. This results in the form of withdrawal, maladjustment and non participation in the social world. A physical problem leads to other problems only when the individual accepts it as a condition of inadequacy. The problems of individuals with SEN, mainly physical and visual are more due to learned helplessness reinforced by the individual and social factors. Indeed organ inferiority is not a barrier to realizing the potentials of an individual. The individual and the society should learn to accept the organ inferiority as one of the several individual differences seen among people. The inferiority should be accepted in proper perspective. Individuals with SEN have the same social and emotional needs as normal individuals. Individuals with SEN face a number of problems because of their physical problems, other's reactions to their physical problem and faulty attitudes of family and society in general.

**Introduction:**

In a country like ours, the systems and convenience are generally designed to meet the needs of the normal persons only. Our telephones, transport, banking systems and even elevators are not designed to be used by the handicapped independently. Whereas in the developed countries, the systems have been designed keeping in mind the needs of the individuals with Special Educational Needs (SEN). For example, the lifts in public places in advanced countries have switches that are marked with Braille for the convenience of the people having visual impairment. The public buses have steps which can be lowered so that even persons on wheel chair can enter. There are special telephones available for individuals with hearing handicap. Thus, the system not designed according to the needs of the individuals with SEN cause difficulties when they use these systems. This makes daily living of the individuals with SEN more strenuous. They encounter anxiety, fear, isolation and trauma caused by their handicap or society or by both. A person's with SENs, role, status and behaviour in society is very much influenced by interpersonal behaviour, impression formation, liking etc. shown by other members of the society. The sympathetic responses, the negative or hostile reactions or indifferences in behaviour shown by others influence the attitude of persons with SEN towards the society. This results in the form of withdrawal, maladjustment and non participation in the social world.

**Socio-emotional problems of individuals with Special Educational Needs:**

Following are some of the problems found in the individual with SEN:

- Stigmatization and Withdrawal: Because of the stigma attached to the physical problem of any kind, the individuals with SEN are not accepted by the society and people try to see their physical problems instead of abilities. As a result of this, individuals with SEN withdraw and remain isolated from the rest of the community. Degrees of stigma vary from place to place. In India social stigma is more as compared to developed countries. This attitude acts as a barrier in their integration into society. The withdrawal problem of individuals with mental problem is also caused by the pathetic or mostly hostile attitude of society towards them which magnifies their problem and even threatens their freedom and existence. A change of social outlook towards other individuals with SEN is still neglected

and ignored and is still doomed to life of segregation and frustration. They continue to be rejected and isolated by the society.

- Emotional problems: The physical hazards may lead to insecurity and emotional disturbances. The effect of this is more if as a child, they encounter negative experiences in the home, school and community. Because the visibility of the defect attracts contemptuous attention, individuals with SEN try to hide their physical problem. It is for this reason people often resist the use of walking stick, crutches, eye glasses and hearing aids even if it leads to functional impairment. Attempts to hide the defect are sometimes made by parents who do not wish their children to be exposed to such behaviour of others or are ashamed of their deformed offspring. This leads to embarrassment for the individuals with SEN, which often leads to emotional trauma. Some of the psychosomatic complaints include insomnia, reduced appetite, gradual loss of interest in life, negative attitude towards self and family, insecurity, anxiety and emotional instability.
- Problems in Interpersonal relations and Social adjustment: The atmosphere of continued frustration and rejections in the home leads to serious maladjustment. A child with SEN may become bone of connection between father and mother who may frequently blame each other for the short comings. The disharmony between the parents and reluctance on the part of brothers and sisters towards individuals with SEN make the individual's feeling of rejection more acute.
- Communication Problems: Major problem found among individuals with hearing problem is of communication and the consequences of this problem are many. It leads to the problem of socialization and discipline. Picking wayside flowers is acceptable while picking one's neighbour's flowers is unacceptable. The difference is subtle difficult to explain but can be crucial. Students with hearing problem, in their early years, are more likely to experiences frustrations due to not understanding or not being understood, due to which they often show temper-tantrums.
- Negative Self-Concept: Self-concept denotes an individual's evaluation of his/her worth and limitations in all those aspects of which s/he is aware of. To feel that life is worth living the individual should have a positive concept about his/her self. It is natural that an individual with SEN will have feelings of inadequacy due to his or her problem. If the teachers and parents are only concentrating on his or her problem by making comments such as "you can't do this", "It is not possible for you to achieve" etc. the individuals will develop lack of confidence and a negative self-concept.
- Behavioural Problems: Because of the faulty attitudes such as rejection, overprotection and over expectation of parents and society, individuals with SEN develop lot of emotional and behavioural problems such as aggression, head banging, temper-tantrums etc. Individuals with mental problem are reacted to much more unfavourably than individuals with physical or visual problem. Parents and teacher should try to create a more favourable attitude i.e. an attitude of acceptance and non segregations of the individual with SEN. Without an appropriate attitude i.e. an attitude on the part of the society it is difficult for the parents to bring up children with SEN and more difficult to allow adults to live in the society, enjoy as much independence as possible and work according to their actual capacities.
- Problems in Employment: Individuals with physical problems and other chronic health problems can enter occupations commensurate with their abilities. When adequate measures are taken to protect them, and those with whom they work from possible hazards arising from their physical problem, they can contribute productively. Individuals with SEN are discriminated against in getting the employment. This attitude blocks the entry of individuals with SEN in the employment markets. This also leads to lot of emotional problems.

**Role of Parents and Teachers:**

The individuals with SEN should be encouraged to accept their limitations without succumbing to them. Parents and teachers should encourage play, talk and free imagination. Play is one of the most powerful means of socialization. The persons with SEN do posses potentials for development as a fully independent individual. Parents and teachers should create and provide conditions for creative development of the persons with SEN and foster their creative being. Parents should accept the child's problem. Parents unconsciously tend to reject or punish their children with SEN or develop over sympathy. Both rejection and over protection have negative effect on the integrated personality of the children. Emotional problems should not be tackled by force or punishment. The emotional relationship between parents, their social behaviour with the child as well as behaviour with other family members form as models for child's social behaviour. Quarrelsome and hostile parents, inculcate aggressive and hostile behaviour among children. Emotionally unstable parents provide an 'insecure base' for children that leads to poor adjustment. So both parents and teachers should provide the supportive environment at home and school for the

development of individuals with SEN.

**Conclusion:**

A physical problem leads to problems only when the individual accepts it as a condition of inadequacy. The problems of individuals with SEN, mainly physical and visual are more due to learned helplessness reinforced by the individual and social factors. Indeed organ inferiority is not a barrier to realizing the potentials of an individual. The individual and the society should learn to accept the organ inferiority as one of the several individual differences seen among people. The inferiority should be accepted in proper perspective. Individuals with SEN have the same social and emotional needs as normal individuals. Individuals with SEN face a number of problems because of their physical problems, other's reactions to their physical problem and faulty attitudes of family and society in general. So parents, teachers and society should provide the supportive environment at home and school for the development of individuals with SEN.

**References:**

Bennett, C.D. (1993). Professional Helping and Assisting Students in Education.(Education dissertation, Illinois State University, 1993).Dissertation Abstracts International, 55 (1).

Chireshe, R. (2006). An Assessement of the Effectiveness of School Guidance and Counselling Services in Zimbabwean Secondary Schools.(Unpublished Ph.D thesis).University of South Africa. Retrieved from: http://www.krepulishers.com/...Chireshe.../JSS-29-101-11-1236-Chires

Hays, E. R. (2002). The Impact of A Developmental Classroom Guidance Programme On Fifth Grade students Perception Of Academic, Social, Personal and Emotional well Being. (Doctoral dissertation, University Of South Carolina, 2002).Dissertation Abstract International, 64(1).

Jones, A.J. (1963). Principles of Guidance. U.S.A: McGraw Hill Book Company.

Kochher, S. K. (1984). Educational and Vocational Guidance in Secondary Levels. New Delhi: Sterling Publishers.

Ministry of Human Resource and Development (1986). National Policy on Education. New Delhi: Govt. Of India.

Mishra, R. (2013). A study on Guidance programme in Secondary schools of Vadodara city. (Unpublished M.Ed. dissertation). CASE. The M. S. University of Baroda, Vadodara.

Stoops, E. E., & Wahlquist, G. L. (1958). Principles and Practices in Guidance. U.S.A: McGraw Hill Book Company

Tripathi, R. H. (1986). Determination of various guidance needs of the pupils of secondary and higher secondary schools. ( UnpulishedPh.D thesis). In M. B. Buch (Ed.).Fourth Survey of Research in Education. New Delhi: NCERT.



# MOOCમાં મેળવો સફળતા

ડૉ. અમિતકુમાર આર. માલી
આસિસ્ટન્ટ પ્રોફેસર

વર્ષ 2001માં અમેરિકાની પ્રખ્યાત મેસેચ્યુસેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ પોતાના કેટલાક અભ્યાસક્રમ ઈન્ટરનેટ પર સહુ કોઈના માટે નિઃશુલ્ક મુક્યા. ઉત્તમ ગુણવત્તા સભર શિક્ષણ સામગ્રી ધરાવતા આ અભ્યાસક્રમને વ્યાપક આવકાર મળ્યો અને આમ ઓપન કોર્સવેર (OCW)ની ચળવળનો આરંભ થયો. ત્યાર બાદ દુનિયાની ઘણી બધી ખ્યાતનામ યુનિવર્સિટીઓ તેમાં જોડાઈ. આ પ્રકારે ઈન્ટરનેટ પર ભણવાની સુવિધા આપતા કોર્સ માટે વર્ષ 2008માં ડેવ કોર્મીઅરે એક શબ્દ આપ્યો MOOC. મેસીવ ઓપન ઓનલાઈન કોર્સ (Massive Open Online Course)નું ટૂંકાક્ષરી છે MOOC. ઉત્તમ ગુણવત્તાયુક્ત શિક્ષણ સામગ્રી, વિશ્વ વિખ્યાત યુનિવર્સિટીની માન્યતા, નિઃશુલ્ક અભ્યાસ, ઉમરનો કોઈ બાધ નહિ, પ્રવેશ માટે લઘુત્તમ શૈક્ષણિક યોગ્યતાની જરૂરિયાત નહી અને પોતના અનુકુળ સ્થળે તથા સમયે અભ્યાસ કરવાની સુવિધા જેવી ખાસીયતોના કારણે MOOC ખુબ જ ટૂંકા ગાળામાં પ્રચલિત બન્યા.

દુનિયાના અન્ય દેશોની જેમ જ ભારતમાં પણ MOOCનો સ્વીકાર થયો. ભારતની ખ્યાતનામ આઈ.આઈ.ટી. જેવી કે, કાનપુર, મુંબઈ અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ દ્વારા યોજાયેલ વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયક MOOC ખૂબ જ અસરકારક નીવડ્યા. ત્યાર બાદ ભારત સરકારે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પોતાના MOOC અમલમાં મૂકી શકે તે માટે SWAYAM કાર્યક્રમ અમલમાં મુક્યો જેની વેબસાઈટ https://swayam.gov.in દ્વારા એન્જિનિયરિંગ, વિજ્ઞાન, ગણિત, શિક્ષણ, વિનયન, વાણિજ્ય જેવી વિદ્યાશાખાઓના અનેક કોર્સ આજે ઉપલબ્ધ બન્યા છે. SWAYAMમાં MOOC દ્વારા થતા અભ્યાસને યુ.જી.સી. એ Credit Framework for Online Learning Courses through SWAYAM Regulation, 2016. દ્વારા વૈધતા પ્રદાન કરી. આ ઉપરાંત દેશ ભરના બિનતાલીમી શિક્ષકો માટે D.El.Ed.નો અભ્યાસક્રમ MOOC સ્વરૂપે ફરજીયાત પૂર્ણ કરવાના માનવ સંસાધન મંત્રાલયના નિર્ણયથી MOOCને સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું. યુ.જી.સી. દ્વારા ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપકો માટે MOOC દ્વારા મેળવેલ તાલીમનો પણ સ્વીકાર કરવાની વિચારણા ચાલી રહી છે ત્યારે MOOC ફક્ત જ્ઞાની ભૂખ જ ન સંતોષતા એક અગત્યની વ્યાવસાયિક યોગ્યતા પણ બની રહેશે.

MOOCએ પરંપરાગત ચાલતા અભ્યાસક્રમોનું ઓનલાઈન સ્વરૂપ છે. MOOCમાં અભ્યાસ કરનારાઓની સંખ્યા ખૂબ જ વિશાળ હોય છે. કેટલાક MOOC માં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. પરંપરાગત અભ્યાસક્રમની જેમ જ તેમાં અભ્યાસ કરવા રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. MOOCમાં કોઈ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત હોતી નથી, પરંતુ દરેક MOOC માટે જરૂરી પૂર્વજ્ઞાન નક્કી કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીને અભ્યાસ કરવો સરળ રહે. ઈન્ટરનેટની સુવિધા ધરાવતો દુનિયાનો કોઈ પણ વ્યક્તિ (સ્થળ, ઉમર, જાતીયતા જેવા બાધ વિના) MOOCમાં પ્રવેશ મેળવી શકે છે. MOOCમાં રજુ થતી શૈક્ષણિક સામગ્રી મોટાભાગે મુક્ત શૈક્ષણિક સ્રોતો (OER) છે. તજજ્ઞ અધ્યાપકોના વિડીયો એ મુખ્ય શૈક્ષણિક સામગ્રી છે જેના દ્વારા વિદ્યાર્થીએ અધ્યયન કરવાનું હોય છે. કેટલીક શૈક્ષણિક સામગ્રી વાચન માટે લેખિત સ્વરૂપે (મોટાભાગે PDF સ્વરૂપે ) પણ મળે છે. ઈન્ટરનેટની વિવિધ વેબસાઈટનો સંદર્ભ પણ આપવામાં આવે છે જેના દ્વારા વિદ્યાર્થી ગહન અભ્યાસ કરી શકે. આ ઉપરાંત ઓનલાઈન ડિસ્કશન, લાઈવ વિડીયો લેકચર, સોશિયલ મીડિયાનાં માધ્યમથી શિક્ષકો તથા સાથી વિદ્યાર્થીઓ સાથેનું પ્રત્યાયન અત્યંત અગત્યનું હોય છે. અભ્યાસ દરમિયાન તથા અંતે વિવિધ ઓનલાઈન ક્વીઝ,

ઓનલાઈન સબમિટ થતા એસાઈન્મેન્ટ, સમૂહ ચર્ચામાં સક્રિય ભાગીદારી, પ્રોજેક્ટ વગેરે સ્વરૂપે મૂલ્યાંકન થાય છે અને માર્કશીટ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થાય છે. MOOC સમયગાળાની દૃષ્ટીએ બે પ્રકારના હોય છે. કેટલાક MOOC નિશ્ચિત સમયગાળા માટે ઉપલબ્ધ થાય છે અને ચોક્કસ સમયગાળામાં પૂર્ણ કરવાના હોય છે તો કેટલાકમાં આવી કોઈ મર્યાદા રહેતી નથી.

MOOCમાં વિદ્યાર્થી પોતાને અનુકુળ સ્થળે, સમયે અને ઉપકરણ (કમ્પ્યુટર, લેપટોપ, સ્માર્ટફોન, ટેબ્લેટ) દ્વારા અભ્યાસ કરી શકે છે. MOOCમાં આરંભશુરાની જેમ ખુબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાતા હોવા છતાં સફળતાપૂર્વક કોર્સ પૂર્ણ કરનારની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળે છે. પરંપરાગત શિક્ષણથી ટેવાયેલા વિદ્યાર્થીઓ પોતાના અધ્યયનમાં થોડો બદલાવ લાવે તો MOOC પૂર્ણ કરવાની સંભાવના વધે છે. આ માટે સમયનું વ્યવસ્થાપન જરૂરી છે. MOOCનાં આરંભે જ સંપૂર્ણ અભ્યાસક્રમ જોવા મળે છે તેમજ તે ક્યા ક્રમમાં પૂર્ણ કરવાનો છે તે પણ જાણી શકાય છે. સબમીશન, ક્વીઝ તથા અન્ય ઓનલાઈન પ્રવૃત્તિઓની તારીખો પણ અગાઉથી જણાવવામાં આવે છે. આ બાબતોના આધારે વિદ્યાર્થી પોતાના આભ્યાસનું આયોજન કરે તો મુશ્કેલી પડતી નથી. અભ્યાસ છોડી દેવાનું મુખ્ય એક કારણ અભ્યાસમાં પાછળ રહી જવાનું જાણવા મળે છે. દૈનિક અને સાપ્તાહિક અભ્યાસના ટાર્ગેટ નક્કી કરી તેને ચુસ્તપણે અનુસરે તો અભ્યાસમાં પાછળ રહી જવાથી અભ્યાસ છોડવાની નોબત આવતી નથી. આવા આયોજન માટે સ્માર્ટફોનમાં આવતા કેલેન્ડર તથા પ્લાનર એપ્સ ખૂબ જ ઉપયોગી થઇ પડે છે. મોબાઈલમાં રિમાઈન્ડર મુકવાથી પણ મદદ મળે છે. પરંપરાગત શિક્ષણમાં અધ્યાપકના વ્યાખ્યાન અને MOOC માં જોવાના વ્યાખ્યાનના વિડીયો વચ્ચે પણ તફાવત છે. આવા વિડીયો એક વિશેષ સુવિધા આપે છે. તેને ગમે તેટલી વખત જોઈ શકાય છે, વચ્ચે અટકાવી નોંધ લઇ શકાય છે, અમુક વિડીયોમાં તો તેમાં બોલાયેલા શબ્દો લખાણ (transcript) સ્વરૂપે અગાઉથી મેળવી શકાય છે જેનો પૂર્વ અભ્યાસ કરવાથી સમજણ કેળવવી સરળ બને છે. વિદ્યાર્થીએ આ માટે નોંધ લેખની ટેવ વિકસાવવી રહી. MOOC માં સ્વ-પ્રેરણા અત્યંત અગત્યની છે. ડિસ્કશન બોર્ડ અને અન્ય સોશિયલ મીડિયામાં થતી અભ્યાસ વિષયક ચર્ચાઓ પ્રત્યે ઉદાસીનતા ન રાખી તેમાં સક્રિય ભાગીદારી નોધાવવાથી ખુબ જ સારું પ્રતીપોષણ મળે છે. પોતાના સહાધ્યાયીઓ અને શિક્ષકો સાથે થતા આવા પ્રત્યાયન દ્વારા અભ્યાસને લગતી મુંઝવણનાં ઉકેલ મળે છે. જ્યારે પણ લાઈવ વિડીયો લેક્ચર હોય ત્યારે તેમાં સક્રિય ભાગીદાર બનવાથી અભ્યાસ સરળ અને રસપ્રદ બને છે. પ્રાદેશિક ભાષામાં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓને અંગ્રેજીનો ડર હોય તો સહાધ્યાયીઓ પૈકી પોતાના પ્રદેશના વિદ્યાર્થીઓ શોધી તેમની સાથે પ્રત્યાયન કરવાથી ખુબ જ મદદ મળે છે.

MOOC આજીવન શિક્ષણની તક આપે છે. EdX (https://www.edx.org), Coursera (https://www.coursera.org), Udemy (https://www.udemy.com) તેમજ SWAYAM દ્વારા વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓનું શિક્ષણ ઘરે બેઠા, નિ:શુલ્ક મેળવી શકાય છે. MOOC દ્વારા વ્યક્તિ સ્થળ, સમય, અને ઉમરનાં બાધ વિના પોતાના રસ અને જરૂરિયાતનાં વિષયોનું ઉત્તમ કક્ષાનું શિક્ષણ મેળવી શકે છે, જેના દ્વારા તેના જ્ઞાન અને આવડત ઉપરાંત વ્યાવસાયિક લાયકાતમાં પણ વૃદ્ધિ થઇ શકે છે. પોતાની અધ્યયન શૈલીમાં થોડા પરિવર્તન દ્વારા MOOCમાં પણ જ્વલંત સફળતા મેળવી શકાય છે.

# શિક્ષક-પ્રશિક્ષણ ઝંખે છે, નૂતન અધ્યયન-અધ્યાપન વિચાર : ICT

ડૉ. ભાવેશ એમ. મોદી
આસિસ્ટન્ટ પ્રોફેસર

## ભૂમિકા

આધુનિક યુગ એ માહિતી વિસ્ફોટનો યુગ છે. જ્ઞાનના સમીડા અમર્યાદિત બન્યા છે. મનુષ્યમાં નાવીન્યની ઝંખના વધી રહી છે. વિશ્વ આજે વિકાસની દિશામાં, દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરી આગળ વધી રહ્યું છે ત્યારે શિક્ષણમાં પણ નવીનતા લાવવાની જવાબદારી શિક્ષક-શાળા-મહાશાળા-મહાવિદ્યાલય પર આવી પડી છે. શિક્ષકના પ્રશિક્ષણમાં નવીનતા લાવી અસરકારક શિક્ષણકાર્ય કરી શકે તે માટે આઈ.ટી. અને તકનિકીના વિનિયોગની પ્રવર્તમાન સમયમાં શરૂઆત થઈ ગઈ છે. ICTના ઉપયોગથી શિક્ષણ મહાવિદ્યાલયમાં પ્રશિક્ષણનું કાર્ય કરતાં પ્રશિક્ષકો અને તાલીમાર્થીઓ બે વર્ષના તાલીમી શિક્ષણને રસપ્રદ, પ્રભાવી, વિવિધતાસભર અને સમૃદ્ધ બનાવી રહ્યા છે કે બનાવવા કટીબદ્ધ થયા છે. આજના સમયમાં પ્રશિક્ષકો ICTના ઉપયોગથી તાલીમાર્થીઓને તે સંદર્ભના અનુભવો બે વર્ષના તાલીમી અભ્યાસક્રમમાં પુરા પાડી, સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં એવી સાંકળે કે જેથી ભાવિ શિક્ષકપેઢીને આવનાર શિક્ષણ સંબંધી પડકારો માટે સક્ષમ બનાવી શકાય. તે અપેક્ષિત છે. શિક્ષક-પ્રશિક્ષણમાં નૂતન અધ્યયન-અધ્યાપન વિચાર સંદર્ભે નવા વિચારો કરવાનો સમય થઈ ગયો છે, તે અંગેની ચર્ચા કરવાનો પ્રસ્તુત અભ્યાસલેખમાં સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

## શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રોનો પરિચય

પ્રવર્તમાન શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રો દિન-પ્રતિદિન વધી રહ્યા છે તે પૈકી કેટલાંક અગત્યના ક્ષેત્રો નીચેના ફ્લોચાર્ટમાં દર્શાવેલ છે.




ફ્લોચાર્ટ આકૃતિ : શિક્ષક-પ્રશિક્ષણના ક્ષેત્રો (ભટ્ટાચાર્જી અને દેબ અનુસાર)

ફ્લોચાર્ટ આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષક તરીકેનું પ્રશિક્ષણ લેવા માટે મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થી બે વર્ષની તાલીમયાત્રા-યજ્ઞમાં સૈદ્ધાંતિક વિષયવસ્તુથી પરિચિત થાય છે, અધ્યાપન પદ્ધતિઓનો પરિચય મેળવે છે, વર્ગ વ્યવહાર શીખે છે, શૈક્ષણિક સાધનોના ઉપયોજન અંગેની ક્ષમતા કેળવે છે, સંદર્ભ પુસ્તકો લાઈબ્રેરીમાંથી મેળવે છે - વાંચે છે - ચિંતન કરે છે, તાલીમાર્થી તરીકેના વ્યવહારો હસ્તગત કરે છે, શૈક્ષણિક હેતુઓની રચના કરી ઉત્તમ પાઠ આયોજનો તૈયાર કરતા શીખે છે, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમને જાણી વ્યવહારમાં ઉપયોજિત કરે છે, ઉત્સાહપૂર્વક સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે અને શાળા પ્રાયોગિક ફિલ્ડ વર્ક દરમિયાન વિદ્યાર્થીઓને સહ અભ્યાસક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે અને શિક્ષક તરીકે પોતાનો અને વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વનો વિકાસ કરવા માટે માત્ર બે વર્ષ તાલીમ દરમ્યાન જ નહીં પરંતુ આજીવન શિક્ષણ વ્યવસાયમાં ઉત્તમ સેવા આપવા માટે સમર્પિત થઈ જાય છે.

**શિક્ષક-પ્રશિક્ષણ અસરકારકતામાં ICTની અનિવાર્યતા**

પ્રવર્તમાન તાલીમી કાર્યક્રમો અધ્યયન-અધ્યાપન વ્યવહારમાં પ્રશિક્ષકો અને તાલીમાર્થીઓને અધ્યાપન યોજના તૈયાર કરવામાં તકનિકી અનિવાર્ય બનતી જાય છે. તાલીમાર્થી કે વિદ્યાર્થી નિયત અધ્યાપન નિપજ યોગ્ય રીતે પ્રાપ્ત કરે તે માટે પ્રશિક્ષકને મદદરૂપ નીવડે તેવા વિવિધ યાંત્રિક-ટેક્નોલોજીકલ ઉપકરણોનો ઉપયોગ પ્રશિક્ષણ માટે અનિવાર્ય બનેલ છે. પ્રશિક્ષકો પોતાની અધ્યાપન સંદર્ભની કચાશ દૂર કરી તાલીમાર્થી સક્ષમ અધ્યાપનકાર્યને ઉત્કૃષ્ટ બનાવવા શૈક્ષણિક તકનિકીનો ઉપયોગ કરતાં થયા છે. વિવિધ નૂતન શૈક્ષણિક સાધનોની વર્ગખંડમાં ઉપસ્થિતિ જ શૈક્ષણિક તકનિકી માત્ર ન બની રહેતા, તેનો વર્ગખંડ શિક્ષણમાં પ્રશિક્ષકો-તાલીમાર્થીઓ દ્વારા વિનિયોગ થતો રહે એ જ પ્રવર્તમાન તકનિકી યુગ અપેક્ષા છે. વિવિધ અધ્યયન અધ્યાપન હેતુ સિદ્ધ માટે ICTનો ઉપયોગ પ્રશિક્ષકો અને તાલીમાર્થીઓ પોતાની આંતરસૂઝ અનુસાર કરે તો તેની અનિવાર્યતા સાર્થક ગણાય. આમ ICTના સૂચારુ ઉપયોગ દ્વારા શિક્ષક-પ્રશિક્ષણમાં અસરકારકતા દ્વારા -

- તાલીમાર્થીઓને શિક્ષણકાર્યમાં - પ્રાયોગિક કાર્યમાં સક્રિય બનાવી શકાય.
- અધ્યયન-અધ્યાપન સંદર્ભે તાલીમ પ્રક્રિયાને જીવંત બનાવી શકાય.
- હાર્ડવેર-સોફ્ટવેર અભિગમોના ઉપયોગથી અભિક્રમિત અધ્યયન, કમ્પ્યૂટર, શિક્ષણનીતિ, વૈયક્તિક શિક્ષણ પ્રણાલી જેવી પ્રવિધિઓના ઉપયોજનના સંદર્ભની તાલીમ તાલીમાર્થીઓને આપી પ્રાયોગિક પાઠોને વિવિધસભર બનાવી શકાય.
- પ્રવર્તમાન સમયમાં તાલીમાર્થી-વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને લીધે પરીક્ષણનો પ્રશ્ન વ્યાપક બનતો જાય છે. શિક્ષક મહાવિદ્યાલયમાં સંપૂર્ણ તાલીમ ઝંખતા તાલીમાર્થીઓને પ્રશ્નપત્રની રચનાની નૂતન રીતે (બ્લૂપ્રિન્ટ, પ્રશ્નબેંક, કમ્પ્યૂટર સહાયક અધ્યયન) અને તેની ચકાસણી માટે મૂલ્યાંકનની વિવિધ પ્રવૃત્તિઓનો વિકાસ કરી ગુણવત્તાયુક્ત પ્રશિક્ષણ આપી ભાવિ શિક્ષકોના સમયશક્તિમાં વધારો કરી અધ્યયનકાર્યમાં નાવીન્ય લાવી શકાય.
- સ્થળ અને સમયના કારણે અશક્ય બનતા પ્રશિક્ષણ અનુભવો પુરા પાડી તાલીમાર્થીઓને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયવસ્તુની સરળ તલસ્પર્શી અને રોચક રજૂઆત વિવિધ વેબસાઈટ્સ (Wikipedia, Google, YouTube) અને સેટેલાઈટ કાર્યક્રમો દ્વારા થઈ શકે.
- વર્ગખંડમાં પ્રાયોગિક પાઠ સંચાલન, નિરીક્ષણ, સાધનસામગ્રીની ગોઠવણી અને ઉપયોગ તેમજ પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપન રજૂઆતની કુશળતા કેળવવામાં C.D. મટીરીયલ પ્રશિક્ષકો-તાલીમાર્થીઓને મદદરૂપ નીવડે, ઈન્ટર્નશીપ કાર્યક્રમને રોચક બનાવી શકાય.

**શિક્ષક-પ્રશિક્ષકની સજ્જતામાં ICTનું ઉપયોજન**

વર્તમાન શિક્ષણમાં શિક્ષકે માત્ર વ્યાખ્યાનકર્તા તરીકેની ભૂમિકા ભજવવાની નથી, પરંતુ નાટ્યકાર, દિગ્દર્શક, વક્તા અને નેતા જેવી અનેકવિધ ભૂમિકા અદા કરવાની હોય છે અને એ માટે અસરકારક પ્રત્યાયન હોવું જરૂરી છે. માહિતી પ્રત્યાયન તકનિકી શિક્ષક-પ્રશિક્ષકને સ્ટેજ, માઈક, સાઉન્ડ સિસ્ટમ, કમ્પ્યૂટર અને અન્ય યાંત્રિક સાધનોની વિશાળ શ્રેણી દ્વારા અસરકારક પ્રત્યાયનકર્તા બનાવવામાં તેમજ આધુનિક્તા અને જીવંતતા પ્રદાન કરવામાં પ્રશિક્ષણ કાર્યક્રમોની તાલીમ દ્વારા ઉપયોગી પૂરવાર થાય છે.

ICTની મદદથી પ્રશિક્ષણ અસરકારક રીતે શિક્ષક-પ્રશિક્ષણના વિવિધ પાસાંઓના સંશોધનો અંગે માહિતી એકત્રીકરણથી માંડીને વિશ્લેષણ અને તારણો સુધીની સફર કમ્પ્યૂટર ઈન્ટરનેટના માધ્યમથી ઝડપથી હાંસલ કરી શકે છે.

શિક્ષણ પ્રશિક્ષણ કાર્યમાં વિવિધ શૈક્ષણિક પદ્ધતિ-

પ્રયુક્તિઓને ICTના માધ્યમથી આધુનિક ઓપ આપી પ્રશિક્ષણ સફળતાપૂર્વક વિનિયોગ કરી પ્રભાવશાળી શિક્ષક તરીકેની પ્રેરણાત્મક છાપ તાલીમાર્થીઓ પર ઉપસાવી શકે છે.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે ICTનો પ્રશિક્ષણમાં વિનિયોગ કરવાનો હોય ત્યારે અધ્યાપકે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના સિદ્ધાંતોને સંકલિત કરીને ક્યારે, કઈ રીતે, કોના દ્વારા અને કેટલા સમય માટે તેનો ઉપયોગ કરવાનો છે તે અંગે બુદ્ધિપૂર્વકનો વિચાર જરૂરી છે. આ માટે વિવિધ યાંત્રિક સાધનો જેવા કે, રેડિયો, ટેપરેકોર્ડર, ટી.વી., ઓવરહેડ પ્રોજેક્ટર, LCD, સ્લાઈડ પ્રોજેક્ટર, ભાષા પ્રયોગશાળા, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ, સ્માર્ટબોર્ડ વગેરેનો ઉપયોગ શિક્ષક-પ્રશિક્ષણના કાર્યક્રમોમાં વ્યાપક થવો જરૂરી છે.

### ઉપસંહાર

શિક્ષક પ્રશિક્ષણ પ્રક્રિયામાં અધ્યેતા-અધ્યાપક જેટલા વધુ સક્રિય તેટલી પ્રશિક્ષણ-તાલીમની પ્રક્રિયા વધુ ફળદાયી બને છે. આધુનિક શિક્ષણની સંકલ્પના મુજબ અધ્યેતાઓને શીખવવાનું નથી પરંતુ શીખતા કરવાના છે અને એ માટે વર્તમાન સમયમાં ICTના થયેલ વિકાસનો મહત્તમ લાભ પ્રશિક્ષકો-ભાવિ શિક્ષકો શિક્ષણ જગતમાંથી મેળવી, વિદ્યાર્થીઓની અર્થગ્રહણ શક્તિનો મહત્તમ વિકાસ કરી શકે, પ્રશિક્ષણમાં જ્યારે ભાવિ શિક્ષકના વિકાસની, સ્વમૂલ્યાંકનની કે વિદ્યાર્થીના અસરકારક અધ્યયનની વાત આવે છે, ત્યારે માત્ર એક જ ઉપાય સૂઝે છે તે એ છે ICTનું પ્રયોજન.

સંક્ષિપ્તમાં, શિક્ષક-પ્રશિક્ષણમાં હવે ઝંખના છે એવા નૂતન અધ્યયન-અધ્યાપન વિચારોની કે જેની ફલશ્રુતિ રૂપે પ્રશિક્ષકોની વ્યાવસાયિક સજ્જતામાં તેમજ તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠોની રજૂઆતની ક્ષમતામાં વધારો કરી શકાય.

### સંદર્ભ

Bhattacharjee B. & Deb k. (2016). Role of ICT in 21st Century's Teacher Education. International Journal of Education and Information Studies, Volume 6, Number 1 (2016), pp 1-6, retrieved from http://www.ripublication.com on 28th March, 2018



# SELF-AWARENESS: A KEY TO SUCCESS

Dr. Sarika Chauhan
Teaching Assistant

**"Know Thyself."- Socrates**

Self awareness is the first step in creating what you want and mastering your life. Where you focus your attention, your emotions, reactions, personality and behavior determine where you go in life. It also allows you to take control of your emotions, behavior, and personality so you can make changes you want. Until one is aware in the moment of one's thoughts, emotions, words, and behavior, he/she will have difficulty making changes in the direction of your life. Having self awareness is very essential not only for our personality and character development but also to our personal empowerment and so for success in life.

**Meaning of Self awareness**

According to Daniel Goleman,

"Self-awareness is the key cornerstone to emotional intelligence."

Self awareness is a process of introspection. It is an ability to be aware of one's own self. In other words, self awareness is a method of exploring ourselves, our nature, our habits, our characteristics, our goals and aims, our attitudes, beliefs, values, our inner personalities, our moods, our emotions, our feelings, our beliefs, our abilities and talents, our inclinations towards something and tendencies; and our opportunities and threats.

Self awareness is also known as intra personal intelligence and it is the key to self-knowledge. Self-awareness includes knowledge of two aspects, one is to know about observable self (appearance, habits, behaviour, skills, competence, talents etc.) and second is unobservable self (Our internal states, beliefs, values, attitudes, self image, personality, assumptions, preferences etc.).

Here are some of the most important aspects on which we need to build up our self awareness.

1. Self Awareness means having knowledge about one's self, appearance, language etc.;
2. Self Perception means having knowledge about one's role and responsibilities towards the society and one's place in the society;
3. Self Identity means knowing about our uniqueness in the world;
4. Self Image means knowing a mental picture of own through one's own eye or through the views of another;
5. Self Concept- it involves self-assessment.

**Importance of Self-awareness:**

1. Self awareness is one of the characteristics of emotional intelligence, which is very important to achieve success.
2. If one is aware of oneself (our strengths, weaknesses, opportunities and threats), it helps managing and directing energy towards accomplishment of goals.
3. It also helps in controlling the emotions in right directions to achieve success and for self empowerment. Knowing oneself and one's identity gives confidence in making important choices and decisions in life.
4. It is essential for our personality and character development.
5. Self-awareness helps an individual knowing own goals, wants, needs, emotions, reactions, personality and behaviors and deciding where you go in life.
6. A number of research studies have shown that a high self-awareness score was the strongest predictor of overall success.

**Ways and strategies to cultivate Self-awareness skill:**

**Introspection:** One need to create a space for her/him self and make a habit of self-reflection. Keeping away all distractions and spending time with oneself is a great tool to know oneself. One need to indulge her/him self in reading, writing, meditating, Yoga, etc.

**Maintain a diary/journal:** Maintaining a journal or diary allows you to record your daily experiences, feelings, thoughts would help one to connect with inner self and peace with oneself. Research shows that writing down our experiences, happiness, thoughts, observations, grief, sorrows, helps increase happiness and satisfaction. You can also use the journal to record your inner state. Initially one can start once in a weak, then slowly can increase daily basis.

**Listening**: Listening can also help greatly to know other's emotions, feelings, etc. Once you become a good listener, you will also be better at listening to your own inner voice and become the best friend of yourself.

**Welcome critical remarks of yourself and ask for feedback**: Research has shown conducting 360 degree feedback in workplace is a useful tool to improve managers' self-awareness. We human beings have tendency to overlook at our faults, shortcomings, weaknesses etc. So it is helpful to gain different perceptions to see a fuller picture of ourselves.

**Self Appraisal/self talk:** Spending a couple of minutes each day to sit in silence and listening to the inner voice might help to get a better idea of how positive or negative one is. Self-awareness is the most fundamental issue in psychology, from both a developmental and an evolutionary perspective. As human beings, we may never fully understand ourselves. But if we be little aware and put efforts in the journey of exploring, understanding and becoming ourselves, it would make life worth living.

# હું શિક્ષક, શિક્ષક થાઉં તો ઘણું

પટેલ ભૂમિકા એમ.
સેમેસ્ટર-II

૨૧મી સદી એટલે પરિવર્તન. પ્રગતિ અને પ્રભાવશાળીઓની સદી. જે શિક્ષક કેળવણીના વહેતા આ પ્રવાહને પ્રતિબદ્ધ બનીને પોતાના કાર્યમાં રચ્યા-પચ્યા રહે છે તે જ શાળાઓ થકી આગવું પ્રદાન કરે છે. તેજસ્વી વિદ્યાર્થઓનું ઘડતર પ્રભાવશાળી શિક્ષકો થકી જ શક્ય બને છે. પ્રત્યેક શિક્ષક એક વિશ્વાસનું પ્રતીક છે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન એવું કહેતા કે "હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું જેમાં વિદ્યાર્થી શીખે." દરેક શિક્ષકે આ વાતને યાદ રાખવા જેવી છે.

વિદ્યા જગતના કેન્દ્રમાં વિદ્યાર્થી હોવો જરૂરી છે કોઈ પણ શિક્ષકનું કર્તવ્ય વિદ્યાર્થીનું હિત-કલ્યાણ સાધવાનું છે. શિક્ષકની સાચી મૂડી એને મળતો માત્ર પગાર નથી પણ એના માર્ગદશન થકી સુસજ્જ બનેલો વિદ્યાર્થી છે. શિક્ષક એક દિવો છે. એનું અજવાળું ચારે તરફ ફેલાય છે. શિક્ષકે જ્ઞાનના સંદર્ભે જ કહેવાયું છે, શિક્ષકે જ્ઞાનની જ્યોત પ્રગટાવવાની હોય છે. એ પ્રગટાવેલી જ્યોતથી બીજા સેંકડો દિવાઓ પ્રજવલિત કરી શકાય છે. પોતાના અધ્યાપન કાર્યમાં દિવ્યતા અને ભવ્યતા લાવવા સતત વાંચન લેખન અને મનન કરવું પડે છે.

ઉમાશંકર જોશીએ કહ્યું છે કે: "બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને. વત્સલ મૂરત, સ્નેહ સુરત હૃદય હૃદયનાવંદન તેને"

સારા અને સાચા શિક્ષક થવા માટે પ્રત્યેક શિક્ષકે કેટલાક સદ્‌ગુણો કેળવવા જોઈએ.

૧ શિક્ષક પોતાના વિષયમાં માહિતીથી સજ્જ હોવો જોઈએ.

૨ શિક્ષકનાં પોતાના વિચાર, વાણી અને વર્તન શિસ્ત અને સંસ્કારી હોવા જોઈએ.

૩ શિક્ષકમાં આત્મવિશ્વાસ ભરપુર હોવો જોઈએ.

૪. પ્રત્યેક શિક્ષક વિદ્યાર્થી માટે મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ બની રહેવો જોઈએ.

૫. શિક્ષકે પોતાના હાથ, પગ, મગજ અને હૈયાનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનું છે.

લોકો કેટલીયે વાર મને પૂછતા હોય છે તમને શિક્ષક હોવાનો આટલો બધો ગર્વ કેમ છે ત્યારે મારે હસતાં હસતાં કહેવું પડે છે કે...

એક ડોક્ટરની આવક દેશમાં બિમારી વધવાથી વધે છે.

એક વકીલની આવક દેશમાં અપરાધ વધવાથી વધે છે.

એક શિક્ષકની આવક દેશની પ્રગતિ થવાથી વધે છે.

એટલે જ તો મને ગર્વ છે કે આ દેશની પ્રગતિમાં મારો પણ ભાગ છે.

# શિક્ષણ મારો ધર્મ - શિક્ષણ મારો અધિકાર

પટેલ પ્રિયંકા બી.
સેમેસ્ટર : IV

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અને કંઈક અલગ કરવા માટે શિક્ષણ ઘણું મહત્ત્વનું છે. જીવનમાં કઠિન સમયનો સામનો કરવા, માટે પણ શિક્ષણ ઘણું મહત્ત્વનું છે. શિક્ષણ એ યુવતી અને યુવક માટે સમાનપણે આવશ્યક છે. ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે અને દેશના વિકાસ અને પ્રગતિ માટે શિક્ષિત યુવાનો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણ યુવાનોના આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને યુવાનોમાં દૂરદર્શિતા લાવે છે. ઉચ્ચ વિચારોનું સિંચન કરે છે, જે સુદૃઢ રાષ્ટ્ર બનાવવામાં મદદ કરે છે અને વ્યક્તિનાં વ્યક્તિત્ત્વ બનાવવામાં મદદરૂપ છે. અને તેથી જ એક સુશિક્ષિત સમાજ બને છે.

શાલેય શિક્ષણને ત્રણ ભાગોમાં વહેચવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ જેમાં પ્રાથમિક શિક્ષણ એ પાયાના ઘડતરનું શિક્ષણ છે. માધ્યમિક શિક્ષણ એ આગળ ભણવા માટેનું ઘડતરનું

શિક્ષણ છે અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી જીવનમાં અને ભવિષ્યમાં આગળ વધવાનો રસ્તો મળે છે. યુવાનોને ઉચ્ચ શિક્ષણ સારી નોકરી, ધંધો કરી સમાજમાં સારું સ્થાન પ્રાપ્ત કરવા માટે ઘણું મહત્ત્વનું છે. શિક્ષણથી જ્ઞાનમાં, ટેક્નોલોજી કૌશલ્યમાં અને નોકરીમાં ઊંચું પદ મેળવવા માટે મહત્ત્વનું છે.

શિક્ષણ એ માત્ર ઉચ્ચસ્તરના લોકોને સામાજિક અને પારિવારિક આદર અને એક અલગ ઓળખ બનાવવામાં મદદ કરે છે. શિક્ષણથી જીવનમાં કોઈપણ મોટી પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓને દૂર કરવાની ક્ષમતા આપે છે.

શિક્ષણ આજના સમયમાં બધાનો અધિકાર બની ગયું. એ યુવાન હોય કે વૃદ્ધ દરેક ધર્મ, જાતિ, ક્ષેત્રના વ્યક્તિને શિક્ષા પ્રાપ્ત કરવાનો અધિકાર છે. સ્વામી વિવેકાનંદે હંમેશા શિક્ષા પર જોર આપ્યું છે. સાથે - સાથે છોકરા-છોકરીને સમાન શિક્ષણ આપવાનું કહ્યું છે. શિક્ષણ મેળવવાથી હકારાત્મક વિચારો આવે છે અને નકારાત્મક વિચારો દૂર થાય છે. શિક્ષણ ક્ષેત્રે નવી-નવી આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ થયો છે. સારી શિક્ષા એ જીવનમાં પણ ઉદ્દેશ પુરા પાડે છે. જેમ કે વ્યક્તિની ઉન્નતિમાં વધારો, માનસિક, સ્તરમાં વધારો, સામાજિક સ્વાસ્થ્યમાં સુધારો, આર્થિક પ્રગતિ, રાષ્ટ્રની સફળતા, જીવનમાં લક્ષ્ય પ્રાપ્ત કરવું, પર્યાવરણની સમસ્યાઓને દૂર કરવા અને અન્ય સામાજિક મુદ્દાઓ વગેરેમાં ટેક્નોલોજી ઉપયોગી નીવડે છે.

શિક્ષણ એ એક એવું ઉપકરણ છે કે જે જીવન, સમાજને રાષ્ટ્રને એક સુસંસ્કૃત અને સુશિક્ષિત રાષ્ટ્ર બનાવે છે. દેશની પ્રગતિ માટે શિક્ષિત યુવાનોની તાતી જરૂર છે.

## સ્વરચિત - મુકતક, હાઇકુ

ટેલર મયુર આર.
સેમેસ્ટર-IV

### હાઈકુ

• સરસ્વતીમાં
શિક્ષણનો વેપાર
પાંગળું ભાવિ

• સમગ્રલક્ષી
અંગ્રેજીકરણમાં
માતૃભાષા ક્યાં?

• ભ્રષ્ટાચારમાં
ખદબદતો દેશ
લાચાર પ્રજા

• મોંઘવારીમાં
ગરીબોનું મરણ
જીવવું કેમ?

• શતરંજની
ભૂલભૂલામણીમાં
પીસાતો રંક

• સર્વ સ્થાપિત
વૈશ્વિકીકરણમાં
રામરાજ્ય ક્યાં?

• જળસંચય
વરસાદી ઋતુમાં
ધરતી રાણી

• ભીંજાયો હતો
પ્રિયતમ સંગાથે
વર્ષાની સાંજે

• પ્રેમધારામાં
હયાતી છે આપણી
નિષ્ઠુર કોરી

• છુપાયેલા છે
છુટા પડ્યાના આંસુ
હજી ઉરમાં

### મુક્તક

સમયના સથવારે સર્જાયું વૃક્ષ,
ને સંબંધના તાંતણે બંધાઈ ડાળ.
ડાળીની શાખામાં ઉગ્યા છે પાન,
ને પાને બેસી મંડાઈ પંખીની વાત.
સાંજ પડી માળામાં થયો સમય પસાર,
ને એમાં થઇ દિવસની રાત.

# આજનો મહારોગ - ઉતાવળ

વસાવા નીલમબેન આર.
સેમેસ્ટર-II

આજે ગમે તે માણસના ચહેરા પર નજર કરો, એક જ શબ્દ ત્યાં લખાયેલો તમને દેખાશે-ઉતાવળ. આજે ઝડપનો જમાનો છે, ઉતાવળનો અધીરાઈનો જમાનો છે. બધું જલ્દી કરી નાંખવાનો જમાનો છે. પણ બધું જલ્દી જલ્દી ક્યારેય થઈ શકતું નથી. સમયને તમે તમારી સાથે દોડાવી શકતા નથી. સમયને તેની પોતાની ગતિ છે. એટલે તમારે સમય સાથે ચાલવું પડે છે. બાળક તેના ચોક્કસ સમયે જ જન્મે છે. છોકરો તેના યોગ્ય સમયે જ યુવાન થાય છે. આંબો ઉતાવળથી પાકતો નથી અને પકવવામાં આવે તો તેની કેરીમાં મીઠાશ હોતી નથી.

પરંતુ આજે મીઠાશ કરતાંયે દેખાવની વધારે કિંમત છે. આજે મીઠાશ માટે રાહ જોવા કોઈ તૈયાર નથી. આજે બધું જ જલ્દીથી જોઈએ છે. જલ્દી કીર્તિ, પૈસા અને વિદ્યા પણ જલ્દી જોઈએ. એટલે કીર્તિ માટે માણસ કાવાદાવા કરે છે. ફળો કુદરતી રીતે પાકતા હતા એના બદલે એની કૃત્રિમ રીતો માણસે શોધી. એવી રીતે જે કીર્તિ મેળવવાની પણ કૃત્રિમ રીતો એણે શોધી કાઢી છે. મરઘીના શરીરની ગરમીથી ઈંડા સેવતા હતા એના બદલે એટલી જ ગરમી કૃત્રિમ રીતે આપીને ઈંડામાંથી બચ્ચા પેદા કરી શકાય છે. માણસ કોઈક ક્ષેત્રમાં સારું કામ કરે તો અનેક લોકો તેની પ્રશંસા કરે, તેની સુવાસ ફેલાય અને કીર્તિ વધે. આજે એ જ વસ્તુ કૃત્રિમ રીતે કરી શકાય છે. લોકો પાસે પ્રશંસા કે નિંદા કરાવી શકાય છે. (કેટલાક લોકો ખાસ એ જ કામ કરતાં હોય છે.) અને એ જ કૃત્રિમ વાતાવરણ દ્વારા કીર્તિ જન્માવી શકાય છે. તેમાં સમય ઘણો ઓછો લાગે છે. જલ્દી પૈસા મેળવવાની બાબતનું પણ એવું જ છે. મહેનત અને ધીરજથી પૈસા કમાવાનો રોજ સમય નથી. આજે માણસ પૈસા કમાવા નહીં પણ પૈસા બનાવવા માંગે છે એટલે એને રસ્તા પણ એવા જ પસંદ કરવા પડે છે. દાણચોરી, ખોટા કોન્ટ્રાક્ટ, લાઈસન્સ, મોનોપોલી, લાંચ રુશવત ઘણી રીત માણસે શોધી કાઢી છે.

બીજું તો ઠીક પણ વિદ્યા, કૌશલ્ય કળા પણ માણસ જલ્દી જલ્દી પ્રાપ્ત કરી લેવા માંગે છે. આ જરા મુશ્કેલ કામ છે. કારણ કે ધન-દોલત બહારની ચીજો છે. વિદ્યા કે કૌશલ્ય અંદરની વસ્તુ છે. પણ માણસની ઉતાવળને કોઈ આરો નથી. વિદ્યા ન મળે તો કંઇ નહિ, વિદ્યાનો દેખાવ ચાલશે. કૌશલ્ય પ્રાપ્ત ન થાય તો કાંઈ નહિ એનો દંભ ચાલશે અને આ બધું આજનો માણસ મેળવે તો છે, પણ ત્યારેજ એને ખબર પડે છે કે એણે ખરેખર કંશુ જ મેળવ્યું નથી. વાસણ ખાલી ને ખાલી જ રહ્યું છે. તેમાં કશું જ ભરાયું નથી. દેખાવથી બીજાને આંજી શકાય છે પણ પોતાને તૃપ્તિ મળી શક્તિ નથી.

વૃક્ષારોપણના પ્રસંગે ગમે ત્યાંથી લાવીને રોપી દીધેલાં છોડવાઓ થોડીવાર બધું લીલા હરિયાળાં દેખાઈને ચીમળાઇ જાય છે. મૂળ પણ ચોંટ્યા ન હોય તેવા વૃક્ષો થોડા દિવસોમાં જ સુકાઈ જાય છે. તેવી જ રીતે ઉતાવળે કરેલા કાર્યોની અસર થોડા સમયમાં નાબૂદ થાય છે.

થોડી તૈયારી અને ઘણી ઉતાવળ ઉપર જિંદગીની ઈમારત ચણી શકાતી નથી. પાયાને મજબૂત કરવો હોય તો તેમાં ઘણું પુરણ પૂરવું પડે છે અને ઘણી ધીરજ રાખવી પડે છે. નર્મદે પોતાનો શબ્દકોશ બહુ ધીરજપૂર્વક બાર વર્ષે તૈયાર કર્યો હતો. ગિબને રોમન સામ્રાજ્યના પતન વિશેનું તેનું વિખ્યાત પુસ્તક લખવા માટે વીસ વરસ પરિશ્રમ કર્યો. લિયોનાર્ડો દ વિન્ચીએ તેના જગપ્રસિદ્ધ 'ધ લાસ્ટ સપર' ચિત્ર પાછળ સાત વર્ષ મહેનત કરી હતી તેવી જ રીતે 'મોનાલીસા'નો ચહેરો ચીતરવામાં તેમણે વર્ષો વિતાવ્યા હતા.

આ બધા લોકો પાસે કાંઈ સમય વધારે ન હતો ધીમે ધીમે કામ કરવાનો એમને કોઈ શોખ નહતો ઊલટું મહાન જર્મન નાટ્યકાર અને કવિ શિલાર જેવા ને તે કદાચ

મરી જશે છતાં કામ કરવામાં ક્યારેય તેણે અધીરાઇ કે ઉતાવળ કરી નહતી, કારણ કે થોરો કહે છે તેમ-"જે અતિ વેગથી દોડે છે તે રસ્તામાં પડી જાય છે."

ધીરજ અને ખંત એ એક તાલીમ છે. ઘોડા ઘણા હોય છે. હષ્ટપુષ્ટ હોય છે. ચપળ અને તરવરિયા પણ હોય છે. પરંતુ રેસમાં ઉતરવા માટે ઘોડાને ખાસ તાલીમ આપવી પડે છે. તાલીમ વિનાના બીજા ઘોડા હળ અને ગાડીઓ ખેંચે છે.

ઉતાવળ માણસને હાંફ ચડાવી દે છે. અને નિરાશ કરી દે છે. ઉતાવળ એવા તોફાની ઘોડા જેવી છે કે જો એના ઉપર લગામ ન ચડાવવામાં આવે તો એના સવારને પછાડી જ દે છે.

ભીંડાના છોડને પૂરા વિકાસ માટે થોડા મહિનાની જરૂર પડે છે. પણ વડને વર્ષોની જરૂર પડે છે. કોઈ પણ કામમાં કેટલો સમય ગાળવો પડશે અને કેટલી ધીરજ રાખવી પડશે તેનો આધાર માણસ કયું કામ કરવા માંગે છે અને કેવું કામ કરવા માંગે છે એના ઉપર રહે છે.

વિખ્યાત લેખક એ. જે. ક્રોનિને લખ્યું છે કે ધીરજ અને ખંતનો પાઠ એમને એક ખેડૂત પાસેથી શીખવા મળ્યો હતો. પોતાની પહેલી નવલકથા લખીને પ્રકાશકોને મોકલી પણ ઘણા પ્રકાશકોએ પાછી કાઢી ત્યારે ક્રોનિન નિરાશ થઈ ગયા. લેખક તરીકે પોતાનું હવે કોઈ ભવિષ્ય નથી એમ એમને લાગ્યું. એ દિવસોમાં શહેરથી દૂર એક ગામડામાં એ ચાલ્યા ગયા. એક દિવસ ગામડાના એક માણસને એમણે ટેકરી ખોદતાં જોયો. ટેકરી ખોદીને જમીનને એ સરખી કરતો હતો, એમને થોડું આશ્ચર્ય થયું પેલા માણસને એમણે પૂછ્યું : આ શું કરો છો?" હું ખેડૂત છું. ટેકરી ખોદીને એ જમીનને ખેતીલાયક બનાવું છું "પણ આમ ખોદવાથી તો ક્યારે કામ પુરું થઈ શકશે? તો બીજી કઈ રીતે થઈ શકે?" પેલા એ કહ્યું "જે જમીન તમે જુઓ છો તે અમે આ રીતે ખોદીને જ ખેતીલાયક બનાવી છે. મારી પહેલા મારા બાપા કામ કરતાં હતા અને એની પહેલા મારા દાદા પણ આજ કામ કરતાં હતા. એટલે તો આજે અમારી પાસે આટલી બધી ખેતીલાયક જમીન છે."

ક્રોનિન એ માણસના ખંત અને ધીરજથી પ્રભાવિત થયા, છતાં તેમણે કહ્યું, "પણ હજી ટેકરીઓ ઘણી છે. તમારી વાત સાચી છે, પણ દરરોજ અમે ખોદયા જ કરીએ છીએ એક દિવસ બધી જ જમીન સરખી થઈ જશે. ટેકરીઓ કાંઇ નવી ઉત્પન્ન નહીં થાય. અમે તો ખોદતા જ રહીશું ગમે તેટલી હશે, તો પણ આખરે ટેકરીઓ સાફ થઈ જશે."

એ. જે. ક્રોનિનને થયું કે ખરેખર મનુષ્યની ધીરજ અને ખંત સામે કોઈ કામ અશક્ય નથી, પોતાની નિરાશા ખંખેરીને ફરી તેમણે લેખન પર ધીરજપૂર્વક મન લગાડી દીધું. અને સફળ લેખક નીવડી શક્યા. માનવ સંસ્કૃતિનો વિકાસ માણસની ધીરજ-ખંત ને કારણે થયો છે. ઉતાવળ એના સ્વભાવમાં છે. પણ ધીરજ એના ડહાપણમાંથી જ જન્મી છે.

## શિક્ષણની સાર્થકતા

કડીવાલા મુનીશા એ.
સેમેસ્ટર-IV

જ્ઞાન, વિદ્યા અને શિક્ષણ એ ત્રણ શબ્દોનો ઉપયોગ જુદી-જુદી જગ્યાએ, જુદી-જુદી રીતે થતો હોય છે. ઉપનિષદકાળમાં દરેક શબ્દની સાથે જ્ઞાન શબ્દ જોડવામાં આવતો જેમ કે 'બ્રહ્મજ્ઞાન', 'અધ્યાત્મજ્ઞાન', 'આત્મજ્ઞાન' વગેરે મધ્યકાલીન યુગમાં વિદ્યા શબ્દ વધારે પ્રચલિત હતો. એ સમયમાં રાજા-મહારાજાઓ 'અસ્ત્રવિદ્યા' શસ્ત્રવિદ્યાનો એવી જુદી-જુદી વિદ્યાઓને મહત્ત્વ આપતા તેમ છતાં અધ્યાત્મની ભૂમિકા પર 'જ્ઞાન' અને 'વિદ્યા' બંને શબ્દો સમાનરૂપથી વાપરતા આવ્યા છે. જે અજ્ઞાનરૂપી અંધારામાંથી મુક્ત કરે सा विध्या या विमुक्तये તેને

'વિદ્યા' કરે છે અને તેનાથી પોતાના સ્વરૂપની જાણકારી થાય તેને શાસ્ત્રોએ 'જ્ઞાન' કહ્યું છે. શ્રીમદ્ ભગવતગીતામાં આ બંને શબ્દોનો ઉપયોગ સમાન રૂપી થયેલો છે.

જ્ઞાન અને વિદ્યા એ બંને શબ્દોથી અધ્યાયના નામ પણ અપાયેલા છે જેમ કે 'જ્ઞાન-વિજ્ઞાન', યોગ અને રાજવિદ્યા-રાજગુરૂયોગ આ બંને શબ્દો સાધના, આત્મજ્ઞાન કે પછી અધ્યાત્મના સંદર્ભમાં વપરાયેલા છે. શાસ્ત્રો, પુરાણો, પૌરાણિક કથાઓ તથા ઉપનિષદની આખ્યાયિકાઓ એમ બધી જગ્યાએ આ શબ્દો મળી આવે છે. ઉપનિષદ કાળમાં જ્ઞાન ગુરૂઓ દ્વારા આપવામાં આવતું હતું. પૌરાણિક કાળમાં વિદ્યાઓ આચાર્ય પાસેથી પ્રાપ્ત થતી હતી એમ બંનેનો પોતાનો કાળ હતો.

હવેનો યુગ છે 'શિક્ષણયુગ' અર્વાચીન કાળમાં શિક્ષણની ચારેકોર બોલબાલા છે. 'શિક્ષણ' શબ્દ 'શિક્ષા' પરથી આવ્યો છે. 'શિક્ષા' નો મૂળ અર્થ 'દંડ' એવો થાય છે. શિક્ષણનો હેતુ કોઈને દંડ આપવાનો નથી હોતો પણ ફરજિયાતપણે સામી વ્યક્તિને સામાજિક શિષ્ટાચાર અને સુયોગ્ય વ્યવહાર તરફ વાળવાનો હોય છે. અહીં 'આત્મજ્ઞાન'ની જગ્યાએ 'જીવનજ્ઞાન'ની વાત છે.

જેવી રીતે જ્ઞાન ગુરૂ દ્વારા આપવામાં આવે છે વિદ્યા આચાર્ય પાસે જવાથી મળે છે તેમ શિક્ષણ એ શિક્ષક દ્વારા આપવામાં આવે છે. જેમ જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરૂ, સદગુરૂ હોવા જોઈએ વિદ્યા માટે આચાર્ય બધી જ કળાઓમાં નિપૂર્ણ હોવા જોઈએ એમ શિક્ષણ માટે પણ શિક્ષક શુદ્ધ, ચરિત્ર અને વિવેકપૂર્ણ જીવન જીવનાર હોવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થીનું આંતરિક ઘડતર કરે તેવો હોવો જોઈએ. શુદ્ધ સાત્વિક જીવન વગર યોગ્ય શિક્ષક બની શકાય નહિ.

ઘણીવાર આપણા મનમાં પ્રશ્ન ઉઠે છે કે આજકાલ શિક્ષકો ભણાવવા માટે રૂપિયા પૈસા લે છે તો તેવો યોગ્ય શિક્ષક કહી શકાય? આપણે સૌ જાણીએ છીએ કે ધનનો મુખ્ય હેતુ જીવન જીવવાનો હોય છે. સદગુરૂને ધનની બહુ જરૂર નથી હોતી તેઓ જરૂરી અન્ન વગેરે ભિક્ષાથી મેળવે છે. વિદ્યાના આચાર્યનો જીવન નિર્વાહ રાજાના રાજકોષથી થાય છે કારણ કે આચાર્યની નિમણૂક રાજ્ય તરફથી કરવામાં આવતી હોય છે પણ શિક્ષકનું શું? શિક્ષક એક સમાજનું જ એક અંગ છે, જે શિક્ષકો કોઈ શાળા કોલેજોમાં ભણાવતા હોય તેઓ પોતાનું વેતન જરૂર લઇ શકે તેમજ જે શિક્ષકો ખાનગી શિક્ષણ આપતા હોય તેમને પોતાના જીવન નિર્વાહ જેટલું જ લેવું જોઈએ. અહીં આ ખાનગી શિક્ષણમાં ટ્યુશન કે કલાસીસની વાત નથી પણ જે અભ્યાસક્રમમાં ઘરબેઠા કરવાના હોય તેને મદદરૂપ થતા શિક્ષકોની વાત છે.

ટ્યુશન્સ અને કલાસીસ દેશનું દુષણ બની ગયા છે તેના લીધે જ શિક્ષણ 'પ્રોફેશનલ' બની ગયું છે. ટ્યુશનો અને કલાસીસોને કારણે શિક્ષણમાં ભ્રષ્ટાચારી વ્યાપી ગયો છે. ટ્યુશનો અને કલાસીસ ચલાવતા શિક્ષકોને વિદ્યાર્થીના ભાવીની પડેલી હોતી નથી તેમણે તેમના ક્લાસના ઊંચા પરિણામની વધારે પડેલી હોય છે આ બધાનો ઉપાય વિદ્યાર્થીઓને શાળા અને કોલેજોમાં જ યોગ્ય શિક્ષણ આપીને દૂર કરી શકાય. આ બધા માટે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવવી જોઈએ.

શિક્ષણ બે પ્રકારનું હોય છે.

૧) વ્યવસાયલક્ષી ૨) વ્યવહારલક્ષી

હાલમાં આપણે જે કઈ પણ ડીગ્રીઓ માટે ભણીએ છીએ બધું જ વ્યવસાયલક્ષી શિક્ષણ કહેવાય છે. આ પ્રકારનું શિક્ષણ રોજગારી પૂરતું સીમિત છે. આ શિક્ષણનો મુખ્ય હેતુ બુદ્ધિનો વિકાસ કરવાનો. વ્યક્તિને વ્યવસાયમાં નિપૂર્ણ બનાવવાનો અને પોતાના જીવન નિર્વાહ માટે જરૂરી ધન કમાઈ શકે તે રીતે તેને પગભર કરવાનો છે. આ શિક્ષણ વ્યક્તિને સાક્ષર બનાવે છે માટે અત્યંત જરૂરી છે તેમ છતાં કોઈ વ્યક્તિ જીવનભર માત્ર વ્યવસાયલક્ષી શિક્ષણ લઈને બેસી રહે તો સાધન સંપન્ન જરૂર થાય પણ જીવન ઘડતર તો બાકી જ રહે, જીવન ઘડતર માટે વ્યવહારલક્ષી શિક્ષણ જોઈએ. વ્યવસાયલક્ષી શિક્ષણ ના મળે તો લોકો સાક્ષર ના બને. પરિણામે સમાજમાં નિરક્ષરતા વ્યાપી જાય તેથી વ્યવસાયલક્ષી શિક્ષણ જરૂરી માત્રામાં હોવું જ જોઈએ.

પહેલાના સમયમાં ગામડાંઓમાં લોકો ખુબ અંધશ્રદ્ધા ધરાવતા હતા તેઓ દોરાધાગામાં અટવાયેલા હતા હવે તેવું નથી. લોક જાગૃતિથી સમાજમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે. એકલું વ્યવસાયલક્ષી શિક્ષણ આપવામાં આવે તો પણ તકલીફ છે તેનાથી બૌધિકતા ઉભી થાય. લોકો ઉદ્ધત અને અવિવેકી બની જાય. આપણે સમાજમાં ઘણીવાર કેટલાક ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટો અને એન્જિનિયરોને તોછડાઈથી વર્તતા જોઈએ છીએ એનું કારણ તેમને બીજા પ્રકારનું શિક્ષણ પૂરતા પ્રમાણમાં મળેલું હોતું નથી. ટૂકમાં વ્યવસાયીલક્ષી શિક્ષણનો છેદ ઉડાવી દઈએ તો નુકશાનકારક છે.

હવે બીજા પ્રકારના શિક્ષણની વાત કરીએ બીજા પ્રકારના શિક્ષણનું નામ ‘વ્યવહારલક્ષિતા’ છે. આપણે તેને જીવનલક્ષી શિક્ષણ પણ કહી શકીએ. આ શિક્ષણમાં મુખ્ય ઉદેશ ‘સંસ્કાર સિંચન’નો છે. આ પ્રકારના શિક્ષણમાં પહેલાથી નક્કી કરેલા અભ્યાસક્રમો નથી હોતા પણ શિક્ષકના અનુભવો એ વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ બને છે. આ પ્રકારના શિક્ષણમાં શિક્ષકો કોણ ? આ પ્રકારના શિક્ષણની શરૂઆત કુટુંબથી થાય છે માટે માતા-પિતા, દાદા -દાદી તરફથી મળતો સંસ્કાર વારસો વિદ્યાર્થીના જીવન ઘડતરનો પાયો બને છે. માટે કુટુંબના સભ્યોએ આ પ્રકારના શિક્ષણના શિક્ષકો કહી શકાય. માતા-પિતા તરફથી મળતા નીતિના બોધપાઠો જીવનમાં બહુ જ મોટું કામ કરે છે. વળી માતાનો તો મુખ્ય ફાળો હોય કદાચ એટલે જ કહ્યું છે કે ‘એક માતા સો શિક્ષકોની ગરજ સારે’ માતા હંમેશા વ્યવહારલક્ષી શિક્ષણ આપે છે, દાદા-દાદી વાર્તાઓ કહી બાળ શક્તિનો વિકાસ જે રીતે કરી શકે છે જે આજની કાર્ટૂન ફિલ્મોથી થઇ શકતો નથી. પરિસ્થિતિને સહન કરવાની ક્ષમતા, માનસિકતા, શક્તિ એ બધું કુટુંબના વડીલો પાસેથી મળે છે. સદાચાર, સદગુણો અને સભ્યતા વગર કોઈપણ પ્રકારનું શિક્ષણ અધૂરું છે. વ્યવસાયલક્ષી શિક્ષણ વડે પ્રાપ્ત થયેલી બુદ્ધિથી આપણે એટલા બધા આગળ નીકળી ગયા છે કે સંયુક્ત કુટુંબો હવે ટીવી સીરીયલમાં જ જોવા મળે છે. હવે તો દરેકની એક ‘પ્રાઈવેટ લાઈફ’ હોય છે અને દરેક કપલને સ્વતંત્રતા જોઈએ છે. આ બધાના પરિણામે જીવનલક્ષી અભ્યાસના મૂળ કપાઈ ગયા છે અને લોકો મા-બાપને વૃદ્ધાશ્રમમાં મુકવા માંડ્યા છે એ બુદ્ધિની ચરમસીમા છે. ઘણા બાળકોના આઈ.ક્યુ. અત્યારે ખુબ ઉંચા છે પણ તેમને ક્યાં શું બોલવાનું એનો વિવેક નથી તેનું કારણ વ્યવહારલક્ષીનો અભાવ છે. કુટુંબીજનો દ્વારા જો આ પ્રકારનું વ્યવસ્થિત શિક્ષણ મળે તો જીવન બદલાઈ જાય. આ પ્રકારના શિક્ષણમાં કોઈ વેતન હોતું નથી આ પ્રકારના શિક્ષણનું કોઈ મૂલ્ય આંકી શકાતું નથી તેમજ આ શિક્ષકોનું ઋણ કદાપી ચૂકવી શકાતું નથી. જીવનલક્ષી શિક્ષણ પુસ્તકોથી પ્રાપ્ત થાય છે. પુસ્તકો જેવો કોઈ મિત્ર નથી તથા તેમના જેવો કોઈ સાથી નથી પુસ્તકો એક શિક્ષકની ગરજ સારે છે. તેઓ આપણી પાસે કોઈ પૈસા લેતા નથી. સારા પુસ્તકોનું વાંચન વ્યક્તિમાં ચોક્કસ ચરિત્રનું નિર્માણ કરી શકે. ગમે તેટલી વ્યસ્તતામાંથી સમય કાઢીને આપણે થોડો સમય પુસ્તકો સાથે વિતાવવો જોઈએ.

વ્યવહારીક શિક્ષણ આ રીતે કુટુંબમાંથી, પુસ્તકોમાંથી અને મિત્રવર્તુળોમાંથી પ્રાપ્ત થતું હોય છે તેમ છતાં આ શિક્ષણ પ્રાપ્ત કરવાના બીજા ઘણાં રસ્તાઓ હોય શકે. કોઈને આ શિક્ષણ ‘અનુભવ’થી પ્રાપ્ત થાય છે કોઈ ‘સેવા’ થી કોઈને ‘દેશ-વિદેશના પ્રવાસો’થી પણ પ્રાપ્ત થઇ શકે છે. કોઈ ઘટના કોઈ પ્રસંગ અથવા કોઈ વ્યક્તિ શિક્ષકના રૂપમાં નિમિત્ત બની જાય છે. વ્યવહારલક્ષી શિક્ષણ વગર વ્યવસાયલક્ષી શિક્ષણ અધૂરું છે. વળી આ પ્રકારનું શિક્ષણ જીવનભર ચાલતું રહે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે ‘જીવન એક પાઠશાળા’ છે. બંનેનો સમન્વય આપણા જીવનને ઉજાગર કરી શકે જેમણે જ્ઞાન માર્ગ સુધીની યાત્રા કરવાની હોય તેમને વ્યવહારલક્ષી પગદંડી પર ગયા વગર છૂટકો નથી. અર્વાચીન યુગમાં શિક્ષણની આ પરિભાષા સમજવી આપણે ખૂબ જરૂરી છે. શિક્ષકોનું કર્તવ્ય એ જુદી-જુદી રીતે જુદા-જુદા માર્ગમાં વિસ્તરિત થયું છે.

જીવનમાં આપણે કદાચ જ્ઞાન અને વિદ્યા સુધી પહોંચી શકીએ તો ઘણું સારું છે પણ જો કદાચ તેમ ન થઇ શકે તો પણ આ બંને પ્રકારના શિક્ષણ આપનો જીવનપંથ ઉજાગર કરી શકે.

# દોસ્તી

ચૌધરી ધર્મેશ આર.
સેમેસ્ટર-II

દોસ્ત દોસ્ત કહી દોસ્ત છોડી ગયા ,
ભૂલ શું હતી મારી?
એ કીધા વગર જતા રહ્યા તો,
એ દોસ્તી શું કામની?
સંબંધોમાં મીઠાશ ને દોસ્તીમાં ખટાશ
ન હોય તો,
એ દોસ્તી શું કામની?

મિત્ર કોણ અને શત્રુ કોણ એ સમજાતું
ન હતું,
ત્યારે તે માર્ગ ન બતાવે તો,
એ દોસ્તી શું કામની?
નથી ખબર મને શા માટે છોડી ગયા,
કહ્યા વગર મને છોડી જાય તો,
એ દોસ્તી શું કામની?

એક વાર આવી કહી જા ને મને,
હું તારી રાહ ન જોવું તો,
એ દોસ્તી શું કામની?
પાછળ ફરી જોજે એકવાર મને,
તારી સાથે હું ન હોઉં તો,
આપણી એ દોસ્તી શું કામની?

# ખબર ન હતી

સુર્વે રજની જી.
સેમેસ્ટર - IV

બે વર્ષનું એમ.એડ્. પળભરમાં પૂરું થઈ જશે, ખબર ન હતી.
શિક્ષણ દરમ્યાન આખો વર્ગ મિત્ર બની જશે, ખબર ન હતી.
ચાર સેમેસ્ટરમાં કઠિન પ્રેક્ટિકમ સરળતાથી બની જશે, ખબર ન હતી.
શિક્ષણ સંગાથે ગીત ગાવું પડશે, ખબર ન હતી.
શાળા-બી.એડ્. કોલેજની ઈન્ટર્નશીપ એક મહિનાની હશે,
ખબર ન હતી.
ઈન્ટર્નશીપ દરમ્યાન કોઇ ઘા કરી જશે, ખબર ન હતી.
શિક્ષણ દરમ્યાન મારામાં છુપાયેલ ટેલેન્ટ બહાર આવશે,
ખબર ન હતી.
પાંચ ચેપ્ટરો સહિતનું આખું ડેઝરટેશન તૈયાર થઈ જશે, ખબર ન હતી.
ખરેખર, એમ.એડ્. આટલું જલદી પૂરું થશે? ખબર ન હતી.

# જવાબદારી ક્યાં...?

પટેલ દિપનાબેન ડી.
સેમેસ્ટર-II

માનવીની નોકરી તરફની દોડ એ જવાબદારી,
માનવીની જ્ઞાન પ્રત્યેની જવાબદારી ક્યાં?
માનવીની પોતાની કુટુંબ પ્રત્યેની ફરજ એ જવાબદારી,
તો માનવીની શિક્ષણ પ્રત્યેની જવાબદારી ક્યાં?
કુટુંબ અને સમાજનું જોડાણ એ જવાબદારી તારી,
એ જોડાણ વચ્ચેના પાયાની જવાબદારી ક્યાં?
પોતાના લક્ષ્ય સુધી પહોંચવું એ જ જવાબદારી તારી,
એ લક્ષ્યના હેતુ પરિપૂર્ણ કરવાની જવાબદારી ક્યાં?
માનવી, તારા જીવનનું અભિન્ન અંગ છે શિક્ષણ,
એ અંગ પ્રત્યેની જવાબદારી ક્યાં?

# સમાજ શિક્ષણનું મહત્ત્વ

ચૌહાણ દમયંતિબેન બી.
સેમેસ્ટર-IV

માનવજીવનના અસ્તિત્વના પાયામાં મુખ્ય આધારસ્તભમાં બે બાબતોનો સમાવેશ થાય છે. એક શિક્ષણ અને બીજું સમાજ આ બંને બાબતોમાં પરિણામ સ્વરૂપ શક્ય બન્યો છે. પ્રાચીન સમયથી જ શિક્ષણ અને સમાજનું અસ્તિત્વ હતું અને આજે પણ તેનું અસ્તિત્ત્વ છે. પણ, સમયે - સમયે તેના સ્વરૂપમાં કંઈક પરિર્વતન નવા આવ્યાં છે. સામાન્ય વ્યક્તિઓની સમસ્યાનું સચોટ,

ઝડપી અને અસરકારક નિવારણ શિક્ષણ દ્વારા જ શક્ય છે.

દેશમાં કે વિશ્વમાં શાંતિ, સલામતી, સદભાવના અને વિકાસને સાચવી રાખવા માટે સૌ નાગરિકો "એક બને – નેક બને" તે ખૂબ જ જરૂરી છે. ગરીબ, તવંગર, સ્ત્રીઓ, માતાઓ, બાળકો, સૌનો સમાન વિકાસ શિક્ષણ દ્વારા શક્ય બન્યો છે. આ માટે શિક્ષણ માટેની જાગૃતિ, શિક્ષણની ગુણવત્તા વધે અને શિક્ષણનો પ્રસાર થાય તે જરૂરી છે. શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે સમાજ મહત્ત્વનો ભાગ ભજવે છે.

કોઈ પણ સમાજ ગમે તેટલો પ્રગતિશીલ હોય પરંતુ તેનો સીધો સંબંધ તે સમાજના વસતા લોકોના શિક્ષણના સ્તર સાથે છે. આજે આપણે જોઈએ તો શિક્ષણને આપણે જીવન ઘડતરના બદલે જીવનનિર્વાહ સાથે જોડી દીધું છે. તેથી જ આપણા સમાજમાં દિકરીઓને ભણાવવામાં ઉત્સાહ ઓછો જોવા મળે છે. ગામડાંમાં, સામાજિક આર્થિક રીતે નબળાં વિસ્તારના લોકોમાં તેમજ આદિ કે પછાતજાતિમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાની ઘણી જરૂરિયાત છે, જો લોકો શિક્ષણનું મહત્ત્વ સમજી લે તો ગરીબી, વ્યસનો, કુરિવાજો, જાતિ – જ્ઞાતિ, ધર્મના સંઘર્ષો જેવી સામાજિક બિમારી ઓમાંથી આપણે આપોઆપ મુક્ત થઈ શકીશું . વિદ્યા વિનયશીલતા પ્રદાન કરે છે. આધુનિક યુગમાં શિક્ષણની ગુણવત્તા જાળવવી અત્યંત જરૂરી છે. પરંતુ એક સમય એવો હતો કે જ્યારે ભારત જ્ઞાનનું કેન્દ્ર હતું. દુનિયાનું સૌથી પહેલું વિશ્વવિદ્યાલય 'તક્ષશિલા' ભારતમાં પાંગર્યું હતું. જાપાન, ચીન જેવા અન્ય દેશોમાંથી તેમજ દુનિયાભરના વિદ્યાર્થીઓ આપણે ત્યાં શિક્ષણ મેળવવા આવતા હતા.

જ્યારે આપણે શિક્ષણની વાત કરીએ ત્યારે બાબત સમજવી જરૂરી છે કે આપણને મનુષ્યને મશીન બનાવે તેવા કોરા શિક્ષણની જરૂર નથી, શિક્ષણ એવું હોવું જોઈએ. કે જે આજીવિકા માટે જરૂરી શિક્ષણ આપવા ઉપરાંત વ્યક્તિના ચારિત્ર્યનું પણ ઘડતર પણ કરે. માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પણ બાળકોનો સર્વાંગી વિકાસ થાય એવાં સંવેદનાસભર શિક્ષણની આપણને જરૂરિયાત છે. પણ આ માટે એ જરૂરી છે કે શિક્ષણજગત સાથે સંકળાયેલા તમામ લોકો મૂલ્યનિષ્ઠ હોય, તેમના જીવનના ઉચ્ચ આદર્શોના દર્શન થતા હોય તેમજ તેમનું જીવન ડાઘરહિત હોય. શિક્ષણ એક એવું શક્તિશાળી હથિયાર છે કે જેના દ્વારા આપણે આખા વિશ્વને બદલી શકીએ છીએ. કોઈ પણ દેશની સંસ્કૃતિનો ક્યાસ તેના શિક્ષણ સ્તર પરથી જ કાઢી શકાય છે. જેટલી સાક્ષરતા વધુ તેટલો દેશ, રાજ્ય કે સમાજનો વિકાસ વધુ. શિક્ષણનો ઉદ્દેશ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો નથી પણ તેના થકી જીવનના મૂલ્યોને આત્મસાત કરવાનો છે. મૂલ્ય આધારિત શિક્ષણ માત્ર સારો માનવી બનાવતું નથી પણ ઉત્તમ, ઉન્નત સમાજ અને દેશનું નિર્માણ પણ કરે છે.

# માનવીની જિંદગી

**ઠાકોર ક્રિષ્ના એન.**
**સેમેસ્ટર-II**

માનવીની જિંદગી અમૂલ્ય છે, અપાર છે જીવવા માટે આ જિંદગી, જો સારી રીતે, ઢંગથી અને સરખી રીતે જીવી હોય તો!

કહેવાય છે ને કે માણસ પોતાના કર્મોથી જિંદગીને નર્કમાં કે સ્વર્ગમાં ફેરવી શકે છે. જો સારા કર્મ હોય તો માનવીની દુનિયામાં કોઈ દુઃખ આવી જ ન શકે અને જો કુકર્મ કર્યા હોય તો માણસની જિંદગીમાં દુઃખ સિવાય કંઈ ન આવી શકે. માણસ જો સારા કર્મ કરે તો ભગવાનને પણ પોતાની રાહ બદલવી પડે છે. માણસ જે ધારે તે કરીને બતાવી શકે છે અને માણસે એવું કર્યું પણ છે. આ અણુબોંમ્બ, મિસાઈલ, તોપ, પિસ્તોલ વગેરેનું નિર્માણ માણસના ધાર્યા પ્રમાણે જ થયું છે. પરંતુ જો આ નકામી વસ્તુઓમાં ભેજું દોડાવવાને બદલે થોડુંક યોગદાન ગરીબી દૂર કરવામાં આપ્યું હોત તો! વિચારો...

પણ આ વાતોથી ફાયદો પણ શું? કારણ કે; જિંદગી જીવવી એ પણ એક કળા છે. એક એવી કળા કે જો તે માણસને આવડી જાય તો પછી પૂછવું જ શું? આ બધુ લખવાની અને વિચારવાની જરૂર જ ન પડે બધું આપમેળે જ થઈ જાય અને મને વિશ્વાસ છે, કે એ દિવસ, એ વખત જરૂર આવશે જ્યારે માણસ પૈસાનો કછોડો છોડી પ્રેમનો પૂજારી બનશે, અને જિંદગી ત્યારે જ જીવવા લાયક બનશે...!

# બી.એડ્. કોલેજમાં ઇન્ટર્નશીપ : એક અદ્‌ભુત અનુભવ

વળવી અમૃતભાઈ વી.
સેમેસ્ટર-IV

શિક્ષણ વિભાગ દ્વારા એમ.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે સેમેસ્ટર-3 અને સેમેસ્ટર-4માં ઇન્ટર્નશીપ કાર્યક્રમનું આયોજન થાય છે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ ઈન્ટર્નશીપ તો કરે છે. પરંતુ પસંદગીની શાળા કે કોલેજમાં જાય તો તે વધુ શીખી શકતા નથી. અધ્યાપન કૌશલ્ય વિકાસ કરવો હોય તો પસંદગીની કોલેજ કે શાળા નહીં શિક્ષણ વિભાગમાંથી આપવામાં આવેલ કોઈપણ શાળા કે કોલેજમાં ઇન્ટર્નશીપ હોય ત્યાં તમારું કાર્ય દેખાશે અને ખુશી થશે તમારા કાર્યથી. તમે પોતે જ પ્રેરિત થઈને કાર્ય કરી અનુભૂતિ કરશો કે ખરેખર હું જાતે શૈક્ષણિક ક્ષેત્રે મારો વિકાસ કરી શકું છું અને પ્રશિક્ષણાર્થીઓમાં અધ્યાપન કૌશલ્ય તેમજ વહીવટી કાર્ય કેવી રીતે કરવું તેનાથી સજાગ કરવાનું કાર્ય ઈન્ટર્નશીપ કરે છે. અધ્યયન કરીને જ્યારે મૂળ જગ્યાએ જવાનું થાય છે ત્યારે શું બોલીશું તેનો વિચાર આવે છે. પરંતુ તૈયારી વગર ક્યાંય ટકી શકાશે નહીં તેનું ભાન ત્યારે જ થઈ જાય છે. સેમેસ્ટર-3ની ઈન્ટર્નશીપમાં જેટલું નહીં શીખી શક્યા તેટલું બી.એડ્. કોલેજની ઈન્ટર્નશીપ દરમિયાન શીખવા મળ્યું. દરેક બી.એડ્. કોલેજમાં જે અધ્યાપક છે તેઓની કામગીરી શૈલી અદ્‌ભુત હોય છે. કામગીરી બાબતે ચોક્કસપણે સ્પષ્ટ હોય છે. પ્રશિક્ષણાર્થીઓને સમજાવવા માટે પણ અને જ્ઞાન આપવા માટે તેમના અદ્‌ભુત કૌશલ્યનો પરિચય થાય છે. હું મારી વાત કરું તો ઈન્ટર્નશીપના યાદીના નામો બહાર મૂકવામાં ન આવ્યા ત્યાં સુધી એમ જ વિચારતો હતો કે સુરતમાં જ કોઈ બી.એડ્. કોલેજમાં જ મારું નામ હશે. પરંતુ મારું નામ આવ્યું સુરત શહેરની બહારની કોલેજમાં. પરંતુ અધ્યક્ષશ્રીના વિશ્વાસ અને પ્રોત્સાહન પ્રેરક માત્ર એક વાક્ય હતું કે, “તુ જઈ શકે એમ છે.” હું અહીં મારી વાહવાહ કરવા નહીં કહેતો. પરંતુ આટલું નાનું વાક્ય મારી આંતરિક શક્તિઓને ખિલવી ગયું. એક શક્તિ આપી ગયું કે હવે જે કંઈપણ થાય હું મારી ઈન્ટર્નશીપ સારી રીતે સફળતાપૂર્વક પૂર્ણ કરીશ. કોઈપણ વાક્યને અથવા કોઈ વ્યક્તિએ તમારા માટે કહેલું વાક્યને તમે કેટલું પોઝિટીવ લો છો તે વ્યક્તિ પ્રત્યેની વિનમ્રતા તમારામાં કેટલી છે તે બતાવે છે. તમે કેટલા પોઝિટીવ છો તે તમારી વિચારસરણી પરથી ખ્યાલ આવી જાય છે.

ઈન્ટર્નશીપ એ અધ્યાપક બનવા પૂર્વેની તાલીમ છે. તાલીમ મેળવો છો ત્યારે ઘણું શીખવાનું હોય છે. અને ભૂલ થતી હોય તો તેને સુધારવી જરૂરી છે. ઈન્ટર્નશીપના પહેલા દિવસે જ બી.એડ્. કોલેજના એક અધ્યાપક પાસેથી સૂત્ર મળ્યું કે જે હું જિંદગીભર નહીં ભૂલી શકું અને તેના પર ખરો ઉતરવાનો પ્રયાસ કરું છું. સૂત્ર સામાન્ય હતું કે, ક્રિકેટના મેદાનમાં કોઈપણ ક્રમે દાવ મળે તો રમવા માટે તૈયાર રહો. તેમ શિક્ષણમાં પણ હંમેશા તૈયાર રહેવું જોઈએ. કોઈપણ શૈક્ષણિક સંસ્થા હોય પરંતુ તમારું 100 ટકા પર્ફોમન્સ કેવી રીતે આપવાનું તે શીખવા મળ્યું. અધ્યાપન કૌશલ્યનો વિકાસ કેવી રીતે કરવો, પ્રશિક્ષણાર્થીઓ સાથેનો વ્યવહાર કેવી રીતે કરી શકાય તે જાણ્યું. એમ.એડ્. પૂર્વે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. તેનો અનુભવ હતો. પરંતુ બી.એડ્. કોલેજની ઈન્ટર્નશીપ મારા માટે એક ચેલેન્જ હતી. પ્રશિક્ષણાર્થીઓ સામાન્ય નહીં હોય તે પહેલેથી જ જાણતો હતો. સરકારી બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ સામે સારી રીતે પોતાને તેમજ જે અધ્યાપન કાર્ય કરાવવાનું છે તે વિષયવસ્તુને સારી રીતે રજૂ કરવાનું હતું. અધ્યાપન કાર્યમાં મુશ્કેલી એ સર્જાઇ હતી કે જે પ્રશિક્ષણાર્થીઓ વાંચી રહ્યા છે. તેમાં કેટલાક પુસ્તકોમાં ભૂલ જણાતા વિશ્વાસ ઊઠી ગયો કે આ પુસ્તકો માત્ર એક સંદર્ભ તરીકે જ ઉપયોગ કરી શકાય. તેમાં વાસ્તવિક શું છે તે જાણવા માટે બીજા પુસ્તકો ઉથલાવ્યા. પરંતુ મેન્ટર તરીકે અધ્યાપકે અમને એવી રાહ બતાવી કે જે ખરેખર અધ્યાપકની અંદર કેવા ગુણો હોવા જોઈએ અને કાર્ય કેવી રીતે કરવું જોઈએ. તેમજ પ્રશિક્ષણાર્થીઓ સાથે કેવી રીતે વર્તવું તેવી તમામ બાબતો અમને શીખવાડી અને પોતે ઉદાહરણ રૂપે અમારી સામે રહ્યા. તેમની પાસેથી પ્રેરણા લઇ ઘણું શીખવા મળ્યું. એક-એક બાબતને અમારી સમક્ષ મૂકવામાં આવી અને સમજાવવામાં આવી કે જેથી અમે જે તાલીમ લઈ રહ્યા છે તે ભવિષ્યમાં ઉપયોગી બને અને કોઈપણ સંસ્થામાં જાય ત્યાં પોતાનું કાર્ય સરળતાથી કરી શકે. મેન્ટર હોય કે આચાર્ય હોય કે અધ્યાપક હોય વ્યક્તિની અંદર પારદર્શિતા કે જે ખરેખર જોઈ હોય તે શિક્ષણ વિભાગ બાદ ઈન્ટર્નશીપની તાલીમી સંસ્થામાં જોવા મળી હતી. બીજે જ્યાં શિક્ષણ મેળવ્યું છે ત્યાં પણ નથી જોઈ. દરેક દિવસ અમારા માટે ચેલેન્જિંગ હતો. કારણ કે જ્યારે માર્ક્સની વાત આવે છે ત્યારે બધા દોડતા હોય છે. પરંતુ હું શીખવા અને માર્ક્સ બંને માટે દોડતો હતો. એવું નથી કે એકપણ ભૂલ થઈ ન હોય. ભૂલ થઈ અને તેમાં

સાચી દિશા પણ બતાવવામાં આવી કે કેવી રીતે કાર્ય કરી શકાય. જો એ ન બતાવવામાં આવે તો અમારો વિકાસ કે અમે જે હેતુસર ત્યાં ગયા હતા તે હેતુ સિદ્ધ થઇ શક્યો ન હોત. વ્યક્તિ પોતાની જાતને કેવી રીતે બીજાની સામે મૂકે છે તે આવી જગ્યા પર તરત જ ખબર પડી જાય છે કે ખરેખર આ વ્યક્તિ સાચો છે કે માત્ર બતાવવા માગે છે.

ઈન્ટર્નશીપ અમારા માટે જે શૈક્ષણિક સંસ્થામાં જવાનું છે ત્યાંના વાતાવરણમાં અમારે સેટ થવાનું હતું. તે અમને અગાઉથી સચેત કરી દેવાયા કે જો તમારે તમારો વિકાસ તેમજ માર્ક્સ મેળવવા હોય તો પેપર તમારી સામે છે. તમે કેટલા ગુણ મેળવો છે તે તમારા પર આધાર રાખે છે. તે પોતાના પર નિર્ભર છે. પરંતુ આવી શૈક્ષણિક સંસ્થાઓમાં સર... શબ્દ કાનમાં પડે ને તો સાંભળવાનો આનંદ કંઈક ઔર હોય છે. ત્યારે જ તમારી અંદર એક શક્તિનો સંચાર થાય છે. જે ખરેખર તમારા વ્યવસાયમાં ટકી રહેવા માટે પ્રેરણા પૂરી પાડે છે. હું એવું માનું છું કે શીખવું હોય તો પસંદગીની શૈક્ષણિક સંસ્થામાં નહીં પરંતુ આપણને જ્યાં મોકલવામાં આવે ત્યાં જઈને તે સંસ્થાના નિયમાનુસાર કાર્ય કરવું. તેમાં શીખવાનું, અવલોકન કરવાનું અને અનુભવ મેળવવાનો અવસર પ્રાપ્ત થશે. જેનાથી પોતાના કાર્યનું મૂલ્યાંકન તમે જાતે જ કરી શકશો, બીજા કોઈ આવશે નહીં. અંતે આભાર સર આપના માર્ગદર્શન હેઠળ ઘણું શીખ્યા અને તમે રસ લઈને શીખવાડ્યું. શિક્ષણ વિભાગના અધ્યક્ષનો આભાર સર.... બીજા પ્રશિક્ષણાર્થીઓ શું શીખ્યા તેનો મને ખ્યાલ નથી પરંતુ હું એટલું જાણું છું કે ખરેખર મારી ઈન્ટર્નશીપમાં શિક્ષણ વિભાગના અધ્યાપકોની જે મને ગમે છે તે શૈલીનો ઉપયોગ મારા લેક્ચર દરમિયાન કર્યો છે અને તે રજૂ કરવા માટે મનન પણ જ કર્યું છે. Last but not least internship has developed my internal development to run a ship of education.

## એક ક્ષણ

દેશમુખ હર્ષદા આર.
સેમેસ્ટર - II

માનવીના જીવનમાં એક-એક ક્ષણ મહત્ત્વની હોય છે. પરંતુ એ ક્ષણને સમજવામાં માનવીને વર્ષોના વર્ષો વીતી જાય છે કે જેમાં કંઈક પ્રાપ્ત કરવાનું હતું, કંઈક શીખવાનું હતું. માનવીનું જીવન એક રણની રેત સમાન છે. જેમ હાથની મુઠ્ઠીમાંથી રેતી સરકી જાય છે તે રીતે માનવીના જીવનમાંથી પણ એક-એક ક્ષણ સરકી જાય છે. આપણને જે તે સમયે એ સમજાતું પણ નથી, સમય વીતી ગયા બાદ ત્યારે તે ક્ષણનું મહત્ત્વ સમજાય છે.

માનવીના જીવનમાં ક્ષણ જ એક એવી હોય છે કે જ્યાં એ કોઇ બાબતને નિશ્ચિત કરે છે, પરંતુ તે પ્રાપ્ત કરવા માટે અથાગ મહેનત અને ધૈર્યની જરૂરિયાત હોય છે. આજના યુવાનો એ ક્ષણનું મહત્ત્વ સમજી શક્તો નથી. તે સમજવું ખૂબ જરૂરી છે કારણ કે સમુદ્રના મોજા જેમ ઝડપથી પોતાનું સ્વરૂપ બદલે છે તેમ માનવીનું જીવન પણ ક્ષણે-ક્ષણે બદલાય છે.

માનવી જો પોતાના જીવનમાં ક્ષણનું મહત્ત્વ સમજશે તો માનવીને જીવન પ્રગતિના પંથે આગળ વધવું સહેલું બનશે. એમ કહેવાય કે સમય કોઈની રાહ જોતો નથી અને આ સમયમાં એક-એક ક્ષણ સમાયેલી છે. તેથી જ માનવી ક્ષણની સાથે રહીને કાર્ય કરશે તો, જીવનની દરેક મુશ્કેલીઓનો તે સરળતાથી સામનો કરશે અને માનવીનું જીવન સહેલું બનશે. મિત્રો એક ક્ષણ માનવીની જિંદગી બનાવે છે અને એક ક્ષણ એ માનવીની જિંદગી બરબાદ પણ કરી નાખે છે. તેથી જ માનવીના જીવનમાં ક્ષણનું અત્યંત મહત્ત્વ રહેલું છે.

અંતે એટલું જ કહીશ કે...
જિંદગી જીવવાનું શીખવે છે એક ક્ષણ.
જિંદગીમાં સુ:ખ-દુ:ખ આપે છે એક ક્ષણ.
જિંદગીને સુધારે છે એક ક્ષણ.
જિંદગીને બરબાદ કરે છે એક ક્ષણ.
જિંદગી બનાવે છે એક ક્ષણ.
જિંદગીનો અંત કરે છે એક ક્ષણ.
જિંદગીનું મૂલ્ય સમજાવે છે એક ક્ષણ.
જિંદગી જીવવાનું શીખવે છે એક ક્ષણ.

# માતૃભાષામાં શિક્ષણ

**રાઠોડ શીતલબેન એમ.**
**સેમેસ્ટર-IV**

કહું હું કોઈને કે મારે અંગ્રેજી શીખવું છે
પણ, આ અંગ્રેજીની માયાજાળમાં
મારી માતૃભાષાને વિસરું છું.

સૌ કોઈને ઈચ્છા છે કે હું અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરું. સામાન્ય રીતે લોકો એવું માને છે કે જેને સારું અંગ્રેજી બોલતા આવડે છે તેને ઘણી તક મળે છે. વર્તમાન સમયની જ વાત કરું તો આજે પુષ્કળ પ્રમાણમાં વાલીઓ પોતાના સંતાનોને શિક્ષણ આપવાં માટે અંગ્રેજી માધ્યમને પસંદ કરે છે. જે આપણી માતૃભાષાને ભોગે થાય છે. શું આપણી માતૃભાષામાં અપાતું શિક્ષણ યોગ્ય નથી? શા માટે અંગ્રેજી માધ્યમને વધુ મહત્ત્વ આપે છે?

મારે એક પ્રસંગમાં જવાનું હતું. ત્યાં બે વાલીઓ જોડે મારી મુલાકાત થઈ એક વાલીનો પુત્ર અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો હતો અને બીજા વાલીનો પુત્ર ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતો હતો. લગભગ ૩૦ મિનિટ જેટલા સમય સુધી અમે વાતો કરી. તેમની માતાઓ પણ ત્યાંજ હતી. જે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો હતો તેને તેની માતા અંગ્રેજીમાં કવિતા ગાવાનું કહે છે. તે બાળક ખૂબ જ સરસ રીતે કવિતા ગાતો હતો. આ જોઈ પેલા ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની માતાને થયું મારા પુત્ર કરતા આને કેટલું સરસ અંગ્રેજી આવડે છે. આ બાળક કેટલો હોંશિયાર છે! તેને પણ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની ઈચ્છા થઈ. તે તેના પતિને કહે છે. પત્નીની વાત સાંભળી પતિએ ગુજરાતી માધ્યમ માંથી પોતાના પુત્રને ઉઠાડીને અંગ્રેજી માધ્યમમાં દાખલ કર્યો. એક નાનું બાળક માંડમાંડ હજી પોતાની માતૃભાષાને સમજતો જ થયો છે. અને તેને અચાનક અંગ્રેજીમાં શિક્ષણ મેળવવું પડે છે. આ બાળક તે ભાષા સ્વીકારી જ નથી શકતો. જેના કારણે તેની મન:સ્થિતિ નબળી પડે છે. શાળામાં શિક્ષક અંગ્રેજી બોલે અને ઘરના સભ્યો ગુજરાતીમાં વર્તન વ્યવહાર કરે પેલા બાળકને કંઈક સમજાતું ન હતું. તે શાળામાં લઘુતાગ્રંથીથી પીડાતો હતો. પરંતુ માતા પિતા દ્વારા કરાયેલ અંગ્રેજીના વારથી બાળક કઈ કહી ન શકતો હતો. જેના કારણે બાળકનો વિકાસ રુંધાતો જતો હતો. શું આ છે અંગ્રેજી શિક્ષણ? કે જેનાથી એક કોમળ બાળક હસવા, રમવાનું ભૂલી જાય છે. તો આવા અંગ્રેજી શિક્ષણનો શું ફાયદો?

પ્રત્યેક વાલીઓને મારી નમ્ર વિનંતી છે કે બાળકને પોતાની માતા પાસેથી જે ભાષા પ્રાપ્ત થઈ છે તેના દ્વારા જ તેને શિક્ષણ આપવામાં આવશે તો તેનો સર્વાંગી વિકાસ સાધી શકાશે. અંગ્રેજી તો ઘણા બધા વિષયો પૈકીનો એક વિષય છે. તેને શિક્ષણનું માધ્યમ ન બનાવતા ગણિત કે અન્ય વિષયોની જેમ એક વિષય તરીકે અભ્યાસ કરવામાં આવે તો બાળક અંગ્રેજી લખતા બોલતા તો શીખવાનો છે તો શા માટે તેના ભવિષ્ય જોડે છેડતી કરીએ. તમારા બાળકને સર્જક બનાવવા માંગતા હોવ તો માતૃભાષા જ ભણાવો.

# આજનો શિક્ષક

**સુરતી અમિત બી.**
**સેમેસ્ટર-II**

કરું છું પ્રયત્ન એને સમજવાનો,
એ વ્યક્તિ જે ગણાય સમાજનો પાયો,
એ મહાન પાયો એટલે વ્યક્તિત્ત્વ ઘડનારો શિક્ષક.
બદલાય છે તુફાન સમયના રાહમાં,
બદલાય છે હાસ્ય સુખની રાહમાં,
બદલાતો નથી શિક્ષક શિક્ષણની રાહમાં.

બદલાય છે સાંજ ફૂલોના મૌનમાં,
બદલાય છે રાત તારાઓના મૌનમાં,
બદલાતો નથી શિક્ષક શબ્દોના મૌનમાં.
રહી જાય છે પગલાં માત્ર દરિયાની રેતમાં,
બદલાય જાય છે સૃષ્ટિ આંખોના ઝપકારમાં,
બદલાતો નથી શિક્ષક જીવન-દર્શન કરાવવામાં.

# ફુગાવો : સરળ સમજૂતી

ધકાણ આરતીબેન પી.
સેમેસ્ટર - IV

ફુગાવો એટલે કે ચીજવસ્તુઓ અને સેવાઓની સામાન્ય ભાવસપાટી માં થતો સતત અને એકધારો વધારો. સામાન્ય ભાષામાં કહીએ તો નાણાંકિય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન X-વસ્તુનો ભાવ ૧૦૦ રૂપિયા છે અને નાણાંકિય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન એ જ X-વસ્તુનો ભાવ વધીને ૧૦૫ રૂપિયા થાય છે તો આ ફુગાવો છે એમ કહી શકાય નહી પરંતુ તેમાં સતત છેલ્લા ૫ કે ૧૦ વર્ષથી અને સમગ્ર બજારમાં આ વધારો નોંધાયેલો હોવો જરૂરી છે. ટુંકમા કહીએ તો X-વસ્તુનો ભાવ સમગ્ર બજારમાં સતત અને એકધારો નોંધાયેલો હોવો જરૂરી છે. આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો મે, ૨૦૧૮ દરમિયાન ફુગાવાનો દર ૪.૮૭% ના દરે વધી રહ્યો છે. એનો અર્થ એવો થાય કે, ચીજ-વસ્તુ કે સેવાઓના ભાવમાં ૪.૮૭% વધારો નોંધાય રહ્યો છે તો તેને ફુગવાનો દર કહેવામાં આવે છે. ફુગાવો એ ગરીબ અને મધ્યમ વર્ગ માટે નુકશાનકર્તા છે કારણકે બજારમાં તે વસ્તુના ભાવ વધુ છે અને આવકના સાધનો મર્યાદિત છે એટલે વસ્તુ ખરીદવા માટે તેને વધુ કિંમત ચુકવવી પડે છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો ફુગાવાથી નાણાંની ખરીદ શકિત વધે છે. એક ઉદાહરણ દ્વારા સમજીએ તો બજારમાં તમે રૂ. ૫૦ માં ૧ કિલો ટમેટા ખરીદ્યા અને હવે તેનો ભાવ વધીને રૂ. ૧૦૦ એ ૧ કિલો થાય છે માટે હવે આપણે ૧ કિલોના ટમેટા ખરીદવા માટે ૫૦ ને બદલે ૧૦૦ રૂપિયા ચુકવવા પડે છે તો તેનાથી નાણાંની ખરીદ શકિત વધારો થયો એમ કહી શકાય ને! અહી હવે ગરીબ અને મધ્યમ વર્ગનું બજેટ ખોરવાય છે તેથી આ વર્ગ માટે નુકશાનકર્તા છે. જયારે બીજી બાજુ જોઈએ તો યોજકો અને ઉચ્ચ વર્ગ માટે આશીર્વાદરૂપ છે કારણ કે તેને વસ્તુના વેચાણના બદલામાં વધુ કિંમત મળે છે. આ સમય દરમિયાન અર્થતંત્રમાં નાણાંનું પ્રમાણ વધુ હોય છે તેથી ભારતીય રીઝર્વ બેંક ઑફ ઇન્ડિયા દ્વારા ફુગાવાને અંકુશમાં લેવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે અને એ આધારિત નવી નાણાંકિય નીતિ ઘડવામાં આવે છે જેમાં વ્યાજના દરમાં ફેરફારની નીતિ, સરકારી જામીનગીરીના ખરીદ-વેચાણની નીતિ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે અને આ રીતે અર્થતંત્ર માંથી નાણું પાછું ખેંચવામાં આવે છે. ફુગાવો વધવાના અનેક કારણો હોઈ શકે જેમાં મુખ્યત્વે વસ્તુના પૂરવઠામાં ઘટાડો, વસ્તુની માંગમાં અચાનક વધારો એટલે કે શ્રાવણ મહિનામાં ફ્રુટના ભાવમાં વધારો.

એક રીતે જોઈએ તો ફુગાવો દેશ માટે ફાયદાકારક છે કારણકે આ સમય દરમિયાન બજારમાં અનુકૂળ આર્થિક વાતાવરણ મળી રહેવાથી વિદેશી રોકાણનું પ્રમાણ વધે છે પરિણામે વિદેશી હુંડિયામણમાં પણ વધારો થવા પામે છે પરંતુ અમુક ટકા કરતા જો ફુગાવાનું પ્રમાણ વધી જાય તો એ પણ નુકશાનકર્તા જ છે.

# સોશિયલ નેટવર્કિંગ આધુનિક આશીર્વાદ

રાઠોડ હેમંતભાઈ એન.
સેમેસ્ટર-II

કહેવાય છે કે : "સોશિયલ નેટવર્કિંગનો રસ્તો સુરક્ષિત જીવનનો રસ્તો."

સોશિયલ નેટવર્કિંગ એ અભિશાપ હોય શકે, પરંતુ મારી દૃષ્ટિએ સોશિયલ નેટવર્કિંગ એ અભિશાપ કરતાં આશીર્વાદરૂપ વધારે છે. તો આવો જોઈએ સોશિયલ નેટવર્કિંગ હકારાત્મક કઈ રીતે છે?

આજનો યુગ ૨૧મી સદીનો યુગ છે. પ્રવર્તમાન સમયમાં સોશિયલ નેટવર્કિંગ સાઈટ આપણાં જીવનનો એક અભિન્ન અંગ બની ચૂક્યો છે. સોશિયલ નેટવર્કિંગના માધ્યમથી આજના આ યુગના લોકો પોતાની વાત જલ્દી જલ્દી બીજા લોકો સુધી પહોચાંડવા માંગે છે. લોકો સોશિયલ નેટવર્કિંગ સાઈટને પોતાની પસંદ અનુસાર

ઉપયોગ કરે છે. લોકો સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર ચિત્રો, વીડિયો, સૂચનાઓ, ડૉક્યુમેન્ટ અથવા પોતાના અનુભવો પણ લોકો સાથે વહેંચે છે.

**સમયનો સદુપયોગ :**

સોશિયલ નેટવર્કિંગે આખી દુનિયા બદલી નાખી છે. સોશિયલ નેટવર્કિંગના માધ્યમથી આપણે ઘેરબેઠા બિલનું પેમેન્ટ કરી શકીએ છીએ, ટ્રેન કે પ્લેનની ટિકિટ બુક કરાવી શકીએ છીએ, એક બેંક એકાઉન્ટમાંથી બીજા એકાઉન્ટમાં સીધા જ પૈસા ટ્રાન્સફર કરી શકીએ છીએ, દેશ -વિદેશની વિવિધ વસ્તુઓને કમ્પ્યુટર પરદે નિહાળીને ઓનલાઈન શોપિંગ કરી શકીએ છીએ, હજારો માઈલ દૂર બેઠેલા મિત્રો સાથે WhatsApp, facebook, tango અને imo દ્વારા આજે આમને-સામને બેઠા હોઈએ તેમ વાતો પણ કરી શકીએ છીએ એ વિશ્વના કોઈપણ ખૂણામાં બનેલી ઘટનાની ખબર પણ કે newshunt, ucnews કે અન્ય સાઈટ દ્વારા પળભરમાં મેળવી શકીએ છીએ. સોશિયલ નેટવર્કિંગના આવા તો ઘણા ફાયદા છે, માહિતીના અઢળક ખજાનાને આપણે સોશિયલ નેટવર્કિંગના માધ્યમમાંથી પામી શકીએ છીએ. Photos, videos, સૂચનાઓ, ડૉક્યુમેન્ટ એ એવું તો ઘણું બધુ એક જ ક્લિકમાં સહેલાઈથી મોકલી શકીએ છીએ અને પ્રાપ્ત કરી શકીએ છીએ.

**વૈશ્વિક માહિતી મેળવી શકાય:**

સોશિયલ નેટવર્કિંગના કારણે આજે આપણે એક જ ક્ષણમાં વિશ્વની કોઈ પણ વસ્તુની ઘટનાની માહિતી મેળવી શકીએ છીએ. જેમ કે અમેરિકામાં બનેલી ઘટનાને આપણે સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપરથી તરત જ મેળવી શકીએ છીએ. વિદેશમાં રહેતા આપણા મિત્રો અને પરિવાર સાથે વિડિયો કોલિંગ દ્વારા પણ વિદેશની માહિતી મેળવી શકીએ છીએ અને ઘેર બેઠા જોઈ શકીએ છીએ.

**સાચી હકીકત જાણી શકાય:**

જેમ કે પહેલાના સમયમાં લોકો સુરતથી મુંબઈ જતાં હતા પરંતુ તે ઘરે આવી જાય ત્યાં સુધી એમની કંઈ જ ખબર રહેતી નથી, પરંતુ હવે આપણે નવસારી જઈને વડપાંઉ ખાતા હોઈએ તો પણ મોબાઈલ દ્વારા એક ફોન કરી દો કે વોટ્સએપ દ્વારા એક મેસેજ કરી દો એટલે ખબર પડી જાય કે આપણે ક્યાં છે અને ઘરવાળા પણ નિરાંતે ઊંઘી શકે.

**એકલતા દૂર થાય:**

જ્યારે આપણે એકલતા અનુભવીએ છીએ, આપણે આપણા મિત્રો સાથે વાતો નથી કરતા, ત્યારે સોશિયલ નેટવર્કિંગ જ આપણને મદદ કરે છે અને આપનું એકલતાપણું દૂર કરી શકે છે સોશિયલ નેટવર્કિંગના આધારે આપણે ગમતા ચિત્રો, ગીતો, ફિલ્મો અને વીડિયો વગેરે નિહાળીને એકલતા દૂર કરી શકીએ છીએ. જી. રીનેજર્સનું કહેવું છે કે સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ તેમણે વધુ આત્મવિશ્વાસ, લોકપ્રિય અને બીજા પ્રત્યે સહાનુભૂતિ બતાવવામાં મદદરૂપ બને છે.

**જ્ઞાનમાં વધારો :**

દેશ-વિદેશની તમામ બાબતોને લાગતી નવી-નવી માહિતી જાણી શકીએ છીએ. જેમકે, ભારતમાં બેસેલ વ્યક્તિ

## પુસ્તકો- માનવીના સાચા મિત્રો

**પટેલ માર્ગીબેન આર.**
**સેમેસ્ટર -IV**

“A Room without books is a body without a soul.” -Cicero

પુસ્તકો આપના જીવનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. પુસ્તકો જેટલા આપણા મિત્ર છે તેટલા આપણા જીવનના જે મિત્રો હોય છે તેટલા બની શકતા નથી. પુસ્તકો વિના જ્ઞાન અધૂરું છે. પુસ્તકો આપણા જીવનમાં નવા સંસ્કારો, વિચારો, મૂલ્યોનું ઘડતર કરે છે. મિત્રો લાંબા સમયે સાથ છોડી દે છે, પરંતુ પુસ્તકો આપણો અંત સમય સુધી સાથ છોડતા નથી.

“Books are the real treasure of life.”

પ્રાચીન સમયમાં વાલ્મિકી, વેદવ્યાસ, કાલિદાસ,

મહાકવિ ભાસ જેવા મહાપુરુષો એ મહાન ગ્રંથો લખ્યા છે તે આપણે જીવનમાં ઉતારવા જેવા છે. જે ઘરમાં પુસ્તકો હોતા નથી તે ઘર સ્મશાન જેવું લાગે છે. તેથી જ કહેવાયું છે કે,

"પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે."

પુસ્તકો આપણા જીવનમાં ન હોત તો આપણે જ્ઞાન મેળવી જ ન શક્યા હોત. પુસ્તક આપણને કદી નિષ્ફળતા આપતું નથી. મિત્રો ન હોય તો ચાલશે પણ પુસ્તકો ન હોય તો ન ચાલે. પુસ્તક જે કંઈક શીખવે છે તે કોઈ શિક્ષક પણ આપણને શીખવી શકતા નથી. જો આપણે ખોટી દિશામાં જતાં રહ્યા હોય તો એક પુસ્તક આપણને સાચી દિશામાં રસ્તો બતાવી આપણા જીવનને સુખમય અને સારો બનાવે છે, તે જ સમયે પુસ્તક માનવીનો સાચો સલાહકાર બને છે. માટે જ કહેવાયું છે કે ગાંધીજીના જીવનમાં પણ એમણે જ્યારે રશિયન તત્વચિંતક રસ્કિનનું 'અન ટુ ધી લાસ્ટ' નામનું પુસ્તક વાંચ્યું ત્યારબાદ ખૂબ મોટું પરિવર્તન આવ્યું હતું.

આધુનિક યુગમાં ટેકનોલોજીનું પ્રમાણ વધી ગયું છે તેથી યુવાનો મોબઈલ પર અથવા કમ્પ્યુટરમાં કે ઈન્ટરનેટ પરથી પુસ્તક વાંચી લે છે અથવા ઘરે પુસ્તક મંગાવીને વાંચી લે છે. આજનો યુગ પુસ્તકમય બનવાને બદલે મોબાઈલમય, કમ્પ્યુટરમય બની ગયો છે. શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓમાં, લાઈબ્રેરીઓમાં સારૂ સાહિત્ય અને પુસ્તકો જ જોવા મળે છે જેનો આપણા યુવા વર્ગે વધુમાં વધુ લાભ લેવો જોઈએ, કારણ કે એકવીસમી સદીને "જ્ઞાન" ની સદી કહેવામાં આવી છે.

ભારતમાં રક્ષાબંધન, ભાઈબીજ જેવા તહેવારોનાં દિવસે બહેન ભાઈને રાખડી બાંધે છે ત્યારે ભાઈ ભેટસ્વરૂપે રૂપિયા અથવા ભેટ આપે છે, તે આપવાને બદલે ભેટસ્વરૂપે પુસ્તક આપે તો તેમાંથી નવા અને સારા સંસ્કારોનું સિંચન થાય છે. તેથી જ... 'બહેન રાખડી બાંધે ત્યારે તેમને પુસ્તકો ભેટસ્વરૂપે આપીએ.'

દીકરીના લગ્ન હોય તો આપણા ભારતમાં કરિયાવરમાં કબાટ, વાસણો, મંદિર, સોફાસેટ વગેરે ચીજવસ્તુઓની સાથે પુસ્તકો ભરેલી એક બેગ આપીએ. દીકરી જે ઘરમાં લગ્ન કરે તે ઘરમાં પુસ્તકો ન હોય તે ઘર નકામું છે . ડૉ. ગુણવંતશાહ કહે છે કે- "જે ઘરમાં પુસ્તકો ન હોય તે ઘરમાં દીકરી ન અપાય."

શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓમાં કાયર્ક્રમો હોય ત્યારે મહેમાનોને પુષ્પગુચ્છથી સ્વાગત કરવાને બદલે પુસ્તકથી સ્વાગત કરીએ. પુસ્તકો આપણા જીવનની ખરાબ બાબતોને સારા વિચારોમાં પરિવર્તિત કરી દે છે. પુસ્તકો આપણા જીવનના સાચા ફિલોસોફર અને માર્ગદર્શક છે. આપણે ઘર બાંધીએ ત્યારે એક રૂમ વધુ પુસ્તકો વાંચવા માટે બનાવીએ. એટલે કે, આપણા ઘરમાં એક લાઈબ્રેરી તો હોવી જ જોઈએ.

"BOOKS ARE OUR BEST FRIENDS;
AND THEY NEVER FAILING IN OUR LIFE."

"Good books are the life-blood of a nation."

Book is our real and best friend. Book gives us knowledge and pleasure.

"Good books are like gold mines."

"ભૂલ એ જીવનનું પાનું છે પણ સબંધ એ આખું પુસ્તક છે, જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો, પણ એક પાના માટે આખું પુસ્તક ના ફાડતા..."

"દોસ્તો કે બિના રહ લેંગે પર, પુસ્તક કે બિના કૈસે રહેંગે..?"

આપણે પુસ્તક વાંચ્યા વિના પરીક્ષા આપી શકતા નથી. જીવનમાં બધાં પુસ્તકો ન વંચાય તો કંઈ નહિ પરંતુ જીવનને સફળ બનાવવા માટે આવા કેટલાય સારા પુસ્તકો નીચે જણાવ્યા છે.

'સત્યના પ્રયોગો'- ગાંધીજી
'UNTO THE LAST'- RUSKIN
'ભગવાનની ટપાલ'- ગુણવંતશાહ
'સંભારણાની સફર'- સુધામૂર્તિ
'અભિજ્ઞાનશાકુંતલમ્'- કાલિદાસ
રામાયણ/મહાભારત/ભગવદ્ગીતા/કુરાન/બાઈબલ

"પુસ્તકો.. આપણા સાચા મિત્રો!"

## માંગું છું

ભંડારી નીકી બી.
સેમેસ્ટર-II

પુષ્પ નથી છતાં,
સુવાસ માંગું છું.
સ્પર્શ માત્રથી તારા,
પ્રફુલ્લિત થવા માંગું છું.
બન્યો આંસુનો દરિયો,
સુખનો તાવ અનુભવ માંગું છું.
નીંદર નથી નયનમાં મુજને,
સ્વપ્ન તારા ઉધાર માંગું છું.
નથી મેળાપ તારા હસ્તનો ને,
હસ્તમાં તારી રેખા માંગું છું.
ખુશીનો ભાવ નથી વદને મારા,
ચહેરા ઉપર તવ ખુશી ફૂહાર માંગું છું.
નથી ફરિયાદ ઈશને કોઈ,
છતાં તવ દુવા માંગું છું.
જીવન 'નીકી' બસ તારા નામનું,
ને મોત પણ તારા સહવાસે માંગું છું.

## ચિત્ર

પટેલ શેફાલી બી.
સેમેસ્ટર-II



## માતાની મમતા

મૈસુરિયા દિવ્યાંગીની એમ.
સેમેસ્ટર - IV

'માતા' શબ્દ સાંભળતા જ આપણા મનને ઘણી શાંતિ થાય છે. માતા વિશે તો જેટલું લખીએ એટલું ઓછું છે. સૌ પ્રથમ તો માતાનું સર્જન કરનાર ઈશ્વરનો હું આભાર માનું છું. આજે પણ આપણે 'માતૃ દેવો ભવ' એ સૂત્રને આપણે ભૂલી શકતા નથી. માતાની મમતા અણમોલ છે. તેની તોલે દુનિયાની કોઈપણ ચીજ વસ્તુ આવી શકતી નથી. માતા પોતાના પુત્રને કે પુત્રીને જન્મ તો આપે છે પણ જન્મતાની સાથે જ તેને ઉછેરે પણ છે. તે પોતાના બાળકની સતત કાળજી રાખે છે. માતા બાળકની સેવા ચાકરી તો કરે જ છે, પરંતુ માતા બાળક પર મમતાનો વરસાદ વરસાવે છે. બાળક ઉપરાંત તે સમગ્ર પરિવારની પણ કાળજી રાખે છે. આજના આધુનિક યુગમાં બધી જ વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે કાર્ય કરે છે, પરંતુ માત્ર ને માત્ર માતાની મમતા એ જ નિ : સ્વાર્થ હોય છે. આવી નિઃસ્વાર્થ પ્રેમની વાત્સલ્યધારા બધા જ બાળકોને મળતી નથી, અમુક બાળકો એવા પણ હોય છે કે જેને માતાનો પ્રેમ મળતો જ નથી કે થોડા સમય માટે જ મળે છે. તેઓ જ ખરેખર તો માતાનું મૂલ્ય વર્ણવી શકે.

બાળક જયારે કોઈ મોટી વિપત્તિમાં ફસાઈ જાય છે ત્યારે માતા તેને ઉગારવાનો પહેલો પ્રયત્ન કરે છે. માતાનું બાળક ગમે તેવું જેમ કે બેહરું મૂગું હોય તો પણ માતાને તેનું બાળક ખૂબ જ વહાલું છે. માતાની નજરોમાં તેનું બાળક ગમે તેટલું મોટું થઈ જાય પણ તેની નજરમાં તેનું બાળક હંમેશા નાનું જ રહે છે. 'જ્યારે બાળક નાનું હોઈ અને તે બોલી શકતું નથી ત્યારે વગર બોલ્યે કહ્યે તે બાળકનું દુઃખ સમજી જાય તે માં' અનેક કષ્ટો વેઠીને બાળકના જીવનનું ઘડતર કરનાર માતાને પોતાના બાળક પાસે કોઈ અપેક્ષા હોતી નથી આવી માતાને જ્યારે

ઘડપણમાં પોતાના પુત્ર તરફથી માન ને બદલે અપમાન અને પ્રેમને બદલે તિરસ્કાર મળે ત્યારે માતાનું હૈયું કેવી વેદના અનુભવતું હશે ? ઈશ્વર આવી વેદના કોઈને ન આપે.

માતાનું ઋણ આપણે ક્યારેય ભરપાઈ કરી શકીએ નહિ એટલે જ કવિ મલબારી એ ગાયું છે કે...

"અર્પી દઉ સો જન્મ એવડું માં તુજ છે એવું લહેણું"

"ગોળ વિના મોળો કંસાર,માં વિના સુનો સંસાર"

જ્યારે ફક્ત રોટલીના ચાર જ ટુકડા હોય અને ખાવાવાળી પાંચ વ્યક્તિ હોય ત્યારે મને ભૂખ નથી એવું કહેવાવાળી વ્યક્તિ એટલે માં. મારી વ્હાલી માં...

## પશ્ચિમી શિક્ષણ અને સમાજનું અનુકરણ

**પટેલ મિતેષકુમાર એચ.**
**સેમેસ્ટર-II**

શિક્ષણએ સમાજનો દર્પણ છે. શિક્ષણ દ્વારા સારા સમાજની કલ્પના કરી શકાય છે. વૈશ્વિકીકરણના કારણે એક સમાજ બીજા સમાજનું અનુકરણ કરતો થયો છે. આપણા સમાજે પશ્ચિમી સમાજનું ઘણું ખરું અનુકરણ કર્યું છે. જ્યારે પણ અનુકરણની વાત કરીએ ત્યારે સૌપ્રથમ ત્યાંનો પહેરવેશ અપનાવ્યો, ખાણી-પીણી, રહેણી-કરણી પણ આપણા સમાજે સ્વીકારી.

પશ્ચિમી સમાજમાં ઉજવાતા વિવિધ દિવસો જેવા કે... વેલેન્ટાઈન ડે, મધર્સ ડે, ફાધર્સ ડે, વગેરેનો આપણે સ્વીકાર કરી શકતા હોઈએ તો આપણો સમાજ પશ્ચિમી સમાજની શિક્ષણ વ્યવસ્થા સ્વીકારવામાં પાછળ કેમ છે? આ એક ચિંતનપ્રશ્ન છે. આજે આપણો સમાજ ફેશનના નામે ગમે તે પહેરવેશ પહેરે છે, ફાસ્ટફૂડ ના નામે ગમે તે ખાય છે- આ સમાજને સ્વીકાર્ય છે તો પછી શિક્ષણ વ્યવસ્થા જલ્દી કેમ સ્વીકારતી નથી? પશ્ચિમી શિક્ષણ વ્યવસ્થા બાળકને પારદર્શિતા શીખવાડે છે. ત્યાંનું શિક્ષણ પ્રયોગ આધારિત છે, તે બાળકને બાળપણથી જ સ્વનિર્ભર બનાવે છે, ત્યાંનું શિક્ષણ સમાન શિક્ષણની હિમાયત કરે છે- પ્રેસિડેન્ટનું બાળક હોય કે મજૂરનું બાળક હોય એક જ વર્ગમાં બેસીને સહાધ્યાયીઓ સાથે અભ્યાસ કરે છે. અબ્રાહમ લિંકન તેમના પુત્રને શાળામાં મૂકે છે ત્યારે તેમણે શાળાના શિક્ષકને પત્ર લખે છે, અને જયારે શિક્ષણની વાત કરીએ ત્યારે આ પત્રના કેટલાક વાક્યને યાદ કરવા પડે-

"હે, જગત મારા પુત્ર આંગળી ઝાલીને દોરજે - એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડોલર મફત મળેલા પાંચ ડોલર કરતા વધારે મૂલ્યવાન છે. એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે. "

વાત અબ્રાહમ લિંકને ઘણા વર્ષો પહેલા કહેલી, આપણે આ વાતને કેટલી સમજી શક્યા? આપણા દેશમાં આપણી શિક્ષણનીતિને આપણે કેટલી પચાવી શક્યા?

વર્તમાનમાં આપણી શિક્ષણવ્યવસ્થામાં ભૌતિક સુવિધામાં અદ્યતનપણું લાવી શક્યા. પરંતુ શિક્ષણમાં ભૌતિક સુવિધાઓનો વધારો કરવાથી સારું શિક્ષણ આપી શકાય ખરું? આપણી શિક્ષણ વ્યવસ્થા આજે પણ અધ્યાતાઓની માટે ચાર દિવાલોની વચ્ચે જેલના કેદીની માફક છે. જેલના કેદીને પણ ક્યારેક જેલમાંથી મેદાનમાં મૂકવામાં આવે છે તેમ શિક્ષણ પણ ક્યારેક વિદ્યાર્થીઓને ચાર દિવાલોની વચ્ચેથી બહાર નીકળવાની તક આપે છે, આ 'ક્યારેક' શબ્દ પીડા ઉપજાવે છે. પશ્ચિમી શિક્ષણ વ્યવસ્થા કે આપણી શિક્ષણ વ્યવસ્થા આ બેમાંથી કઈ સારી છે એવી ટીકા ટીપ્પણી વાત નથી. પરંતુ બદલાતા પ્રવાહ સાથે શિક્ષણવ્યવસ્થા પણ બદલાવવી જોઈએ. એનો મતલબ એ નથી કે આપણું શિક્ષણ ખરાબ છે અને પશ્ચિમનું શિક્ષણ સારુ પણ વાત તો શિક્ષણ પદ્ધતિની છે. આપણો સમાજ આધુનિકતાના રંગે રંગાયો છે, પરંતુ શિક્ષણ કેટલું રંગાયું તે જોવાનું છે. શું તમને લાગે છે કે શિક્ષણપધ્ધતિ પણ આધુનિકતામાં રંગાઈ ગઈ છે ખરી? વિચારો....

# પર્સનાલિટી ડેવલપમેન્ટમાં વિચારમંથન

વ્યાસ ખ્યાતિબેન ડી.
સેમેસ્ટર-IV




એક વિચાર...........

જીવન બનાવી પણ શકે,

અને બગાડી પણ શકે.


થોડા જ સમયમાં વ્યવસાયિક રીતે સફળ બનેલા યુવાનોની વાત કરતા હોઈએ ત્યારે તેમની સફળતાનો શ્રેય એક આઈડિયાને આપવામાં આવતો હોય છે. જે રીતે એક વિચાર વ્યક્તિની આર્થિક સ્થિતિ, કારકિર્દીને ટોપ પર પહોંચાડે તેમ વધુ પડતા વિચારો તેને નીચે પણ પછાડી દે છે. કારકિર્દી જ નહીં સામાજિક ઈમેજ પણ વ્યક્તિના વિચારો પર નિર્ભર કરતી હોય છે. પર્સનાલિટી સારી બનાવવી હોય તો પ્રમાણસર અને સારા વિચારો કરવા આવશ્યક હોય છે.

દરેક વ્યક્તિની પર્સનાલિટી તેના વિચારો પ્રમાણે વિકસિત થતી હોય છે. વ્યક્તિની પર્સનાલિટી સારી કે ખરાબ બનતી હોય છે. આપણા મનમાં વિવેકાનંદ, ગાંધીજી, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ વગેરે વિશે જે સારી ઈમેજ છે તે તેમના વિચારોને કારણે છે.

ઘણા લોકો એવી ફરિયાદ કરતા હોય છે કે હું, સારું-સારું વિચારતો હતો તો પછી હું કેમ કંઈ કરી ન શક્યો? કંઈક બનવાનું સપનું સેવીએ તે પણ વિચાર જ છે. કારણ કે ખુલ્લી આંખે, સજાગ મને આપણે વિચારીએ છીએ કે 'હું આવતીકાલે આવો બનીશ.' પરંતુ જ્યારે સક્રિયતાના અભાવમાં વિચારોનો ઓવરડોઝ થાય ત્યારે તે નુકશાનકારક બને છે. આખો દિવસ-રાત 'હું આમ કરીશ' ના વિચારોમાં જ ખોવાયેલો રહેતો વ્યક્તિ ખરેખર તો કોઈ કામ પૂરું કરી શકતો નથી. સામાન્ય રીતે વધુ વિચારો પાછળથી નકારાત્મક વિચારોમાં ફેરવાય છે.

- ગેરલાભ

વધુ પડતા વિચારોમાં ખોવાયેલી વ્યક્તિ વ્યવહારુ ઓછી અને નેગેટિવ વધુ બની જાય છે. તેનામાં જોશ, ઉમંગ, ઉત્સાહ, મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત, વાસ્તવિક લક્ષ્ય બનાવવાની ક્ષમતા ઓછી થતી જાય છે. વિચારોમાં ખોવાયેલા રહેવાથી આસપાસના લોકો સાથેના





સબંધોમાં ઓટ આવવાની સાથે કામ કરવાની ક્ષમતા પણ ઘટે છે.

- શું કરવું ?

માનસિક શાંતિ, એકાગ્રતા વધારે તેવી માનસિક કસરત કરવી જોઈએ. ધ્યાન, પ્રાણાયામ, યોગ વગેરે કરવાથી પણ ફાયદો થાય છે. અજાગૃત મન ને વિચારો પર કાબુ રાખવાના ઓર્ડર આપતા રહેવાથી રાહત મળશે.

# ચિત્ર

પટેલ શેફાલી બી.
સેમેસ્ટર-II



# શિક્ષકે વિકસાવવા જેવી કળા-વાંચન ટેવ

ગામીત દીપકાબેન કે.
સેમેસ્ટર -IV

શિક્ષક કે કોઈપણ વ્યક્તિ માટે સારું પુસ્તક સાચો મિત્ર છે. પુસ્તક એટલે ખોવાઈ જવાય તેવી વસ્તુ, પુસ્તક શિક્ષકો માટે માર્ગદર્શક છે. વિદ્યાર્થીના વિકાસ માટે શિક્ષક વાંચન પ્રેમી હોય તે ખૂબ જ અગત્યની બાબત છે સારું પુસ્તક વિદ્યાર્થી અને શિક્ષકનો વિકાસ કરી શકે તેવું સક્ષમ હોય છે.

શિક્ષકનું વાંચન ગુણવત્તા સભર હશે તો તેનામાં સદ્વિચારો આવશે અને નૈતિક મૂલ્યોનું ધોરણ ઉંચું લાવી શકશે. બાળકોને જે તે વિષય સમજાવવા માટે અનેક ઉદાહરણો ઉંડાણપુર્વકનુ જ્ઞાન આપી પીરસી શકશે.

પુસ્તક વાંચનને લીધે શિક્ષણમાં હકારાત્મક વલણ વિકસશે, વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધસ્પર્ધા, ગ્રૂપ ડિસ્કસન, વક્તૃત્વસ્પર્ધા વગેરેમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી શિક્ષક શાળા અને વિદ્યાર્થીઓમાં પ્રિય બની જશે. બાળક સાથેના શિક્ષણમાં તે રંગ પૂરી શકે છે.

શિક્ષકો પુસ્તક સમજીને વાંચે, વિચારે અને રસપૂર્વક પોતાના જીવનમાં ઉતારે તો બાળકના જીવન માટે તે પ્રેરણામૂર્તિ બની શકે. પુસ્તક ખરેખર જીવન સાથી છે. એકલતામાં પણ સાથ આપે છે. જીવનમાં ઘણી સારી ટેવો વિકસાવવા સતત નવું નવું વાંચવાની ટેવ પાડવા સક્રિય પ્રયત્નો કરવા જોઈએ. પુસ્તક એ ફક્ત વાંચન માટે જ નહીં પરંતુ જીવનમાં ઉતારવા, તથા જીવવા માટે હોય છે.

શિક્ષક અને વિદ્યાર્થીઓએ નવી માહિતી મેળવવા સતત વાંચતા અને વિચારતા રહેવું પડશે. દરરોજ જ્ઞાનમાં સતત વધારો નહી કરો તો આજના યુગમાં ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ છે. તે વિદ્યાર્થીઓને પણ સંતોષકારક રીતે ભણાવી શકે નહીં વર્તમાનપ્રવાહો, ટેકનોલોજીથી શિક્ષકે સતત માહિતગાર રહેવું પડશે. તે માટે વિવિધ ક્ષેત્રોના પુસ્તકો વાંચવા સિવાય કોઈ વિકલ્પ નથી.

ખરેખર આજનો શિક્ષક વાંચન પ્રત્યે જાગૃત થાય તે ખૂબ જરૂરી છે. જેથી પોતાના વિદ્યાર્થીઓમાં પણ પુસ્તક વાંચનની ટેવ વિકસાવી શકે સારું પુસ્તક વાંચવાથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરી શકાય છે. આજનો શિક્ષક પુસ્તક પ્રેમ જગાડે અને દેશના ઘડતરમાં પોતે એક ભાગ બની પોતાની શક્તિઓને જગાડે તે જ અભ્યર્થના.

# મૂલ્ય શિક્ષણ : ૨૧મી સદીની વધતી જતી માંગ

પટેલ ખુશ્બુ ડી.
સેમેસ્ટર-IV

૨૧મી સદીનું ટાબરિયું અદ્યતન ટેકનોલોજીને ડાબા હાથનો ખેલ હોય તેમ રમી રહ્યું છે. બાળક માંડ અઢી વર્ષનું થાય એટલે તો માબાપ તેને સ્કૂલમાં ધકેલી દે છે. ત્યારે બાળકનું બાળપણ તો ગુલાબની ખીલતી કળી જાણે પ્રેશરકૂકરમાં બફાઈ રહી હોય એવું લાગે છે.

બાળકને બાળપણથી જ કચડી ન નાખતાં તેને ખીલવાની તક આપવી જોઈએ. તેમની શક્તિને પારખવી જોઈએ. ફ્રોબેલ જણાવે છે કે, જો બાળક કુદરતી વાતાવરણમાં તેનું બાળપણ વિતાવે, નાચે-રાચે-ગાય-રમે, જીવનને માણે તો તે બાળક સોળે કળાએ ખીલી ઉઠે છે. જીવન જીવવાની તરેહને આજનું બાળક ભૂલી રહ્યું છે. બાળકને પ્રથમથી જ શાળા, ઘર, પરિવાર, કુટુંબમાંથી જ જો ઉચ્ચ કૌશલ્યવાન નાગરિકની કેળવણી આપવામાં આવે તો બાળકનો વિકાસ તે જ દિશામાં થાય છે.

બાળક મોટું થાય ત્યારે ભાર વિનાનું ભણતર મુજબ ભણે તેવું શિક્ષણ હોવું જોઈએ. બાળકના જીવનમાં સાચાં અને સારા મૂલ્યોનું આરોપણ કરવું એ આપણી નૈતિક ફરજ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૮૬)માં બાળકની વયજૂથને ધ્યાનમાં રાખીને ક્યા મૂલ્યો વિકસાવી શકાય તથા લઘુત્તમ મૂલ્યોની પણ ભલામણ કરી છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કિશોરાવસ્થામાં જ મૂલ્યોનું આરોપણ કરવામાં આવે તો મૂલ્યવાન નાગરિકનું ઘડતર કરી શકાય છે. જીવનમાં સ્વચ્છતા, પ્રમાણિકતા, સદાચાર, વિનય, વિવેક જેવા અનેક મૂલ્યોને અભ્યાસ સાથે જ વણી લેવામાં આવે ત્યારે જીવનનો મર્મ સમજાય છે.

જી-જીવવું

વ-વધવું

ન-નમવું

સૃષ્ટિ પર જન્મેલી તમામ વ્યક્તિ જીવન તો જીવે જ છે. પરંતુ માનવ અલગ કઈ રીતે? ત્યારે વ-વધવું તેની વૃદ્ધિ થાય છે, વિકાસ પામે છે. ત્યાર બાદ ન-નમવું માણસ મોટો થાય ત્યારે નમીને જીવે તો સાચાં અર્થમાં દેશનો મૂલ્યવાન નાગરિક ગણાય.

સાચા મૂલ્યોનું નિર્માણ કરવા પિતા પુત્ર સાથે, માતા પુત્રી સાથે, ડોક્ટર નર્સ કે આયા સાથે, આચાર્ય શિક્ષક કે વિદ્યાર્થી સાથે, મેનેજર કર્મચારીઓ સાથે જો મૂલ્યલક્ષી વ્યવહારનું આચરણ કરે તો મૂલ્યનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ કરી શકાય તેમ છે. ૨૧મી સદીની આવતીકાલને આપણે ઉજ્જવળ બનાવવા મૂલ્યશિક્ષણ એ આજની અનિવાર્ય જરૂરિયાત બની ગયું છે. ખરેખર, મૂલ્ય એ જ્ઞાન આપવાનો નહી, અનુભવનો વિષય છે.તેથી અનુભવ અને અનુકરણથી જ મૂલ્યવાન નાગરિકનું સર્જન થાય તે જરૂરી છે. લોકશાહી દેશને ટકાવી રાખવા માટે, વૈશ્વિકીકરણ, આધુનિકીરણ અને ખાનગીકરણના ક્ષેત્રે થયેલી હરિફાઈને ટકાવી રાખવા માટે પણ મૂલ્યશિક્ષણની તાતી જરૂરિયાત છે.

## પુસ્તકાલય એટલે શું ?

પટેલ ધર્મેન્દ્ર પી.
સેમેસ્ટર-II

મનુષ્ય એક વિચારશીલ પ્રાણી છે. તે શ્વાસે શ્વાસે એક નવા વિચારને જન્મ આપે છે. અનેક મનુષ્યોના વિચારોને ભેગા કરીને એક પુસ્તક્ની રચના થાય છે. અને આવા અનેક પુસ્તકો મળીને એક પુસ્તકાલયનો જન્મ થાય છે.

વિશ્વમાં બધા જ મનુષ્ય પાસે બધુ જ જ્ઞાન હોય એવું શક્ય નથી. આથી મનુષ્યએ પોતાના જ્ઞાનમાં વધારો કરવા પોતાની જિજ્ઞાસા વૃત્તિને સંતોષવા આવનાર સમયને આધીન જ્ઞાનને જાણવા મનુષ્ય પુસ્તકાલયમાં જવા લાગ્યો. ત્યાંથી તેને નવા વિચારો, નવી આશા, તર્ક કરવાના નવા માર્ગો મળ્યા. એ માર્ગે ચાલીને પોતાના જીવનને ઈચ્છિત દિશા તરફ તે લઈ જવા લાગ્યો. જેમ ભગવાને બનાવેલ મનુષ્ય એક નથી તેમ મનુષ્યના વિચારો પણ એક નથી. આથી અલગ અલગ મનુષ્ય દ્વારા અલગ અલગ પુસ્તકોની રચના થઈ. વ્યક્તિએ પોતાના કાર્યને સરળ બનાવ્યા. મનુષ્ય આવા અલગ અલગ પુસ્તકોને વાંચી વિચારી તર્ક કરીને પોતાના વિચારો સાથે નવી માહિતીનું સર્જન કરતો થયો. ભગવદગીતા, કુરાન, બાઈબલ જેવા ધાર્મિક, પુસ્તકમાંથી જીવનની સમસ્યાના સમાધાન મળે છે. મનુષ્યની બધી જ ચિંતા, વ્યથા, દુ:ખનો માર્ગ આ પુસ્તકો દ્વારા આપણને મળે છે. તેવી જ રીતે શિક્ષણના આ જગતમાં તમામ સવાલોના જવાબ આપણને પુસ્તકાલય રૂપી છોડ દ્વારા મળે છે અને એ છોડના પુષ્પરૂપી જવાબને આધારે આપણે શિક્ષણ જગતમાં આગળને આગળ વધવાના માર્ગે જઈએ છીએ અને અંતે આપણે પણ આપણા નવા જ્ઞાનના વિચાર થકી એક નવા પુસ્તકને જન્મ આપી એક પુસ્તકાલયરૂપી ઘરમાં એનો ઉછેર થવા મુકીએ છીએ. જેના ફળ આવનારા સમયમાં ત્યાં આવનાર દરેક મનુષ્ય લેશે.

## પતંગિયું

ચૌધરી સમિતા કે.
સેમેસ્ટર-II

રંગબેરંગી પાંખોમાં,
વળગી રહેતી એની આંખો.
સુંદરતાના મોહમાં,
ફૂલોમાં એ રહેતું.
રંગબેરંગી આ દુનિયામાં,
કેવું મસ્ત મોજમાં ફરતું.
ધરતીનું સુખ જાણે,
આકાશમાં એ માણતું.
પવનની લેહેરો સાથે,
આકાશમાં એ જતું.
વાદળોમાં રહી જાણે,
વાતો એ કરતું.
આ રંગબેરંગી પતંગિયું,
સૌને એ આકર્ષતું.

## उम्मीदें

पाडवी अनुराधा ए.
सेमेस्टर-II

यूँ हि नहि मिली है ये जिंदगानी,
खुदा ने भी कुछ तो सोचा होगा ।
यूँ हि नहीं मिली है ये कहानी,
हर मोड़ की दांस्ता है ये कहानी।
यूँ हि नहीं मिली है ये बेताबियाँ,
कुछ तो मेहरबानियाँ होगी ना !
यूँ हि नहीं मिलती दुआएँ,
दुआओं को पाने में सिर जुकाया है ।
यूँ हि नहीं उड़ान होती परिंदों की,
उन्हें भी पर फेलाने पड़ते है ।
यूँ हि नहीं आती है उम्मीदें,
हौंसला बुलंद होना चाहिए... ।
तभी तो उम्मीदों की हौंसलों से
जिंदगानी की उड़ान होती है... ।

## યોગ

પટેલ કલ્પેશભાઈ ટી.
સેમેસ્ટર-II

"યોગ" શબ્દ અનેકવિધ અર્થમાં અને વ્યાપક પ્રમાણમાં વપરાય છે. યોગાભ્યાસનો આરંભ કરનારે સ્પષ્ટ રીતે સમજી લેવું આવશ્યક છે કે યોગ શું છે અને શું નથી. યોગના હેતુ, સ્વરૂપ અને પદ્ધતિને યથાર્થ સમજ્યા વિના જ યોગાભ્યાસ કરવામાં આવે તો યોગ સિદ્ધ થતો નથી.

આપણી ચારે બાજુ વિસ્તરેલું ભૌતિક જગત જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રતીત થાય છે. એટલે આપણે એનો નિ:શંક સ્વીકાર કરી શકીએ છીએ. પરંતુ આ દૃશ્યમાન જગતમાં જ સમગ્ર અસ્તિત્વ આવી જતું નથી. આ ભૌતિક જગતથી પર ચેતનાના અને સ્તરો સુધી અસ્તિત્વ વિસ્તરેલું છે અને એ બધાથી પર અને બધામાં ઓતપ્રોત ચૈતન્ય તત્ત્વ છે. આ ચૈતન્યનો સંપર્ક, તેની સાથે તાદાત્મ્ય, તેની સંપ્રાપ્તિમાં જીવનની ધ્યેય છે અને એ જ વાત ભગવત પ્રાપ્તિ, આત્મપ્રાપ્તિ, બ્રહ્મનિષ્ઠા, જીવનમુક્તિ, નિર્વાણ કે એવા શબ્દો દ્વારા સૂચવાય છે.

જેમ ભૌતિક જગતના અભ્યાસ માટે અનેક વિજ્ઞાનશાખાઓનું નિર્માણ થયું છે તેમ આ પરમ ચૈતન્યના અનુભવ માટે તેની સંપ્રાપ્તિ માટેનો સાધન માર્ગ છે. એ લક્ષ્ય સુધી પહોંચાડનાર માર્ગને જ "યોગ" એવું નામ આપવામાં આવે છે આમ યોગ એટલે પરમ સત્યની પ્રાપ્તિ

માટેની સાધન પદ્ધતિ. યોગ એટલે આધ્યાત્મનું વિજ્ઞાન.

આપણા પ્રાચીન શાસ્ત્રોનાં યોગના સ્વરૂપને સમજાવતી અનેક વ્યાખ્યાઓ આપવામાં આવી છે. એમાંની કેટલીક આપણે અહીં જોઈએ :

**योग: कर्मसु कौशलम्**(ભગવદ્ગીતા) અર્થાત્ યોગ એટલે કર્મોમાં કુશળતા.

કર્મયોગને ખ્યાલમાં રાખીને આ વ્યાખ્યા આપવામાં આવી છે. કુશળતાનો અર્થ અહીં કર્મ કરવાની બહિરંગ કુશળતા (efficiency) નથી. અહીં કુશળતા દ્વારા કર્મયોગ માટેનું, ઉપયુક્ત આંતરિક મનોવલણ સૂચવાયું છે.

**समत्वं योग उच्यते**(ભગવદ્ગીતા) અર્થાત્ સમત્વને યોગ કહેવાય છે. ચિત્તની સમતાયુક્ત અવસ્થાને અહીં યોગ કહેવામાં આવેલ છે. વૃત્તિઓમાંથી મુક્તિની અવસ્થાને સાચા અર્થમાં સમત્વ કહેવાય.

**दु:खसंयोगवियोगं योगसंज्ञितम्**

(ભગવદ્ગીતા) અર્થાત્ દુ:ખ સાથેના સંયોગમાંથી મુક્તિને યોગ કહેવાય છે. દુ:ખમાંથી આત્યાંતિક મુક્તિને અહીં યોગ ગણવામાં આવેલ છે. સુખ દુ:ખથી પરની અવસ્થામાં સ્થિત થવાને યોગ ગણવામાં આવેલ છે.

**योग: संह्नोपय: ध्यान: संगती युतिक्शु**

(અમરકોશ) અર્થાત્ યોગ શબ્દનો અર્થ તૈયારી, ઉપાય, ધ્યાન, સંગતી અને યુક્તિના અર્થમાં થાય છે.

અહીં અમરકોશકાર "યોગ"ના પર્યાયવાચક શબ્દો આપે છે - તૈયારી (આધ્યાત્મની તૈયારી), ઉપાય (આધ્યાત્મિક વિકાસનો ઉપાય), ધ્યાન, સંગતિ (સંવાદિતા) અને યુક્તિ (આધ્યાત્મિક વિકાસની યુક્તિ). આ શબ્દો મુજબ આધ્યાત્મિક વિકાસ માટે શરીર, પ્રાણ, મન અને બુદ્ધિથી જે કંઈ કરવામાં આવે તેને યોગ કહેવામાં આવે છે .

**योग: समाधि:** અર્થાત્ યોગ એટલે સમાધિ.

યોગસૂત્ર પરના વ્યાસભાષ્યમાં આ વ્યાખ્યા આપવામાં આવેલ છે. યોગ એટલે સમાધિ અવસ્થા અને યોગ એટલે અવસ્થાની પ્રાપ્તિ માટેનો સાધનમાર્ગ. એમ બંને અર્થો આ વ્યાખ્યાથી સૂચવાય છે. એટલે યોગનો સાધ્યલક્ષી અર્થ અને સાધનલક્ષી અર્થ એમ બંને અર્થ આ વ્યાખ્યામાં આવરી લેવામાં આવેલ છે એમ સમજવું જોઈએ.

કેટલાક વિદ્વાનો "યોગ" શબ્દની **"युखयते असो योग:"** એવી વ્યુત્પત્તિ લઈને, યોગ એટલે આત્મા અને પરમાત્માનું મિલન એવો અર્થ લે છે. પરંતુ યોગદર્શનની તત્વમીમાંસા સાથે આ અર્થ બંધબેસતો નથી. તેથી "યોગ" શબ્દનો અર્થ જોડનાર એમ લેવાને બદલે યોગ એટલે સમાધિ, એમ લેવો વધુ ઉપર્યુક્ત છે એમ બીજા વિદ્વાનો માને છે. પોતપોતાની દ્રષ્ટિથી બંને અર્થો સાચા છે.

**योग: चित्त-वृत्ति निरोध:** (૧-૨ યોગ સૂત્ર) અર્થાત્ યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ.

અહીં પણ આ નિરોધાવસ્થા અને તે અવસ્થા સુધી પહોંચવાનો સાધનમાર્ગ, એમ બંને અર્થો સાથે સમજવાના છે. અહીં નિરોધનો અર્થ દમન નહિ પણ શમન છે. બહિરંગ અને અંતરંગ યોગના અભ્યાસથી ચિત્તની વૃત્તિઓ મોડી પડે છે અને છેવટે ચિત્ત વૃત્તિઓથી મુક્ત બને છે. આ અવસ્થાનો નિરોધ કહે છે. આ નિરોધાવસ્થાના અનેક સ્વરૂપો છે. જેની યોગસૂત્રમાં મીમાંસા કરવામાં આવી છે. આ નિરોધાવસ્થાનો અભ્યાસ આખરે સાધકને કૈવલ્યાવસ્થા સુધી દોરી જાય છે, જેમાં જીવનની કૃતાર્થતા છે, એવા યોગની ધારણા છે. જીવનનું સ્વરૂપ એટલું વ્યાપક અને રહસ્યપૂર્ણ છે અને આધ્યાત્મનું ક્ષેત્ર એટલું વિશાળ તથા સૂક્ષ્મ અને શબ્દાતીત છે કે યોગની સર્વાંગ સંપૂર્ણ વ્યાખ્યા આપવાનું કામ દુષ્કર છે. આપણે પ્રયત્ન કરીએ. યોગની વ્યાખ્યા આપીએ તે પહેલાં યોગના સ્વરૂપ અંગે કેટલીક મૂળભૂત હકીકતો સમજી લઈએ.

યોગનું લક્ષ્ય આધ્યાત્મિક પૂર્ણતા છે. આધ્યાત્મિક પૂર્ણતાના સ્વરૂપ અંગે ભિન્ન-ભિન્ન ધારણાઓ છે. આ દરેક ધારણા પરમ સત્યના કોઈ એક કે વધુ પાસાને મહત્ત્વ આપે છે.

યોગ આ લક્ષ્ય સુધી પહોંચવાનો સાધનમાર્ગ આપે છે. સાધ્યના સ્વરૂપ અંગેની ભિન્ન-ભિન્ન ધારણાઓને અનુરૂપ ભિન્ન ભિન્ન સાધનમાર્ગો છે. દરેક સાધનમાર્ગ સાધકના વ્યક્તિત્ત્વના કોઈ એક કે વધુ પાસાને કેન્દ્રમાં રાખીને રચાય છે. જેમ કે જ્ઞાનયોગ વિશુદ્ધ બુદ્ધિને, હઠયોગ પ્રાણને અને ભક્તિયોગ ભાવને કેન્દ્રમાં રાખે છે.

આ સાધનમાર્ગો-યોગ પદ્ધતિઓ વચ્ચે પરસ્પર વિરોધ નથી કેમ કે બધા એક જ પરમ સત્યના તરફ દોરી જતા માર્ગો છે. યોગના સ્વરૂપ અંગે ઉપરોક્ત હકીકતોને ખ્યાલમાં રાખીને આપણે યોગની એક વ્યાપક વ્યાખ્યા આ પ્રમાણે આપી શકીએ.

“યોગ એટલે પરમ સત્યની પ્રાપ્તિ માટેની સાધના પદ્ધતિ.” અથવા “યોગ એટલે આધ્યાત્મનું દર્શન, વિજ્ઞાન અને કળા.”

## એક નજર

ગામીત અનિતાબેન બી.
સેમેસ્ટર-II

દાન આપો જમણા હાથે
ડાબા હાથને કહેશો નહિ.
આંસુ લૂછો દીનદુખિયાના,
કોઈના કાનમાં કહેશો નહિ.
ભૂલો કરો જીવનમાં જ્યારે,
કબૂલાતમાં નાનપ માનશો નહિ.
વર્તમાનની સુખ-સાહેબીને તમે,
ભવિષ્યની મૂડી ગણશો નહિ.
રિદ્ધિ-સિદ્ધિને પામો ત્યારે,
ધરતી પર પગ મૂકવાનું ભૂલશો નહિ.
માતા-પિતાની સેવા કરો ત્યારે,
સ્વર્ગની આશા કરશો નહિ.
પ્રભુ ભક્તિમાં તલ્લિન બનો જ્યારે,
પુણ્ય-કીર્તિની માંગણી કરશો નહિ.
સુખ શાંતિ, ઠાઠમાઠ પામો ત્યારે,
પ્રભુ ચરણે ઝૂકવાનું ચૂકશો નહિ.

## મારા મનની વાત

પટેલ જીજ્ઞાશાબેન કે.
સેમેસ્ટર-IV

મનમાં ને મનમાં મુંઝાઉ છું,
કોને કહું હું મારા મનની વાત ?
આ દુનિયામાં તો છે બધે જ સ્વાર્થ
તો કોને કહું હું મારા મનની વાત ?
જ્યાં જોઉ છું ત્યાં બસ,
દેખાઈ છે એક જ સ્વાર્થ,
આ મારું છે , આ તારું છે,
જે સારું છે તે મારું છે,
જે ખરાબ છે તે બીજાનું,
તો કોને કહું હું મારા મનની વાત ?
મારે કહેવી એક જ વાત,
ન રાખો ભેદભાવ કે ન રાખો સ્વાર્થ,
આ દુનિયાના બધા માનવી સરખા
રાખો એ વાત યાદ,
મારા મનની વાત કોણ સમજશે આજ ?
જે સમજશે મારી વાત,
તે મારી દ્રષ્ટિએ નિ:સ્વાર્થ.

## ચિત્ર

પટેલ શેફાલી બી.
સેમેસ્ટર-II



## FOR TEACHERS

Shah Pinaben U.
Semester-II

Teachers change lives. Being the right person at the time may be enough to change a person's life forever. Human beings are constantly changing. Whether for the good or for the bad. We do not stay the same. Having a positive influence in the form of a teacher can break a human being. Years after we are out of school, we remember the teachers that changed our lives. In most cases these may have been the first people that believed in us. That experience of having an authority figure believe that we could succeed carries us forever.




## તુમ્હે માંગેંગે ખુદા સે...

શેખ તઝીનાબાનુ એમ.
સેમેસ્ટર-IV

સુનતે હે કિ મિલ જાતી હે હર ચીઝ દુઆ સે,
એક રોજ તુમ્હે માંગ કે દેખેંગે ખુદા સે
તુમ સામને હોતે હો તો હૈ કૈફ કિ બારીસ,
વો દિન ભી થે જબ આગ બરસતી થી ઘટા સે
એ દિલ, તું ઉન્હેં દેખ કે કુછ એસે તડપના,
આ જાએ હંસી ઉનકો જો બેઠે હૈ ખફા સે
દુનિયા ભી મિલી હૈ ગમ-એ-દુનિયા ભી મિલા હૈ,
વો હી કયું નહિ મિલતા જીસે માંગા થા ખુદા સે
લોગ કેહ્તે હૈ કિ તૂટા હુઆ તારે સે ક્યાં ઉમીદ રખના,
વો તો ખુદ હી તૂટા હુઆ હોતા હૈ..
કિન્તુ યે બાત ભી સચ હૈ કિ વો,
તૂટા હુઆ જરૂર હોતા હૈ, લેકિન કિસીકે હાથ કી દુઆઓ
કિ લકીર બન જાતા હે
મેરી મોહબ્બત કો તું યુહી ઝાયા મત કર
મેરે દિલકી રૂસ્વાઇ કો તું યુંહી તડપાયા મત કર
મેરી રૂહ સે નિકલી હુઈ હર એક આવાઝ...
સિર્ફ તેરી ઓરસે હૈ ઉસે તું હરદફા આઝમાયા મત કર
યહી મેરે દિલ કિ તમન્ના હૈ.

## મને વિકસવા દો !

પટેલ કલ્પનાબેન આર.
સેમેસ્ટર-IV

ચાલો ઉઠો ઉઠો ૬ વાગી ગયા રિક્ષા કે વાન આવી જશે, આપણે જ્યારે આવું આપણા ૩ વર્ષના બાળકને કહીએ ત્યારે આ કેટલું વ્યાજબી છે ! જે બાળક ૩ વર્ષનું છે. જેને ૮:૦૦ વાગ્યે ઉઠવાની આદત છે તેને આપણે આપણું કાર્ય સારી રીતે થાય અને ૩ કલાક માટે બાળક હેરાન ન કરે એટલાં માટે તેને પ્લેગ્રુપમાં મૂકી દેવાનું. જે બાળક હજી સારી રીતે બધું બોલતા પણ નથી શીખ્યું. એને આપણા સ્વાર્થ માટે પ્લે ગ્રૂપમાં મૂકી દેવું કેટલું વ્યાજબી કહેવાય !

કારણ આજની પેઢી એટલે કે મા-બાપ અરેરે મા-બાપ નહીં મમા અને ડેડી વધારે પડતા શિક્ષિત છે. જેમની પાસે પોતાના બાળક માટે સમય નથી. જોઈન્ટ ફેમિલીમાં રહેવું નથી. અને પોતાના જ બાળકનું બાળપણ જોવાનો પણ સમય નથી. એનાથી તો પેલા ગરીબ અને અશિક્ષિત મા-બાપ સારા કે જેઓ જ્યાં કામ પર જાય છે. ત્યાં પોતાના બાળક સાથે તો લઈ જાય છે. પોતાની આંખ સામે પોતાનું બાળક મોટું તો કરે છે. પછી ભલે ને તે બે કે ત્રણ હોય.

આજના મમા અને ડેડી પોતાના બાળકને ચપ્પલ પહેર્યાં વગર ઘરમાંથી બહાર નીકળવા નથી દેતા. ધૂળમાં રમવા નથી દેતા, ઢીંગલા-ઢીંગલીની જેમ આખો દિવસ શણગારીને ફેરવ્યા કરે છે. બાળકે તો બસ સ્કૂલ જવાનું અને ટ્યૂશન જવાનું અને તે પણ બે-બે.

હું કહું છું કે દરેક મમા-ડેડીને કે તમને બાળકના બાળપણ છીનવાનો અધિકાર કોણે આપ્યો? બાળકને જન્મ આપ્યો એટલે એના ભાગ્યવિધાતા બની જવાનું ! તમે કેમ સમજતા નથી કે બાળક એ તમારા હાથની ખેલ કરતી કઠપૂતળી નથી પણ માનવ છે. ભવિષ્ય છે.

મારી તમને સૌને નમ્ર અરજ છે કે તમે બધા મમા -ડેડી સવારે રિક્ષા અને વાનમાં ઘેટાંબકરાની જેમ ભરાઈને જતા નાના-નાના બાળકોને ધ્યાનથી જોજો. તમારું બાળક કુમળી કળી છે. એને ખીલતા પહેલા જ મુરઝાવા ન દો !

જ્યારે તમે આવા નાના-નાના બાળકોને જોશો ત્યારે તે બધાની આંખમાંથી માટે એક જ પ્રશ્ન હશે ? મને રમવા દો! મને વિકસવા દો!

આપણે પણ કેવા હો -
"નર્સરી માંથી છોડ,
ઘરઆંગણે લઈ આવીએ છીએ
અને ઘર આંગણાનો છોડ,
નર્સરીમાં મૂકી આવીએ છીએ."

## પ્રેમ...

સોનટક્કે પ્રિયંકા વાય.
સેમેસ્ટર-IV

પ્રેમ એ ઈશ્વર તરફથી મળેલી સુંદર સોગાત છે, એ કુદરતની અસીમ શક્તિનો સ્ત્રોત છે. જેમ સૂર્ય એ ઉર્જાનો મોટામાં મોટો સ્ત્રોત છે તેવી જ રીતે પ્રેમ એ જીવન જીવવા માટે પ્રેરણા આપનાર શક્તિનો મોટામાં મોટો સ્ત્રોત છે. કહેવાય છે કે પ્રેમ માણસને બદલી નાખે છે. એનામાં વિશ્વાસ, લાગણી, માન-સન્માન અને એક સાચા અર્થમાં જીવનને જન્મ આપે છે. એટલે જ તો મીરાંબાઈ જેને પતિ માની આખી જિંદગી પ્રેમ કર્યો તેવા કૃષ્ણ પર આંખો મીંચી વિશ્વાસ રાખ્યો હતો જેનું પરિણામ આપને સૌ જાણીએ છીએ કે વિષ અમૃતના ગુણ ધારણ થવા મજબૂર બને છે. શું મીરાંને ભય લાગ્યો ન હોય કે જો આ વિષ હું પી જઈશ તો મરી જઈશ? જવાબ છે ના.. મને પુછશો તો હું એટલું જ

કહીશ કે જયા પ્રેમમાં સમર્પણ હોય ત્યાં બીજા કોઇને સ્થાન ક્યાં રહે છે. મિત્રો, પ્રેમ એ એવી વસ્તુ કે લાગણીનો ભાવ છે જેમાં શબ્દો હોતાં નથી કે પછી ખૂબ જ ઓછા હોય છે. જેમાં પ્રિય વ્યક્તિને થતી પીડા આપણને થવા લાગે છે, એને જો દુ:ખ આપવા જઈએ તો આપણને જ દુ:ખની લાગણી અનુભવાય છે. આવા સમયે તો સમજ જ નહીં પડે કે કઈ દુકાનમાં આ દુખાવાની દવા મળશે.તેમ છતાં આ પ્રેમ અમૂલ્ય છે. કારણ કે ઈશ્વર પણ પ્રેમ માટે તરસે છે. આજે યુવાનો બે પ્રકારના પ્રેમ કરે છે. એક છે શારીરિક પ્રેમ અને બીજો તે આંતરિક પ્રેમ. જો તમને કોઈ વ્યક્તિ પ્રત્યે શારીરિક પ્રેમ હશે તો એ વ્યક્તિ કદરૂપી બનતા કે અન્ય વ્યક્તિ તેના કરતા વધુ સુંદર મળતા તમે તેની તરફ સરળતાથી આકર્ષાઈ જશો. પરંતુ જો તમારો પ્રેમ આંતરિક હશે તો સામેવાળી વ્યક્તિ જો શારીરિક ખામીવાળી કે કદરૂપી થશેને તો પણ  જીવનના છેલ્લા શ્વાસ સુધી તમે એને જ ચાહશો. જે શારીરિક પ્રેમ કરે છે તે જીવનભર ભટકતો જ રહે છે અને ક્યારેય સંતોષ શું છે તે સમજી શકતો નથી. પરંતુ જે આંતરિક પ્રેમ કરે છે તે વ્યક્તિને પોતાના પ્રેમરૂપી સ્વજનને જોતા જ સ્વર્ગ મળી ગયું હોય તેવી અનુભૂતિ થાય છે. જો જીવનમાં તમે  કોઈને પ્રેમ કર્યો હોય તો જરાક વિચારજો કે મારો પ્રેમ કેવો હતો? સાચા પ્રેમમાં ફક્ત પ્રસંશા કરવી કે પછી એકબીજાનો સહવાસ જ હોય તેવું હોતું નથી તેમાં ગુસ્સો પણ હોય, ઝગડો પણ હોય, થોડું રુઠવું ને થોડું મનાવવાનું પણ હોય છે. જો ભૂલ થાય તો તો થોડું પ્રેમ બતાવી મનાવી પણ લેવાતું હોય અને માફ પણ કરી દેવાય છે. કારણ કે એ એને મન તો હૃદય હોવું જરૂરી છે પણ ધબકારા તો તું જ છે ને! તું જ ન હોય તો આ હૃદયનું કંઈ કામ ક્યાં છે? પ્રેમએ એવી અનુભૂતિ છે જે માણસને નિષ્ઠાવાન, કર્તવ્યબદ્ધ, વિશ્વાસુ, ત્યાગભાવના જેવા ઊંચા ગુણોથી નવાજે છે. જરૂરી નથી વારે ઘડીએ કહેવું કે-I LOVE YOU પણ ક્યારેક દર્શાવવું એની પણ અનિવાર્યતા તો હોય છે. જ્યારે આપણી નજીકની વ્યક્તિ આપણી પાસે ન હોય અને તે સમયે ફક્ત આખો બંધ કરવા માત્રથી અનુભવાય કે તે સ્પર્શી ગયા તો સમજવું એ તો સદાય તમારા નજીક જ છે. કેટલીકવાર  એવું બને કે તમે તેમને  હૃદયથી યાદ કરો અને એ દેખાઈ જતા જ ઝડપથી પગ થંભી જાય તો સમજો પ્રેમ છે.

હું વધુ તો જાણતી નથી પણ એટલું જાણું છુ કે પ્રેમ જયારે થાય છે અને તે પણ સાચો ત્યારે વ્યક્તિ પોતાની ખુશી ક્યાં જોય છે બસ આપણું પ્રિયપાત્ર ખુશ દેખાય તો આનંદ અનુભવે છે. એને સાચવે, કાળજી લે, પોતાના પર અધિકાર પણ આપે છે. મિત્રો, આવો પ્રેમ ફક્ત કોઈ સ્ત્રી કે પુરુષ વચ્ચેનો જ છે આવું હું કહેતી નથી. પરંતુ વ્યક્તિનો માતાપિતા પર, પત્નીનો પતિ પર, પતિનો પત્ની પર, બાળકો પર, સગાસબંધીઓ કે મિત્ર વર્તુળપર તેમજ આ દેશનો વાસી તરીકે દેશ પર પણ હોય શકે છે. જેને આપણે પોતાના કરતા વધુ ચાહિયે છીએ. બાકી તો સાહેબ આ દુનિયામાં હિંસકપ્રાણીઓ સમાન વ્યક્તિઓ પણ છે જે ઘાત લગાવીને બેઠા છે. જો કે, એક સજ્જન વ્યક્તિ શોધવો એટલું બધું પણ મુશ્કેલ તો નથી જ. મિત્રો, પ્રેમ માટે યોગ્યતા લાગેછે, એવા વ્યક્તિને પ્રેમ કરવું જે એની કદર જાણે એ પણ જરૂરી છે. વળી, આ વાત પણ ભુલાવી ન જોઇએ કે આપણે પણ કોઈના પ્રેમના લાયક બનીએ તે માટે પ્રયત્ન જોઈએ. કદાચ આપણી જરૂર પણ કોઈને હોય......

## महिला साक्षरता

राइ रूचि ए.
सेमेस्टर -II

साक्षरता को किसी भी देश के विकास की चाबी माना जाता है। राष्ट्र  उन्नति के के देश के प्रत्येक नागरिक को साक्षर होना आवश्यक है, पर हमारा देश साक्षर दर के मामले में विश्व साक्षरता दर से काफी पीछे है।यहाँ पुरुष साक्षरता दर ८२.१४ % है तथा महिला साक्षरता ६५.४६  % है, इस प्रकार दोने के साक्षरता दर में काफी अंतर है। और भारत


के अलग अलग राज्यो में महिला साक्षरता में तो बहुत भिन्नता है, यहाँ केरल में महिला साक्षरता ८६ % तो वहीं बिहार में महिला साक्षरता ५५ % है।

इस में कोई शक नहीं की आज़ादी बाद भारत में महिला साक्षरता दर में वृध्धि हुई पर विश्व के अन्य देशो की तुलना में बहुत कम है। सरकार की इतनी कोशिशो के बाद भी महिलाओ की शिक्षा में सुधार नहीं हो पाया है।

एक रिपोर्ट अनुसार हमारे देश में ५०% लडकिया १० कक्षा के बाद स्कूल छोड़ देती है, वो सरकार के लिए बहुत चुनौती है। महिला निरीक्षरता हमारे देश के विकास में सब से बड़ी अवरोध है पर सवाल यह होता है की इतनी सारी कोशिशो के बाद महिला साक्षरता दर कम क्यों है? जिसमे मुख्य कारण है—गरीबी , लैंगिक भेदभाव , आर्थिक स्थिति , आत्मविश्वास की कमी और सर्मिली प्रवृति। अगर एक महिला शिक्षित होती है तो वह सामाजिक बुराईयों, घरेलु हिंसा, दहेज़ मांग, कम मजदूरी आदि कारणों का विरोध कर सकती है। अपने परिवार को शिक्षित बना सकती है और परिवार में एक अच्छा नागरिक तैयार कर सकती है, क्योकि अगर एक महिला अशिक्षित होगी तो वह अपने परिवार के साथ पुरे देश को प्रभावित करेगी।

इस लिए देश के साथ देश का प्रत्येक नागरिक जागृत बने और अपने लड़किओ को किसी भी कारणों से शिक्षा से वंचित न रहने दे।




JCI દ્વારા સુરત શહેરની નામાંકિત શાળાઓમાંથી ૨૫૦ જેટલા શિક્ષકોનો ઋણસ્વીકાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં સ્વર-શ્રુતિ વિદ્યામંદિર (મુક-બધિર શાળા)-સુરતની શાળામાં મુક બધિર બાળકોને શૈક્ષણિક યુક્તિ - પ્રયુક્તિ ,રમત ધ્વારા જ્ઞાન આપવા બદલ શ્રી ભૂમિકા એમ પટેલ નું સન્માન કરવામાં આવ્યું હતું.

# રત્નકણિકા

**સંકલન :પટેલ રવિના એફ.**
**સેમેસ્ટર-IV**

વર્તમાનમાં બાળક બનો,
સત્યમાં યુવાન બનો અને જ્ઞાનમાં વૃદ્ધ બનો.
સફળતા જીવનની હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઈમારત નકશામાં નથી હોતી.
શિક્ષક કભી સાધારણ નહીં હોતા.
પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં.
આયોજન વિનાનું કાર્ય શઢ વિનાના જહાજ જેવું છે.
શિક્ષણ અને સમાજ પરસ્પર પુરક છે.
અમને નાંખો જિંદગીની આગમાં
અમને આગને પણ ફેરવીશું બાગમાં
કદમ હો અસ્થિર એને કદી રસ્તો જડતો નથી.
અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.

ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પહલે
ખુદા બંદે સે પુછે, બતા તેરી રઝા ક્યા હૈ.
આત્મ વિશ્વાસ એ મોટામાં મોટી સફળતા છે.
મૂલ્ય એટલે જીવનરીતમાં વણાયેલો વિવેક.
શ્રમ કરીને થાકી ન જવાય ત્યાં સુધી દેવો પણ મદદ કરતા નથી.
માનવીનું મૂલ્યાંકન તેણે નિષ્ઠા પૂર્વક કરેલા જીવન કર્મોથી થાય છે. સ્થાનથી નહિ.
જીવનમાં કદી બીજાની લીટી ભૂંસવાનો પ્રયત્ન કરશો નહીં.
કટાઈ જવા કરતાં કામ કરી ઘસાઈ જવું સારું,
તારૂ સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે.

# આજનું શિક્ષણ

**સંકલન : ખાલીફા સાલેહાબાનુ એ.**
**સેમેસ્ટર-IV**

આ સઘળા ફૂલોને કહી દો યુનિફોર્મમાં આવે
પતંગિયાઓને પણ કહી દો સાથે દફતર લાવે
મન ફાવેતા માછલીઓને આમ નહીં ફરવાનું
સ્વીમીંગ પુલના સઘળા નિયમોનું પાલન કરવાનું
દરેક કુંપળને કમ્પ્યુટર ફરજિયાત શીખવાનું
લખી જણાવો વાલીઓને તુર્ત જ ફી ભરવાનું
આ ઝરણાંઓને સમજાવો સીધી લીટી દોરે

કોયલને પણ કહી દેવું ના ટહુકે ભરબપ્પોરે
અમથુંકે આ વાદળીઓને એડમિશન દેવાનું
ડોનેશનમાં આખ્ખે આખ્ખું ચોમાસું લેવાનું
એક નહીં પણ મારી ચાલે છે અઠ્યાવન સ્કૂલો
'આઉટડેટ' થયલો વડલો મારી કાઢે છે ભૂલો

**-કૃષ્ણ દવે**

http://www.mavjibhai.com/kavita%20files/aajnu.htm

# અભિમાન

સંકલન : ગામીત પ્રીતિબેન આર.
સેમેસ્ટર-IV

આ અભિમાન પણ જબરું છે સાહેબ,
જેમાં દિવસ હોવાં છતાં કોઈની
લાગણી ન દેખાય,
ચાહતા હો તમે જેમને દિલથી,
લોકોને તો તેની ફક્ત
બેવફાઈ જ દેખાય.
કેટકેટલાય પ્રયત્નો કરો તમે
કોઈને મનાવવાના,
અહીં પગના તળિયા ઘસાઈને
'તોય વાંક રસ્તાનો જ કહેવાય.

જેમની ખાતર તમે જીવો
વસમી જિંદગી 'ઇસુ નંદ'
એ જ દાઝ્યા પર ડામ દઈ જાય
ખોટું ન લાગી જાય,ખોટું ન થઈ જાય
બસ એ જ વિચાર્યું અમે તો
જિંદગી ભર,
ને ખોટું કરનારા જ આજે,
જીવન સમજાવવા બેસી જાય.

સાભાર - ભાવિક ધમલ: ઈશુનંદ':(વસ્ત્રાલ-અમદાવાદ) http://m.gujaratsamachar.com/articles/display_article/sahiyar/sahiyar-magazine-reade-article-31102017

## બચપન

સંકલન : પટેલ કરિશ્મા એ.
સેમેસ્ટર-IV

એક બચપન કા જમાના થા
જીસમે ખુશીયોં કા ખજાના થા
ચાહ તો ચાંદ કો પાને કી થી
પર દિલ તિતલી કા દિવાના થા
ખબર ના થી કુછ સુબહ કી
ના શામ કા ઠીકાના થા
થક કર આના સ્કૂલ સે
પર ખેલને ભી જાના થા
માં કી કહાની થી
પરિયો કા ફસાના થા
બારીશ મેં કાગજ કી નાવ થી ,
હર મોસમ સુહાના થા.

સાભાર : https://mypoemswithsam.wordpress.com/2012/06/11/એક-બચપન-કા-જમાના-થા/

## વાદળનો રંગ

પટેલ સ્નેહલ. એ.
સેમેસ્ટર-II

આજના વાદળનો રંગ,
જાણે મહેંકી રહ્યો ઉમંગ...
શીતળ ચાંદનીનો સંગ,
ત્યારે બને છે પ્રસંગ.
છે આજ દરિયાની લહેર,
તેનાથી રચાય છે તરંગ.
રહી તારી યાદો હંમેશા,
એક મેક ના હૃદય સંગ.
આ રંગીન દુનિયામાં,
લાગશે સૌને પ્રેમ રંગ.
પણ જોજો યારો!
આ છે દુનિયા મતલબની.
મતલબની દુનિયાનો રંગ,
મનુષ્યને રાખશે બેરંગ.
છે આજના વાદળનો રંગ...

## માત-પિતા

પટેલ પૂર્ણિમાબેન આર.
સેમેસ્ટર-II

મમતાના માર્ગની કેટલી ઊંચી છે માત્રા !

મા તરફ એક ડગલું ભરું એ પણ માત્રા !

છે હિમાલયથી ઊંચા જેના ઇરાદા,

મુશ્કેલીઓ જેને સલામ કરે છે,

પલટે છે જે નાકામયાબીને કામયાબીમાં

દુનિયા એ નાચીજ ને મા કહી છે.

Mother માંથી M કાઢી નાખો, તો

આખી દુનિયા આપણા માટે Other

કોઇ પણ મા પાસે બે હાથ હોય છે-એક

વરદ હસ્ત અને બીજો અભય હસ્ત.

માનવતાનો પહેલો પાઠ માતાનુ ચુંબન છે.

માતાનો વિયોગ થાય ત્યારે માણસને પોતાની ઉંમર વધી ગયાનું ભાન થાય છે.

સ્તનપાન કરાવે ત્યાં સુધી માને સાચવે તે પશુ છે પત્નિ આવે ત્યાં સુધી સાચવે છે અધમ છે

મા ઘરના કામ કરી શકે ત્યાં સુધી સાચવે તે મધ્યમ છે પણ

આજીવન તિર્થની જેમ જે માને સાચવે તે ઉત્તમ છે.

જે સંતાપે મા-બાપ તે બાંધે મોટું પાપ.

મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવા જતાં યુવાન !

જરાક વિચારજે. તને અનાથાશ્રમમાં નથી મૂક્યો એ ભૂલની સજા તો નથી કરતો ને !

મંગલસૂત્ર વેચીને પણ તને મોટો કરનાર મા-બાપને ઘરની બહાર કાઢનાર હે યુવાન !

તું તારા જીવનમાં અમંગલસૂત્ર શરૂ કરે છે!

જેવી લીમડાંની છાયા એવી માતા પિતાની માયા.

મમતાને કાયા મળતા જે મીઠી માયા રચાય તે છે મા-બાપ

પરમપિતાને વિસરી જનાર ક્ષમા પાત્ર છે પ્રત્યક્ષ માતાપિતાને વિસરી જનાર દયાપાત્ર છે.

પીઠ પર હાથ ફેરવી ને તને જેણે સુવડાવ્યો એ મા-બાપથી પીઠ ફેરવી લેવાનું પાપ ક્યારેય ન કરતા.

મા-બાપના આશીર્વાદ માંગવાથી નથી મળતા તેમની હૃદયપૂર્વક સેવા કરવાથી આપ મેળે જ મળે છે.

## મઝા જિંદગી છે હસો ને હસાવો...

સંકલન : પટેલ શ્વેતા એન.
સેમેસ્ટર-II

મજા જિંદગી છે હસો ને હસાવો,
પ્રણયગાનના સૂર ઉરથી વહાવો.
વહી જાય તો કાળ પાછો ન આવે,
લઈ લો ને જીવન તણો સર્વ લ્હાવો.
અનીતિ ને નીતિ છે જૂઠું બધુંયે,
બધાં બંધનો એહ દૂરે ફગાવો.
જુઓ આસપાસે ચમનમાંહીં ફૂલો,
ખીલ્યાં એવી ખૂશબોને અંતર જગાવો.

ભરી છે મજા કેવી કુદરત મહીં જો,
જિગર-બીન એવું તમેયે બજાવો.
ભૂલી જાઓ દુ:ખો ને દર્દો બધાંયે,
અને પ્રેમ-મસ્તીને અંતર જગાવો.
ડરો ના, ઓ દોસ્તો! જરા મોતથીયે,
અરે મોતને પણ હસીને હસાવો.


સાભાર : ભાનુશંકર વ્યાસ 'બાદરાયણ' https://www.facebook.com/gazalsk3k/posts/285663214882523

# યુવાન અને યુવાની

સંકલન : પટેલ ઉર્વી બી.
સેમેસ્ટર-II

હું અને મારું કરીને મેં જિંદગીમાં મેળવ્યું છે શું,
ભગવાન ને કહેવા લાયક મેં કામ કર્યું છે શું.
નથી પડતી ખબર નાતો મને છે સમજ,
ભગવાન ને ગમતા થવું એ નથી કોઈ રમત.
નથી એ લોકો મૂરખા જે સમય આપે છે બીજા માં,
પ્રભુ સેવાની શરૂઆત તો થાય છે જન સેવામાં.
જરૂરિયાતથી વધારે ન રાખવું એ સંસ્કાર છે આપડા રક્ત માં,
પણ બીજાનું પણ પોતીકું કરવાની ફેશન છે કરન્ટમાં નથી
માન કોઈ રિશી ના જ્ઞાન કે ક્રાંતિકારીની કુરબાની પર,
ફસાઈ ગયા છે લોકો બોલીવૂડ-ક્રિકેટ ના પીંજરાની બારી પર.
નથી કર્યો કોઈ લાભ યુવાની બગાડી છે દેશની ફક્ત,
એવા લોકો ને સરકાર આપી રહી છે ભારત રત્ન.
જાણી જોઈને સરકારે ઉભા કર્યા છે એવા મોડેલ,
આપણા આદર્શો ને બનાવીને ભગવાન કાં તો પછી વહેમ.
નહિ કરે યુવાન કોઈ પ્રયત્ન થવાનો ભગવાન,
નહિ માને યુવાન એ વાત જાણીને અંધશ્રદ્ધાનો ભાગ.
યુવાનીને ખતમ કરવાની આ છે એક કુટનીતિ,
જાગી જાઓ જલ્દી નહીતર યુવાની થશે બહુ સસ્તી.
નથી આ તેમના માટે જેને રસ છે માત્ર પોતાના
વિકાસમાં,
પણ છે આ તેમને માટે જે માને છે સ્વવિકાસ દેશના
વિકાસમાં.
નથી કેહતો હું કે આખો દિવસ તમે ઘરની બહાર ફરો,
પણ ત્રેવીસ કલાક ઘર પાછળ તો એક તો દેશને નામ કરો.

સાભાર:વિરલ ત્રિવેદી
https://viraltrivedikavita.wordpress.com/2014/12/02/



ચિત્ર : પટેલ શેફાલી બી. સેમેસ્ટર-II




સુરત શહેરમાં આયોજિત "પિંક રન-૨૦૧૭" માં સુરત શહેરની આશરે ૬૦૦૦ થી ૭૦૦૦ મહિલાઓએ ભાગ લીધેલ. આ મેરેથોનમાં એમ.એડ્ પ્રશિક્ષણાર્થી ભૂમિકા એમ. પટેલે ૫ કિલોમીટરની દોડ સફળતા પૂર્વક પૂર્ણ કરેલ.

# ચિત્ર

પટેલ શેફાલી બી.
સેમેસ્ટર-II



# શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ

વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન



ગુરુ પૂર્ણિમાની ઉજવણી



મૂલ્યશિક્ષણ-હકારાત્મક વિચાર વર્કશોપ



સ્વચ્છતા અભિયાન



નવરાત્રી



નવરાત્રી




# શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ

આનંદધામની મુલાકાત



શૈક્ષણિક પ્રવાસ



બી.એડ્. કોલેજની મુલાકાત



ગીત-ગઝલ સંગીત કાર્યક્રમ



વિશ્વ હાસ્ય દિનની ઉજવણી




દેશભક્તિ ગીત કાર્યક્રમ



વિશ્વ વિજ્ઞાન દિવસની ઉજવણી



પીએચ.ડી. સંશોધન



રમતોત્સવ



રમતોત્સવ



રમતોત્સવ



# શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ


વાર્ષિક દિનની ઉજવણી


વાર્ષિક દિનની ઉજવણી



વાર્ષિક દિનની ઉજવણી


વાર્ષિક દિનની ઉજવણી


તજજ્ઞ વ્યાખ્યાન


તજજ્ઞ વ્યાખ્યાન

# શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ

રિસર્ચ પેપર સેમિનાર



રિસર્ચ પેપર સેમિનાર



બી.એડ્. કોલેજમાં ઈન્ટર્નશીપ



બી.એડ્. કોલેજમાં ઈન્ટર્નશીપ



કમ્યુનિટી સર્વિસ



કમ્યુનિકેશન સ્કિલ



# શિક્ષણ વિભાગનો પરિવાર

## શૈક્ષણિક વર્ષ-2017-18

સેમેસ્ટર-II



સેમેસ્ટર-IV



# શિક્ષણ વિભાગનું ગૌરવ (૨૦૧૭-૧૮)



Ph. D. Awarded
Dr. Sarika Chauhan



GSET Qualified
Patel Khushbu D.
Semester-IV



M.Phil. Completed
Kalpnaben Patel
Semester-IV





GSET Qualified
Nimbark Sima J.
(Alumnus 2015-17)



GSET Qualified
Mendapara Kinjal M.
(Alumnus 2015-17)

## પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર

| ક્રમ | માર્ગદર્શકશ્રી | વિદ્યાર્થીનુંનામ | વર્ષ |
|---|---|---|---|
| 1 | ડૉ. આર. બી. પટેલ | 1. પટેલ ધર્મેશ એસ. | 2017-18 |
| | | 2. પટેલ અમર બી. | 2017-18 |



# વિભાગીય સહઅભ્યાસક પ્રવૃત્તિઓની જવાબદારીની વહેંચણી

## શૈક્ષણિક વર્ષ- 2017-18

માર્ગદર્શક : ડૉ. રાજેન્દ્ર બી. પટેલ

પ્રશિક્ષણાર્થી વ્યવસ્થાપન : ટંડેલ પિયુષ એમ.

**બૌદ્ધિક પ્રવૃત્તિ**

અધ્યાપક : ડૉ. પ્રીતિ ચૌધરી

પ્રશિક્ષણાર્થીઓ : 1. પટેલ માર્ગી રમણભાઈ
2. પટેલ ખુશ્બુ દિનેશભાઈ
3. પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ

**સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃતિ**

અધ્યાપક : ડૉ. કીર્તિ માટલીવાલા

પ્રશિક્ષણાર્થીઓ : 1. શાહ પીના ઉત્તમભાઈ
2. પટેલ માર્ગી રમણભાઈ
3. પટેલ ખુશ્બુ દિનેશભાઈ

**શૈક્ષણિક પ્રવાસ**

અધ્યાપક : ડૉ. ભાવેશ મોદી

પ્રશિક્ષણાર્થીઓ : 1. પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ
2. શાહ પીના ઉત્તમભાઈ
3. વળવી અમૃત વસંતભાઈ

**વિદ્યાર્થી કલ્યાણ**

અધ્યાપક : ડૉ. સારીકા ચૌહાણ

પ્રશિક્ષણાર્થીઓ : 1. પટેલ ખુશ્બુ દિનેશભાઈ
2. વ્યાસ ખ્યાતિ દિનેશભાઈ
3. શાહ પીના ઉત્તભાઈ

**મેગેઝીન**

અધ્યાપક : ડૉ. અમિત માલી

પ્રશિક્ષણાર્થીઓ : 1. વળવી અમૃત વસંતભાઈ
2. વ્યાસ ખ્યાતિ દિનેશભાઈ
3. પટેલ કલ્પેશ ઠાકોરભાઈ

**રમત-ગમત**

અધ્યાપક : ડૉ. અમિત માલી

પ્રશિક્ષણાર્થીઓ : 1. પટેલ કલ્પેશ ઠાકોરભાઈ
2. પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ
3. વળવી અમૃત વસંતભાઈ

**આયોજન**

અધ્યાપક : ડૉ. કીર્તિ માટલીવાલા

પ્રશિક્ષણાર્થીઓ : 1. વ્યાસ ખ્યાતિ દિનેશભાઈ
2. પટેલ કલ્પેશ ઠાકોરભાઈ
3. પટેલ માર્ગી રમણભાઈ

# શૈક્ષણિક વર્ષ 2017-18માં થયેલી પ્રમુખ પ્રવૃત્તિઓ

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિ |
|---|---|---|
| ૧ | ૨૧/૦૬/૨૦૧૭ | વિશ્વ યોગ દિવસની ઉજવણી |
| ૨ | ૦૮/૦૭/૨૦૧૭ | ગુરુ પૂર્ણિમા દિવસની ઉજવણી |
| ૩ | ૨૯/૦૭/૨૦૧૭ | "વૈષ્ણવજન તો તેને રે કહીએ અને મનુષ્ય તું બડામહાન હૈ" વિષય પર વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા |
| ૪ | ૩૧/૦૭/૨૦૧૭થી ૨૬/૦૮/૨૦૧૭ | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ઇન્ટર્નશીપ (સેમેસ્ટર-3) |
| 5 | ૧૫/૦૮/૨૦૧૭ | સ્વતંત્રતા દિવસની ઉજવણી |
| ૬ | ૨૮/૦૮/૨૦૧૭ | "મૂલ્યશિક્ષણ અને હકારાત્મક વિચાર" વિષય પર સેમિનાર |
| ૭ | ૩૧/૦૮/૨૦૧૭ | યુનિવર્સિટી લાઈબ્રેરી અને રિસર્ચ સેન્ટરની મુલાકાત |
| ૮ | ૦૫/૦૯/૨૦૧૭ | શિક્ષક દિનની ઉજવણી |
| ૯ | ૦૭/૦૯/૨૦૧૭ | "સાંવેગિક સ્વાસ્થ્ય" વિષય પર કાર્ય શિબિર |
| ૧૦ | ૨૬/૦૯/૨૦૧૭ | નવરાત્રીની ઉજવણી |
| ૧૧ | ૨૯/૦૯/૨૦૧૭ | સ્વચ્છતા અભિયાન |
| ૧૨ | ૨૩/૧૨/૨૦૧૭ | શૈક્ષણિક પ્રવાસ |
| ૧૩ | ૨૮/૧૨/૨૦૧૭ | આનંદધામની મુલાકાત (સેમેસ્ટર-૪ના તાલીમાર્થીઓ) |
| ૧૪ | 30/૧૨/૨૦૧૭ | ગીત-ગઝલ સંગીતની ઉજવણી |
| ૧૫ | ૦૧/૦૧/૨૦૧૮થી ૨૮/૦૧/૨૦૧૮ | બી.એડ્. કોલેજમાં ઇન્ટર્નશીપ (સેમેસ્ટર-૪) |
| ૧૬ | ૧૦/૦૧/૨૦૧૮ | વિશ્વ હાસ્ય દિવસની ઉજવણી |
| ૧૭ | ૧૭/૦૧/૨૦૧૮ | મહાભારત, રામાયણ, ઋગ્વેદ પરના સંશોધનની રજૂઆત અને પરિસંવાદ |
| ૧૮ | ૧૯/૦૧/૨૦૧૮ | "ક્રાંતિવીર બિરાસામુંડાનું વ્યક્તિત્ત્વ" વિષય પર સેમિનાર |
| ૧૯ | ૨૪/૦૧/૨૦૧૮ | પુસ્તક મેળાની મુલાકાત |
| ૨૦ | ૨૫/૦૧/૨૦૧૮ | દેશભક્તિ ગીત સ્પર્ધા |
| ૨૧ | ૨૬/૦૧/૨૦૧૮ | પ્રજાસત્તાકદિનની ઉજવણી |
| ૨૨ | ૦૯/૦૨/૨૦૧૮ | "શિક્ષક કભી સાધારણ નહિ હોતા" વિષય પર વ્યાખ્યાન |
| ૨૩ | ૨૭/૦૨/૨૦૧૮ | આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી |
| ૨૪ | ૨૮/૦૨/૨૦૧૮ | રમતોત્સવ |
| ૨૫ | ૧૬/૦૩/૨૦૧૮ | વાર્ષિક દિનની ઉજવણી |

# શિક્ષણ માટે ઉપયોગી ડિજિટલ સ્ત્રોતોનાં QR Code

| | | | | |
|---|---|---|---|---|
| vnsgu.ac.in | vnsgulibrary | Vnsgu song | nuepa.org | RMSA India |
| SSA Gujarat | swayam.gov.in | ugc.ac.in | ted.com | ugcnetonline.in |
| GSEB | GSEB– Textbook | Creative commons | Virtual Lab | OER |
| pgondaliya.com | scholar.google | Shodhgnga | IIM Innovative Teachers | IIT spoken |

# શિક્ષણ માટે ઉપયોગી ડિજિટલ સ્ત્રોતોનાં QR Code

| | | | | |
|---|---|---|---|---|
| kcg.gujarat.gov | journals.sagepub | E-Sodhsindhu | Google Books | Coursera |
| Gyanyagya | data.gov.in | digilocker.gov | Digital Gujarat | digitalindia.gov |
| edx.org | egyan.org | egyankosh.ac.in | Unesco teachers | E-Pg. Pathshala |
| eric.ed.gov | GCERT | ndl.iitkgp.ac.in | Gita Supersite (IIT Kanput | University Granthnirman Board |

# શિક્ષણ માટે ઉપયોગી ડિજિટલ સ્ત્રોતોનાં QR Code

| | | | | |
|---|---|---|---|---|
| khanacademy | nroer.gov.in | ncte-india.org | nlist.inflibnet | nmeict.ac.in |
| vigyan-vishwa | Umang | apastyle.org | Bhagvadgomandal | Britannica.com |
| nctewrc.co.in | ciet.nic.in | Kya Kaise -Youtube | Youtube-Edu. | baldevpari |
| aishe.nic.in | teachertube.com | Vishal Vigyan | vidyalakshmi | wikipedia |

## M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 1 |  | Bhagat Mayuri Bharatbhai<br>At & Po. Vesma, Machhiwad, House No.1039,<br>Bh.Prathana Mandir, Ta-Jalalpore,<br>Dist-Navsari,Pin-396475 | 8155815505 | M.Com : 71%<br>M.Ed Sem-II : 77.5% | Accountancy |
| 2 |  | Bhandari Nikiben Bipinchandra<br>At Post-Bordi,Gholvad,<br>Ta.-Dahanu, Dist-Thane | 9638758646 | M.A. (Guj)<br>CGPA: 6.59,<br>M.Ed Sem-II : 90.0% | Gujarati |
| 3 |  | Captan Vishvamohinibahen Mohanlal<br>Mu.Po-Kakwadi,Jolly Street,<br>via-Dungri,<br>Ta-Dist-Valsad Pin-396385 | 9723513508 | M.A. (Psy)<br>CGPA: 7.64,<br>M.Ed Sem-II : 90.0% | Social Science |
| 4 |  | Chaudhari Dharmeshbhai Ramubhai<br>At-Pipalpada,<br>Po-Golkund, Ta-Ahwa,<br>Dist-Dang Pin-394710 | 8128596775 | M.A. (Hindi)<br>CGPA: 6.32,<br>M.Ed Sem-II : 67.5% | Hindi |
| 5 |  | Chaudhari Samitaben ketubhai<br>A-202 Shri Nidhi Apartment,<br>Nr. Soham Circle, Althan Road, Surat | 8758993557 | B.A : 50 %<br>M.Ed Sem-II : 67.5% | Sanskrit |
| 6 |  | Deshmukh Harshada Ravindrabhai<br>B-3/86, Piplod Police Line,<br>Piplod, Surat. | 9099987692 | B. Com : 54.3 %<br>M.Ed Sem-II : 80.0% | Accountancy |
| 7 |  | Gamit Anitaben Balvantbhai<br>At-Po-Ghoda, Patel Faliyu,<br>Ta-Songadh, Dist-Tapi | 9712410806 | M.A. (History)<br>CGPA: 3.71/6.00,<br>M.Ed Sem-II : 65.0% | Social Science |
| 8 |  | Gamit Pritiben Rupsingbhai<br>At-Chacharbunda ,<br>Post Mirkot,Ta-Songadh,Dist-Tapi | 8141385027 | M.A. (Hindi)<br>CGPA: 5.73,<br>M.Ed Sem-II : 60.0% | Hindi |
| 9 |  | Maurya Meena Ramshiromani<br>A/6004,Arihant Complex,<br>Hari Nagar 1,Udhana,Surat City,Surat. | 9428819333 | M.Com.<br>CGPA: 67.3%,<br>M.Ed Sem-II 87.5% | Accountancy |
| 10 |  | Padvi Anuradhaben Anandbhai<br>At-Dabriamba, Po-Itwai,<br>Ta.Kukarmunda, Dist.Tapi. | 7285050037 | M.A. (Guj)<br>CGPA: 6.27,<br>M.Ed Sem-II : 75.0% | Gujarati |
| 11 |  | Patel Bhoomikaben Maheshbhai<br>D/22, Raj-Laxmi Society, Near SBI Bank,<br>Adajan,L.P.Savani Road,<br>Surat | 9586357900 | M.A.,<br>M.Ed Sem-II : 77.5% | Gujarati |

*શિક્ષણ વિભાગના વહીવટી કાર્યાલય દ્વારા પ્રાપ્ત માહિતી.

## M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 12 |  | Patel Dharmendrakumar Prabhatbhai<br>At Post-Avadar,<br>Ta-Ankleshwar,<br>Dist-Bharuch | 7874345643 | M.A. (Psy)<br>CGPA: 3.93/6.0,<br>M.Ed Sem-II : 80.0% | Social Science |
| 13 |  | Patel Dipnaben Dolatrai<br>1144,Yamuna Nagar Society,<br>Bh.ITI College,<br>Bilimora, Navsari. | 9512694443 | B. Sc. : 69.76 %<br>M.Ed Sem-II : 82.5% | Science & Technology |
| 14 |  | Patel Hetalben Rameshbhai<br>262,Amizara Residency,<br>Bamroli Road, Choryasi,<br>Surat-394210 | 9099513343 | M.A. (Eng)<br>M.Ed Sem-II : 90% | English |
| 15 |  | Patel Kalpeshbhai Thakorbhai<br>At-Po-Library Faliyu,<br>Machhad,<br>Jalalpor,Navsari | 9409418614<br>02637<br>223090 | M.A. (Hindi)<br>M.Ed Sem-II : 57.5% | Hindi |
| 16 |  | Patel Miteshkumar Himmatbhai<br>Gandevi,Sugar Factory Char Rasta,<br>Bh.Jalaram Mandir,<br>Ta-Gandevi,Dist-Navsari | 9998655354 | M.A. (Guj)<br>CGPA: 7.14,<br>M.Ed Sem-II : 85.0% | Gujarati |
| 17 |  | Patel Nikitaben Parbhubhai<br>Mandir Street,<br>Village-Junagam,<br>Post-Suvali,Surat. | 9879294758<br>9727753758 | M.A. (Eng)<br>CGPA: 3.09/6.00,<br>M.Ed Sem-II : 80.0% | English |
| 18 |  | Patel Parulkumari Hasmukhbhai<br>B-102,Arihant Residency,<br>Near Hari om Petrol Pump,L.P.Savani<br>Road,Adajan,Surat. | 9081221181 | M.A. (Eng)<br>M.Ed Sem-II : 67.5% | English |
| 19 |  | Patel Purnimabahen Rajeshbhai<br>Vadiyakachh Faliyu,<br>Sondhal Wada,<br>Pardi, Valsad | 9726324647 | M.A. (Eco)<br>CGPA: 6.91,<br>M.Ed Sem-II : 75.0% | Economics |
| 20 |  | Patel Shefali Bhagubhai<br>At-Po-Khergam Maninagar Society,<br>Ta-Khergam, Dist-Navsari<br>Pin-396040 | 9408448349 | M.Sc. (Guj)<br>CGPA: 6.58,<br>M.Ed Sem-II : 80.0% | Science & Technology |
| 21 |  | Patel Shweta Naineshbhai<br>402,Primeview Residency,<br>B/h.Rajhans Cinema,<br>Piplod, Surat. | 9558992079 | M.A. (History)<br>CGPA: 7.27,<br>M.Ed Sem-II : 87.5% | Social Science |
| 22 |  | Patel Snehalbahen Ashwinbhai<br>Bhairav Coloni,<br>Kamrej Gam Road, Kamrej, Surat. | 9712541201 | M.A. (Eco)<br>CGPA: 6.09,<br>M.Ed Sem-II : 70% | Economics |
| 23 |  | Patel Urviben Bharatbhai<br>746,Moti Faliyu,Ichhapore,<br>Bus Stop No.2, Hazira Road,<br>Surat-394510 | 9824817462 | M.A.<br>CGPA: 6.41,<br>M.Ed Sem-II : 82.5% | Gujarati |

## M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 24 |  | Patel Zinalkumari Ishvarbhai<br>At-Po-Ichhapore, Moti Fari,<br>Bus Stop No.2, Hazira Road, Surat. | 9687332831 | M.Com.<br>CGPA: 5.92/10.0,<br>M.Ed Sem-II : 80% | Accountancy |
| 25 |  | Rai Ruchi Akhilesh<br>Room No.-201,Balaji Appartmnet,<br>Ramnagar,Chhiri,Vapi | 9725896200 | B. A. : 63.26 %<br>M.Ed Sem-II : 85.0% | Hindi |
| 26 |  | Rathod Hemantbhai Nanubhai<br>At-Po-Puni<br>Ta-Palsana,<br>Dist-Surat | 9737328380 | M.A.<br>CGPA: 6.77,<br>M.Ed Sem-II : 80% | Hindi |
| 27 |  | Shah Pinaben Uttambhai<br>A-4,Sidhi Vinayak Society,<br>Hazira Road, Mora, Surat. | 9904712348 | M. A. : 54 %<br>M.Ed Sem-II : 85.0% | Gujarati |
| 28 |  | Shukla Rekhabahen Ramchandra<br>509-Mahadev Nagar,Patrakar<br>Colony,Pandesara,Surat | 9586906495 | M. Com. : 55 %<br>M.Ed Sem-II : 82.5% | Account ancy |
| 29 |  | Singh Divya Pramodsingh<br>24-Ganpat nagar,<br>Police Colony,<br>Pandesara, Surat. | 7405302562 | M. Com. : 59.09 %<br>M.Ed Sem-II : 82.5% | Accountancy |
| 30 |  | Surti Amitkumar Bharatbhai<br>At-Po-Puni<br>Ta-Palsana,<br>Dist-Surat Pin-394352 | 9737376742 | M. Com. : 67.05 %<br>M.Ed Sem-II : 85.0% | Economics |
| 31 |  | Tandel Piyushkumar Manilal<br>At-Po-Borsi Machhiwad Diva Dandi<br>Ta-Jalalpore, Dist-Navsari | 9925085654 | M.A. (History)<br>CGPA: 6.77,<br>M.Ed Sem-II : 75.0% | Social Science |
| 32 |  | Tandel Urvashiben Kalidas<br>At Post-Borsi machhiwad,<br>Ta-JalalPor, Dist-Navsari. | 9727787219 | B. A. : 68 %<br>M. Ed. Sem-II: 80.0% | Hindi |
| 33 |  | Thakor Krishnakumari Narendrasinh<br>At-Po-Marla,<br>Ta-Dist-Valsad | 8141102329 | M.A. (Guj)<br>CGPA: 4.42/6.00,<br>M.Ed Sem-II : 95.0% | Gujarati |
| 34 |  | Valvi Manishaben Umeshbhai<br>At-Po-Bhiljamboli,<br>Ta-Nizar, Dist-Tapi | 8758348437 | M.A. (Guj)<br>CGPA: 5.77,<br>M.Ed Sem-II : 75.0% | Gujarati |
| 35 |  | Vasava Nilamben Raysingbhai<br>At-Po-Nasarpur,Umar Faliya<br>Ta-Umarpada,<br>Dist-surat Pin-394445 | 7567784464 | M.A. (Eco)<br>CGPA: 7.27,<br>M.Ed Sem-II : 75.5% | Economics |

# M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 1 |  | Chaudhari Divyeshkumar Revajibhai C/119,Ganesh Park Society, Near Gopal Nagar, Kosmadi, Ankleshwar | 9913051289 | M.A. : 57 % M.Ed.: 75.9 % | Gujarati |
| 2 |  | Chauhan Damayantiben Balavantsinh Vandarvela , Rajputvad Faliya, Ta-Vansda, Dist-Navsari-396540 | 8140082347 | M.A. : 63.33 % M.Ed. : 76.8% | Hindi |
| 3 |  | Dhakan Artikumari Pradipbhai 16,Someshwer Soc., Near Guru Nagar, Varachha Road, Surat-395006 | 9426479505 | M.Phil. : 70 % M.Ed. : 88.6% | Economics |
| 4 |  | Gamit Ripkaben Kanabhai At -Bedi, Ta-Songadh, Dist - Tapi | 7874391305 | M.A. : 57.5 % M.Ed. : 73.5% | Economics |
| 5 |  | Kadiwala Munisa Aiyub 301,3rd Floor,Kasba Apartment, Adajan Dargha Campus, Adajan-Surat-395005 | 7600501145 | M.A. : 59.50 % M.Ed. : 64.0% | Gujarati |
| 6 |  | Khalifa Salehabanu Allarakhubhai At-Po-Kolak, Choutabazar, Ta-Pardi,Dist-Valsad | 9173810797 | M.A. : 45 % M.Ed. : 79.8% | Gujarati |
| 7 |  | Maher Deepashri Mukeshbhai At.Post. Nargol,Mangalwad, Ta-Umbargoan, Dist-Valsad. | 9925346686 | M.A. : 70.9 % B.ED. : 85.7 % | Hindi |
| 8 |  | Maisuriya Divyangini Maheshbhai Kamrej Gam,Luhar Faliya, Ta-Kamrej, Dist. Surat-394180 | 9737572044 | M.A. : 57.7 % M.Ed. :75.1% | Gujarati |
| 9 |  | Parmar Payalkumari Dineshbhai Kamrej Gam,Sai Nagar, Ta-Kamrej, Dist-Surat-394180 | 9879816686 | M.A. : 59.1 % M.Ed. : 74.4% | Gujarati |
| 10 |  | Patel Dimpal Harkishandas Behind The D.T.C.College, Sai Nagar,Amalsad,Ta-Gandevi, Dist-Navsari-396310 | 9974663098 | M.A. : 46 % M.Ed. :73.1% | English |
| 11 |  | Patel Jignasabahen Khushalbhai Bhula Faliya,Valsadi Faliya, Po-Khadsupa Boarding, Navsari | 9904677995 | M.A. : 52.7 % M.Ed. : 63.0% | Hindi |

## M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 12 |  | Patel Kalpanaben Ranchhodbhai<br>Juna Punagam,Nishal Faliya,<br>Ta-Ankleshwar,Dist-Bharuch | 8128985396 | M.Phil. :<br>63.30%<br>M.Ed. : 82.8% | Gujarati |
| 13 |  | Patel Karishmakumari Aravindbhai<br>Kantasvel,Parsi Faliya,<br>Ta-Vansda,Dist-Navsari | 8758345201 | M.A. : 72.7 %<br>M.Ed. : 71.6 | Gujarati |
| 14 |  | Patel Khushbu Dineshbhai<br>At & Post-Dambher,Via-Vedchha,<br>Ta-Jalalpore,Dist-Navsari-396472 | 9687883006 | M.A. : 72.7 %<br>M.Ed. : 86.8% | Social Science |
| 15 |  | Patel Margee Ramanbhai<br>01/Janakvatika Society,<br>Near Hpcl Complex,<br>Amboli Road,Ankleshwar | 9723601907 | M.A. : 61.8 %<br>M.Ed. : 85.8% | English |
| 16 |  | Patel Pallaviben Atulbhai<br>At-Po-Zaroli,Patthar Faliya,<br>Ta -Umargam,Dist-Valsad-396105 | 9824834843 | M.A. : 75.5 %<br>M.Ed. : 77.1% | Hindi |
| 17 |  | Patel Priyanka Bhadreshbhai<br>20,Joganinagar V-2,<br>S.M.C. Swimming Pool,<br>Ananad Mahal Road,Surat | 9825231156 | M.Com.:52.38%<br>M.Ed. : 78.3% | Account |
| 18 |  | Patel Ravinakumari Fuljibhai<br>At-Eklara,Vagod Faliya,<br>Ta-Umbargan,Dist-Valsad | 9586513111 | M.A. : 70 %<br>M.Ed.: 74.6% | Hindi |
| 19 |  | Rathod Shitalben Mohansinh<br>At & Po-Kunvarda,<br>Ta-Mangrol, Dist-Surat | 9925778833 | B.Sc. : 60.30 %<br>M.Ed. : 78.6% | Sci & Tech |
| 20 |  | Shaikh Tazinnabanu Mohammedsafi<br>18 Vraj Vihar Apt.,Chikuvadi,<br>Ankleshwar,Bharuch | 9904349566 | M.A. : 65 %<br>M.Ed.: 82.6% | Gujarati |
| 21 |  | Sontakke Priyankaben Yashavantbhai<br>10,Arvind Nagar Society,<br>Thithal Road,Valsad | 9998045919 | M.Com.:69.66%<br>M.Ed.: 81.8% | Account |
| 22 |  | Subina B.S<br>164,Nandanvan-A,<br>Navagam Dindoli Road,<br>Udhna,Surat | 9429588767 | M.A. : 55.6 %<br>M.Ed. : 72.8% | English |
| 23 |  | Surve Rajniben Ganeshbhai<br>Sawar Police Line, Block-C-1,<br>Room No.-6, Luncikui Road,<br>Navsari | 9979496312 | M.A. : 62.7 %<br>M.Ed. : 77.9% | Economics |

## M. Ed. (Grandted) Student's List (2017-18)*

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Graduate & Percentage | B.Ed.Method |
|---|---|---|---|---|---|
| 24 |  | Tailor Mayur Rakeshkumar<br>At-Nava Borbhatha,<br>Ta-Ankleshwar, Dist-Bharuch | 9904264791 | M.A. : 62.66 %<br>M.Ed.: 85.6% | Gujarati |
| 25 |  | Valvi Amrutbhai Vasantbhai<br>At-Navi Kachali,Po-Kuida,<br>Ta-Uchchhal, Dist-Tapi-394375 | 9724671437 | M.A. : 66.66 %<br>M.Ed. : 83.0% | Gujarati |
| 26 |  | Vyas Khyatiben Dineshkumar<br>2,Pritam Society-1,<br>Beside Shree Chandra Mouleshwar<br>Mahadev Temple,Kasak Road,<br>Bharuch | 9429285235 | M.A. : 58.6 %<br>M.Ed.: 75.5% | Gujarati |

# DEPARTMENT OF EDUCATION

## Vision

To be a center of excellence in teacher education, nurturing education fraternity sensitive to its regional needs and equipped for the global progression.

## Mission

"Out of conviction that education is the mean by which human circumstances can be improved. Department of Education prepares professionals who have the commitment and competences needed to help people acquire knowledge, skills, values and understandings to enable them to participate in and contribute to a complex changing society. To achieve this mission, the department is committed to excellence in teaching, research, extension and community services."




# શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત

શૈક્ષણિક વર્ષ : 2017-18